આપનું અખબાર : આપનો અવાજ

# દમણગંગા ટાઈમ્સ

વલસાડ, નવસારી, ડાંગ જિલ્લા તથા સંઘપ્રદેશ દમણ, દા.ન.હ.નું વાપીથી પ્રસિધ્ધ થતું સૌ પ્રથમ સંપૂર્ણ સ્થાનિક દૈનિક

❖ RNI No. 72378/99 Email : damangangatimes@yahoo.co.in

❖ વર્ષ : ૨૯ ❖ અંક : ૦૮૮ ❖ તંત્રી : શ્રીમતી મંજુલાબેન ઉકાણી ❖ નિવાસી તંત્રીઃ વિકાસ ઉપાધ્યાય. ❖ વાપી કાર્યાલય : નેશનલ હાઈવે નં.૮, પો.બો. નં. ૩૨, વાપી - ૩૯૬ ૧૯૧. ❖ ટેલિ ફોન : ૯૮૨૫૧ ૨૨૫૦૫

## દાંતી નજીક મધદરિયે ૯ માછીમારોને કોસ્ટગાર્ડે ઉગાર્યા

# ‘અમે બચવાની આશા છોડી દીધી હતી’ ‘કોસ્ટગાર્ડે અમને જીવતદાન આપ્યું’







### ક્રિષ્ણાપુરથી ઓખા જવા નિકળેલી જયમાલા નામની બોટમાં દાંતી નજીક દરિયામાં પાણી ભરાવા લાગતાં ૯ માછીમારોના જીવ જોખમમાં મુકાયા ત્યારે દમણ કોસ્ટગાર્ડે જીવતદાન આપ્યું

(દમણગંગાટાઈમ્સ પ્રતીનીધ)

વલસાડ, તા. ૧૮ : સંઘપ્રદેશ દમણ કોસ્ટગાર્ડ દ્વારા વલસાડના દાંતી નજીક મધદરિયે સંકટમાં મુકાયેલા નવસારીની એક બોટના ૯ માછીમારોને સહીસલામત બચાવી લેવામાં આવ્યા છે. હેલિકોપ્ટર દ્વારા હાથ ધરાયેલા આ દિલધડક રેસ્ક્યુ ઓપરેશનને કારણે તમામ માછીમારોના જીવ બચી ગયા છે. નવસારીની ‘જય માલા’ નામની માછીમારી બોટ ૯ ખલાસીઓ સાથે ક્રિષ્નાપુરથી ઓખા બંદર જવા નીકળી હતી. આ દરમિયાન ધોલાઈ બંદરથી આશરે બે નોટિકલ માઈલ દૂર વલસાડના દાંતી નજીક પહોંચતા બોટમાં અચાનક ટેકનિકલ ખામી સર્જાઈ હતી. ખામીના કારણે બોટમાં ઝડપથી દરિયાનું પાણી ભરાવા લાગતાં બોટ ડૂબવાની સ્થિતિમાં મુકાઈ ગઈ હતી અને તમામ ૯ માછીમારોના જીવ જોખમમાં આવી ગયા હતા.

ઘટનાની જાણ થતાં જ દમણ કોસ્ટગાર્ડનું ચેતક હેલિકોપ્ટર તાત્કાલિક ઘટનાસ્થળે રવાના કરવામાં આવ્યું હતું. કોસ્ટગાર્ડની ટીમે મધદરિયે પહોંચી ભારે જહેમત બાદ તમામ માછીમારોનું સફળ રેસ્ક્યુ કર્યું હતું

કોસ્ટગાર્ડે હેલિકોપ્ટરની મદદથી પ્રથમ ૬ માછીમારોને સલામત રીતે બચાવી વલસાડના દાંતી દરિયાકિનારે ઉતારવામાં આવ્યા હતા. જ્યારે બોટ પરના ત્રણ માછીમારો ત્યાંથી જવા માટે તૈયાર ન હતા. કોસ્ટ ગાર્ડ ટીમે તેમની સલામતીના ડરથી તેમને બોટ છોડી દેવા માટે સમજાવ્યા. ત્યારબાદ, ત્રણેય માછીમારોને સુરક્ષિત રીતે બચાવી લેવામાં આવ્યા અને દમણ લાવવામાં આવ્યા હતાં. દમણ પહોંચ્યા પછી, કોસ્ટ ગાર્ડના ડૉક્ટરે ત્રણેય માછીમારોના સ્વાસ્થ્યની તપાસ કરી. તેઓ સુરક્ષિત મળી આવ્યા પછી, તેમને નવસારી મોકલવાની વ્યવસ્થા કરવામાં આવી હતી.

આ સમગ્ર કાર્યવાહી બાબતે દમણ કોસ્ટગાર્ડના ચેતક હેલિકોપ્ટરના પાયલોટ બલવિંદર સિંગે જણાવ્યું હતું કે બોટ ડૂબવાની સ્થિતિમાં હોવાની માહિતી મળતાં જ અમે તાત્કાલિક ચેતક હેલિકોપ્ટર સાથે પહોંચ્યા હતા અને પ્રતિકૂળ પરિસ્થિતિ વચ્ચે તમામ ખલાસીઓને સુરક્ષિત બહાર કાઢ્યા છે. જ્યારે ઉગારવામાં આવેલા માછીમારો પૈકીના એક દિપક ટંડેલે જણાવ્યુ હતું કે બોટમાં પાણી ભરાઈ જતાં અમે ભારે મુશ્કેલીમાં મુકાઈ ગયા હતા અને જીવ બચવાની આશા છોડી દીધી હતી, પરંતુ કોસ્ટગાર્ડે સમયસર આવીને અમારો નવો જન્મ કરાવ્યો છે.

## ‘હર ઘર તિરંગા’ અભિયાન પૂર્ણ થતાં જ વાપીમાં તિરંગાનું આવુ અપમાન ?!

# બિલખાડીમાં તિરંગા વહેતાં જોવા મળ્યા

### ૧૫ ઓગસ્ટની ઉજવણી બાદ ગરિમાની અવગણના, રસ્તા પરથી ઉઠાવી ખાડીમાં ફેંકી દેવાયા હોવાની શંકા



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૧૮ :** ૧૫ ઓગસ્ટ સ્વાતંત્ર્ય પર્વની ઉજવણી બાદ વાપીમાં રાષ્ટ્રધ્વજની ગરિમાને ઠેસ પહોંચવાનો બનાવ સામે આવ્યો છે. વાપી બિલખાડીમાં આજે અસંખ્ય તિરંગા ઝંડા પાણીમાં તરતા જોવા મળ્યા હતા. દેશભરની સાથે વાપી પંથકમાં પણ શાળા-કોલેજો, સરકારી, અર્ધ સરકારી અને ખાનગી સંસ્થાઓ દ્વારા તિરંગા યાત્રા સાથે હર્ષોલ્લાસથી સ્વાતંત્ર્ય દિવસ ઉજવવામાં આવ્યો હતો. પરંતુ ઉજવણી પૂર્ણ થયા બાદ કેટલાક લોકો દ્વારા ઉપયોગમાં લીધેલા તિરંગા - ઝંડા ગમે તેમ ફેંકી દેવાયા હોવાનું અને બાદમાં કોઈ દ્વારા રસ્તા પરથી ઉઠાવી બિલખાડીમાં નાખી દેવાયા હોવાની ચર્ચા છે. આ દ્રશ્ય જોઈને એક જાગૃત નાગરિકે માનવતા અને દેશભક્તિનું ઉદાહરણ પૂરું પાડ્યું. તેઓ તરત જ ખાડીમાં ઉતર્યા અને હાથમાં આવે તેટલા તમામ ભીના તિરંગા-ઝંડા એકત્ર કરી બહાર કાઢ્યા હતાં. આ ઘટનાએ રાષ્ટ્રધ્વજની ગરિમા જાળવવાના નિયમોનું પાલન ન થતું હોવાનો સવાલ ઉભો કર્યો છે. તંત્ર અને સંસ્થાઓ દ્વારા ઉજવણી બાદ ધ્વજના યોગ્ય નિકાલ માટે જાગૃતિ અભિયાન ચલાવવાની માંગ ઉઠી છે.

## વલસાડ જિલ્લામાં નવી ગ્રીન ટેકનોલોજી આધારિત બે રસ્તાની ફાળવણી

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૧૮ :** ગુજરાત સરકાર દ્વારા રાજ્યના વિવિધ જિલ્લાઓમાં પર્યાવરણને અનુકૂળ અને આબોહવા સામે ટકી રહે તેવા ગ્રીન ટેક્નોલોજી આધારિત રસ્તાઓના નિર્માણ માટે રૂા. ૧,૧૪૭ કરોડના ખર્ચે ૨૦ માર્ગોને મંજૂરી આપવામાં આવી છે. જેમાં વલસાડ જિલ્લાના ધરમપુરથી કપરાડા અને પારડીથી ધરમપુર સુધીના બે મુખ્ય માર્ગનો પણ સમાવેશ કરાયો છે આ માર્ગો હવે ગ્રીન ટેકનોલોજીથી બનાવવા છે.

વલસાડ જિલ્લામાં ધરમપુરથી કપરાડા તેમજ પારડીથી ધરમપુર સુધીના મુખ્ય માર્ગોનું ગ્રીન ટેક્નોલોજીના ઉપયોગથી નિર્માણ કરવામાં આવશે. ભારે વરસાદ અને બદલાતી આબોહવાની પરિસ્થિતિમાં પણ રસ્તાઓ મજબૂત અને ટકાઉ રહે તે માટે આધુનિક ટેક્નોલોજીનો ઉપયોગ કરવામાં આવનાર છે.

આ માર્ગોના નિર્માણમાં જૂના ડામર અને કોન્ક્રીટ સામગ્રીનું રિસાયક્લિંગ કરવામાં આવશે. ઉપરાંત વેસ્ટ પ્લાસ્ટિક તેમજ થર્મલ પાવર પ્લાન્ટમાંથી નીકળતી ફ્લાય એશ જેવી સામગ્રીનો પણ ઉપયોગ કરવામાં આવશે. આથી રસ્તાના નિર્માણમાં કુદરતી સંસાધનોનો ઉપયોગ ઘટશે અને કચરાના પુનઃઉપયોગને પ્રોત્સાહન મળશે. વલસાડ જિલ્લામાં ચોમાસા દરમિયાન ભારે વરસાદ પડતો હોવાથી નવા માર્ગો વરસાદ અને પાણીના કારણે ઝડપથી નુકસાન ન પામે તે માટે ગ્રીન ટેક્નોલોજી આધારિત ટકાઉ બાંધકામને મહત્વ આપવામાં આવ્યું છે. આ પ્રોજેક્ટ પૂર્ણ થયા બાદ ધરમપુર, કપરાડા અને પારડી સહિતના વિસ્તારોના વાહનવ્યવહારને વધુ સુવિધા મળવાની સાથે માર્ગોની ગુણવત્તા અને આયુષ્યમાં પણ વધારો થવાની આશા છે.

**દમણગંગા ટાઈમ્સ**
ઈ-પેપર ડાઉનલોન કરવા માટે નીચેની વેબસાઈટની મુલાકાત લો
WWW.DAMANGANGATIMES.COM

## ઉમરગામમાં પાલિકાનું ભેળસેળયુક્ત ખાદ્યપદાર્થો સામે સઘન ચેકિંગ



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ઉમરગામ, તા. ૧૮ :** ઉમરગામ નગરપાલિકા વિસ્તારમાં લોકોના આરોગ્ય સાથે ચેડાં ન થાય અને ગુણવત્તાયુક્ત ખાદ્યપદાર્થો મળી રહે તે માટે આરોગ્ય સમિતિ દ્વારા ભેળસેળયુક્ત ખાદ્યપદાર્થો સામે ચેકિંગ હાથ ધરવામાં આવ્યું હતું. આરોગ્ય મંત્રી પ્રફુલભાઈ પાંસેરિયાના માર્ગદર્શન હેઠળ રાજ્યભરમાં ચાલી રહેલી ઝુંબેશના ભાગરૂપે ઉમરગામમાં પણ કાર્યવાહી કરવામાં આવી હતી. નગરપાલિકા પ્રમુખ ખુશ્બુબેન જાદવ, આરોગ્ય સમિતિના ચેરમેન સમીરભાઈ કંસારા, ઉપપ્રમુખ યોગેશભાઈ, સમિતિના સભ્યો તેમજ સફાઈ વિભાગના કર્મચારી અનિલભાઈની આગેવાની હેઠળ વલસાડથી આવેલા ફૂડ ઈન્સ્પેક્ટર સાથે શહેરની વિવિધ હોટલો, દુકાનો તથા ખાદ્યપદાર્થોના વેચાણ સ્થળોએ તપાસ કરવામાં આવી હતી. ચેકિંગ દરમિયાન પનીર, ચીઝ, બટર, ઓઈલ સહિતના વિવિધ ખાદ્યપદાર્થોની ગુણવત્તા અને તેમાં ભેળસેળ થતી નથી ને તેની ચકાસણી કરવામાં આવી હતી. લોકોના આરોગ્યને ધ્યાનમાં રાખીને ખાદ્યપદાર્થોની ગુણવત્તા જળવાઈ રહે તે અંગે પણ જરૂરી સૂચનાઓ આપવામાં આવી હતી. આરોગ્ય સમિતિ દ્વારા આગામી સમયમાં પણ ઉમરગામ નગરપાલિકા વિસ્તારમાં દર મહિને નિયમિત ચેકિંગ હાથ ધરી ભેળસેળયુક્ત ખાદ્યપદાર્થો સામે જરૂરી કાર્યવાહી કરવામાં આવશે, તેમ જણાવાયું હતું.

## વલસાડમાં પાલિકા સામે ખુદ ભાજપાના જ સભ્યની ભૂખ હડતાલ સમેટાઈ

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૧૮ :** વલસાડ નગરપાલિકાના વોર્ડ નંબર ૪ ના સભ્ય જ્યોત્સનાબેન રાઠોડ ૫ દિવસથી નગરપાલિકા કચેરીમાં ઉપવાસ આંદોલન પર બેઠા હતા. આ મામલે ભારતીય જનતા પાર્ટીના સંગઠન અને ચૂંટાયેલા જનપ્રતિનિધિઓની સક્રિય મધ્યસ્થતા બાદ સુખદ અંત આવ્યો છે અને તેઓએ પોતાનું આંદોલન સમેટી લીધું છે, જિલ્લા ભાજપ પ્રમુખ હેમંતભાઈ કંસારા, વલસાડ-ડાંગ લોકસભા સાંસદ તેમજ લોકસભાના દંડક ધવલભાઈ પટેલ, વલસાડ જિલ્લાના પ્રભારી વિનયભાઈ શુક્લા અને વલસાડના ધારાસભ્ય ભરતભાઈ પટેલ દ્વારા જ્યોત્સનાબેન અને એમના પરિવાર સાથે વિસ્તૃત ચર્ચા-વિચારણા અને હકારાત્મક સમજાવટ કરવામાં આવી હતી. આગેવાનોની રજૂઆત અને પ્રશ્નોના નિરાકરણની ખાતરી મળતાં તેમણે ઉપવાસ પૂર્ણ કરવાનો નિર્ણય કર્યો હતો. આજરોજ જિલ્લા ભાજપ પ્રમુખ હેમંતભાઈ કંસારા તેમજ ધારાસભ્ય ભરતભાઈ પટેલે સ્થળ પર ઉપસ્થિત રહી જ્યોત્સનાબેન રાઠોડને પારણા કરાવી ઉપવાસનો અંત આણ્યો હતો.

## ડુંગરીમાં ડેટીંગ એપથી બોલાવી લૂટ અંગે વધુ એક ફરિયાદ

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી તા.** વાપીમાં Grindr એપ્લિકેશનથી વ્યક્તિઓનો સંપર્ક કરી તેઓને એકલતામાં બોલાવી મારમારી લૂંટી લેવાના બનાવમાં ડુંગરા પોલીસે પકડેલા ત્રણ ઈસમો સામે વધુ એક ફરિયાદ નોંધાઈ છે. વાપીના ડુંગરા પોલીસ મથકે થોડા દિવસો પહેલા એક ફરિયાદ નોંધાઈ હતી. જેમાં કરવડ ખાતે ભારત પેટ્રોલ પંપની થોડા આગળના અંધારા ભાગે ફરિયાદીને બોલાવી ત્રણ અજાણ્યા ઈસમોએ મારામારી કરી, ચપ્પુ બતાવી જાનથી મારી નાખવાની ધમકી આપી અને બળજબરીપૂર્વક કુલ રૂ.૧૪,૦૦૦/-ની રોકડ રકમ લૂંટીને ફરાર થઈ ગયા હતા. જે અંગે પોલીસે ગુનો નોંધી સીસી ટીવી ફૂટેજ અને સર્વેલન્સ આધારેજવાહિર રામનરેશ યાદવ, ઉ.વ.૧૯, રહે. સાઈ આસ્થા-૧, કરવડને ઝડપી પાડ્યા હતા. આવા જ એક બનાવમાં વધુ એક વ્યક્તિનો grindr એપથી સંપર્ક કરી તેને સુમસામ જગ્યાએ બોલાવી મારમારી રૂપિયા ૪ હજાર લૂંટી લીધાં હોવાની ફરિયાદ ઉપરોક્ત પકડાયેલા ઈસમો સામે ભોગ બનનાર ઈસમે નોંધાવી છે. પોલીસે એ ત્રણેય ઈસમો સામે ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરી છે.

CBSE AFFILIATED - 430373
RAJHANS EDUCATION TRUST’S
VIDYA DHAM INTERNATIONAL SCHOOL VAPI (CBSE BOARD)
unleash your true potential
VIDYA DHAM INTERNATIONAL SCHOOL · VAPI ·
LIFE LONG LEARNING
ADMISSIONS OPEN
Academic Session 2026-2027
Nursery to Std. 10
12th Year Anniversary
SPECIAL OFFERS
% Early Bird Discount
Till 31st March
FREE Textbooks
From Nursery to Std 10
Special Concession
On Admission Fees



Additional Curriculum features
1. English Conversation & Phonics for Fluency
2. Personality development & Memory Boosting techniques.
3. Innovative clubs for Std 6 to 10, Indoor Sports
4. Mental and Vedic Maths for Std 1 to 5
5. AI and Coding for Jr KG to Std 10



Admission forms available All working days
At school's office
vidyadham4@gmail.com, www.vidyadhamschoolvapi.in
9725295578/9081807258/9316054328
ENROLL NOW
School Address :- Plot no B7,B13/14 behind Rajmoti complex 1 , Chharwada Road GIDC Vapi Gujarat 396191

Atul

## આંબાના બગીચા/ અન્ય ફળના બગીચાને ઈજારા પર આપવા બાબત

નીચે દર્શાવેલ આંબાવાડી ફળના બગીચાને ઈજારા પર આપવાનુ અતુલ લિમીટેડ દ્વારા નક્કી કરવામાં આવેલ છે. રસ ધરાવનાર ઉમેદવારે પોતાનુ અરજીપત્રક નીચે દર્શાવેલ સરનામા પર **તા : ૩૧-૦૮-૨૦૨૬** પહેલા જમાં કરાવવુ.

| સર્વે નંબર | સરનામું | વૃક્ષની સંખ્યા |
|---|---|---|
| ૧૪૫/૨, ૧૪૭, ૧૪૮, ૧૫૦, ૧૫૧ | હરિયા | આંબા(કેસર)નાં વૃક્ષ-૪૩૪, આંબા(આફુસ)નાં વૃક્ષ-૨૩, અન્ય આંબા-૨૬ |
| ૧૪૪, ૧૭૧ | હરિયા | આંબા(કેસર)નાં વૃક્ષ-૨૭, આંબા(આફુસ)નાં વૃક્ષ-૬૪, આંબાનાં વૃક્ષ-૦૬, અન્ય ફળનાં વૃક્ષ-૦૫, અન્ય આંબા-૦૪ |
| ૨૯૯ | હરિયા | આંબા-૮૧, જાંબુ-૦૧ |
| ૨૬૮,૨૬૭, ૨૭૧ | હરિયા | કેસર-૪૧, આફુસ-૦૮, અન્ય આંબા-૬૬, ચીકુનાં વૃક્ષ-૨૦ |
| ૧૪૨,૧૪૩ | હરિયા | આંબા(આફુસ)નાં વૃક્ષ-૮૯, અન્ય-૦૨ |
| ૨૪૮ | હરિયા | આંબા(આફુસ)નાં વૃક્ષ-૭૦ |
| ૨૩૭, ૨૩૬, ૨૩૧, ૨૨૯, ૨૨૪, ૨૩૨, ૨૨૨, ૨૨૧, ૨૩૩ | હરિયા | આંબાનાં વૃક્ષ-૫૯૩, ચીકુનાં વૃક્ષ-૩૯ |
| ૨૧૬,૧૮૩,૧૮૪ | હરિયા | આંબાનાં વૃક્ષ-૧૪૬ |
| ૨૭૪,૨૭૫,૨૭૬,૨૮૯,૨૯૩/P૧, ૨૯૩/P૨,૨૯૩/P૩, ૨૯૦,૨૭૦, ૨૬૯, ૨૯૧, ૨૯૨, ૨૬૬, ૨૯૫,૨૬૪, ૨૬૩ | હરિયા | આફુસ-૩૧૮, ચીકુનાં વૃક્ષ-૨૨ |
| ૧૭૪ | હરિયા | આફુસ-૪૭ |
| ૧૭૫ | હરિયા | અન્ય ફળના વૃક્ષ-૧૯ |
| ૩૬૭ P/૧, ૩૬૮, ૩૬૯ | અતુલ | આંબાનાં વૃક્ષ-૨૮, નાળિયેરી-૫૧, ચીકુ-૧૦૧ |
| ૧૮ | અતુલ | આફુસ-૧૪૫, રાજાપુરી-૦૧ |
| ૭૯/P ૨ | ધરમપુર | આંબાનાં વૃક્ષ-૪૩, ચીકુનાં વૃક્ષ-૦૫ |
| એન એ-૧૦૯ | હરિયા | કેસર-૪૬, આફુસ-૬૫, ચીકુ-૩૦, નાળિયેરી -૨૧ |
| એન એ-૮૧ | હરિયા | કેસર-૧૧૭, દશેરી-૧૮, આફુસ-૦૨, લંગડો-૦૧, તોતાપુરી-૦૧, નાળિયેરી-૦૧ |
| એન એ-૩૮/P૨ | હરિયા | કેસર-૫૯, દશેરી-૦૯, રાજાપુરી-૦૫, લંગડો-૦૧, નાળિયેરી-૨૧ |

**અરજી પત્રક જમા કરાવાનું સ્થળ :**
નવી પરચેઝ ઓફિસ, સાઉથ સાઈટ, ટી.ઈ. યુનિટની બાજુમાં,
અતુલ-૩૯૬ ૦૨૦, વલસાડ

સૌજન્ય
અતુલ લિમિટેડ

## સાપુતારા નોટિફાઈડ એરિયા કચેરીને કાયમી ચીફ ઓફિસરની નિમણુંક

**સાપુતારા, તા.૧૮ :** ડાંગ જિલ્લાના એકમાત્ર અને વિશ્વવિખ્યાત ગિરિમથક સાપુતારા ખાતેથી સ્થાનિક રહીશો તેમજ પ્રવાસીઓ માટે એક રાહતના સમાચાર આવ્યા છે. સાપુતારા નોટિફાઈડ એરિયા કચેરી ખાતે લાંબા સમયથી ખાલી પડેલી ચીફ ઓફિસરની જગ્યા પર અંતે કાયમી અધિકારીની નિમણૂક કરવામાં આવી છે. આ નિર્ણયથી વિસ્તારના અટકેલા વિકાસકામોને ગતિ મળશે તેવી પૂરેપૂરી શક્યતાઓ સેવાઈ રહી છે.

મળતી માહિતી મુજબ, સાપુતારા નોટિફાઈડ એરિયા કચેરીના અગાઉના કાયમી ચીફ ઓફિસર ચિંતન વૈષ્ણવની બદલી થયા બાદ આ પદ લગભગ બે વર્ષ જેટલા લાંબા સમયથી ખાલી પડ્યું હતું. કાયમી વડાની ગેરહાજરીના કારણે ગિરિમથકના સ્થાનિક વહીવટી પ્રશ્નો, સફાઈ અને માળખાકીય સુવિધાઓને લગતી કામગીરી પર અસર પડી રહી હતી.જોકે, હવે આ જગ્યા પર કલ્પના આર. ચૌધરીની કાયમી ચીફ ઓફિસર તરીકે નિમણૂક કરવામાં આવી છે. તેઓ અગાઉ વડોદરા અર્બન ડેવલપમેન્ટ ઓથોરિટી (VUDA) ખાતે પોતાની સેવાઓ આપી રહ્યા હતા, ત્યાંથી બદલી થઈને તેમણે સાપુતારા નોટિફાઈડ એરિયા કચેરીનો પદભાર સંભાળી લીધો છે.સાપુતારા ખાતે કાયમી ચીફ ઓફિસર તરીકે ચાર્જ સંભાળતાની સાથે જ સ્થાનિક વેપારીઓ, રહીશો અને પ્રવાસીઓમાં આનંદનો માહોલ જોવા મળી રહ્યો છે. અનુભવી અધિકારીના આગમનથી સાપુતારાના બાકી પડેલા પ્રવાસન વિકાસના પ્રોજેક્ટ્સ ઝડપથી પૂર્ણ થશે, સાથે જ ગિરિમથકની સુંદરતા અને સુવિધાઓમાં વધારો થશે તેવી આશા વ્યક્ત કરવામાં આવી રહી છે.

# નવસારીમાં કુદરતી કાંસ અને જળપ્રવાહ પરના દબાણો દૂર કરવા મેગા ડિમોલિશન ડ્રાઈવ

### જિલ્લા કલેક્ટરના માર્ગદર્શન હેઠળ નિરાલી હોસ્પિટલના પ્રવેશદ્વાર સહિત કુદરતી કાંસ પરના પાકા દબાણો દૂર કરવાની કામગીરી હાથ ધરાઈ






**નવસારી, તા.૧૮ :** નવસારી જિલ્લામાં તાજેતરમાં આવેલા વિનાશક પૂરના પગલે જિલ્લા વહીવટી તંત્ર દ્વારા પૂરપ્રવાહ અને વરસાદી પાણીના નિકાલ અંગે સઘન સમીક્ષા હાથ ધરવામાં આવી છે. શહેર તથા જિલ્લાના વિવિધ વિસ્તારોમાં પાણી ભરાવાના કારણોનું વિશ્લેષણ કરતાં કુદરતી કાંસ, ડ્રેનેજ ખાડી અને જળપ્રવાહના માર્ગો પર થયેલા ગેરકાયદે દબાણો તથા પાકા બાંધકામો પાણીના કુદરતી નિકાલમાં અવરોધરૂપ હોવાનું સામે આવ્યું છે. આથી જિલ્લા વહીવટી તંત્ર દ્વારા આવા દબાણો દૂર કરવા મેગા ડિમોલિશન ડ્રાઈવ શરૂ કરવામાં આવી છે.

નવસારી જિલ્લા કલેક્ટર મનીષ ગુરવાની દ્વારા નિરાલી કેન્સર હોસ્પિટલ ખાતે ડિમોલિશનની કામગીરીનું સ્થળ નિરીક્ષણ કરવામાં આવ્યું હતું. તેમણે સંબંધિત અધિકારીઓને કુદરતી જળપ્રવાહના માર્ગો ખુલ્લા કરવા ઝડપી અને નિયમોનુસાર કાર્યવાહી હાથ ધરવા સૂચના આપી હતી. નવસારી પ્રાંત અધિકારીની સીધી દેખરેખ હેઠળ તથા ચુસ્ત પોલીસ બંદોબસ્ત વચ્ચે દબાણો દૂર કરવાની કામગીરી હાથ ધરવામાં આવી રહી છે.

અભિયાનના ભાગરૂપે નેશનલ હાઈવે-૪૮ નજીક આવેલી નિરાલી હોસ્પિટલના મુખ્ય પ્રવેશદ્વાર નજીક કુદરતી કાંસ પર થયેલા પાકા બાંધકામ સામે કાર્યવાહી કરવામાં આવી હતી. હોસ્પિટલના મુખ્ય પ્રવેશદ્વાર તથા બહારના ભાગમાં કરવામાં આવેલા પાકા દબાણોને જેસીબી અને બુલડોઝરની મદદથી દૂર કરવામાં આવ્યા હતાં. સ્થળ પરથી કુદરતી કાંસ પસાર થતો હોવાથી બાંધકામના કારણે વરસાદી પાણીના કુદરતી વહેણમાં અવરોધ ઊભો થતો હતો. સ્થળ તપાસ અને લાગુ સરકારી માપદંડો મુજબ જરૂરી કાર્યવાહી બાદ આ દબાણો દૂર કરવામાં આવ્યા હતાં.

આ ઉપરાંત નેશનલ હાઈવે-૪૮ના મધ્યથી ૪૦ મીટરના દાયરામાં તેમજ ડ્રેનેજ ખાડી અથવા કુદરતી કાંસથી ૯ મીટરની અંદરના વિસ્તારમાં આવેલા ગેરકાયદે પાકા બાંધકામો અને દબાણો સામે પણ કાર્યવાહી હાથ ધરવામાં આવી રહી છે. જેસીબી અને બુલડોઝરની મદદથી દબાણો દૂર કરી કુદરતી કાંસ અને જળપ્રવાહના માર્ગોને ખુલ્લા કરવામાં આવી રહ્યા છે.

## જલાલપોર તાલુકાના નડોદ ગામે સેવા સેતુ કાર્યક્રમ યોજાયો



**નવસારી, તા.૧૮ :** જલાલપોર તાલુકાના નડોદ ગામે સેવા સેતુ કાર્યક્રમ અને સ્કીમ સેચ્યુરેશન અંતર્ગત કાર્યક્રમ યોજાયો હતો. નડોદ તથા આજુબાજુના ગામોની તાલુકા પંચાયત સીટ હેઠળ આવતા તમામ ગામોમાં વિવિધ વિભાગો દ્વારા ઉપસ્થિત રહી જરૂરી સેવાઓ અને યોજનાકીય લાભો અંગે કામગીરી કરવામાં આવી હતી.

વિવિધ વિભાગોના અધિકારીઓ અને કર્મચારીઓ દ્વારા સરકારની વિવિધ યોજનાઓ અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. લાભાર્થીઓએ વિવિધ યોજનાઓ અંતર્ગત જરૂરી સેવાઓ મેળવી યોજનાકીય લાભ મેળવ્યો હતો.

આ ઉપરાંત, તા. ૨૨ અને ૨૩ ઓગસ્ટના રોજ મંદિર ગામ અને મહુવર ગામ ખાતે કીટ સહાય વિતરણ માટે કાર્યક્રમ યોજનાર છે. જે માટે કીટ સહાય મેળવવા અંગે જરૂરી આવકના દાખલા મેળવવાની કામગીરી પણ ગ્રામજનો દ્વારા કરવામાં આવી હતી. કાર્યક્રમમાં મોટી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહી યોજનાઓનો લાભ લીધો હતો.

## ગણદેવીના દિવ્યાંગ અલ્ટ્રા સાયકલિસ્ટ નિખિલ પટેલનું સન્માન કરાયું

**બીલીમોરા, તા.૧૮ :** નવસારી જિલ્લાના ગણદેવીના ૩૭ વર્ષીય સાહસવીર અને દિવ્યાંગ અલ્ટ્રા સાયકલિસ્ટ નિખિલ ભીખુભાઈ પટેલને તેમની અસાધારણ સાયકલિંગ સિદ્ધિઓ બદલ પ્રતિષ્ઠિત 'UT સ્વાભિમાન એવોર્ડ-૨૦૨૬' એનાયત કરવામાં આવ્યો છે. દાદરા અને નગર હવેલી સ્થિત ISO પ્રમાણિત UT ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા આયોજિત આ એવોર્ડ માટે સમગ્ર દેશમાંથી આવેલી ૪૩૨ એન્ટ્રીઓમાંથી માત્ર ૨૨ શ્રેષ્ઠ પ્રતિભાઓની પસંદગી કરાઈ હતી, જેમાં નિખિલ પટેલે સ્થાન મેળવી સમગ્ર ગુજરાતનું નામ રોશન કર્યું છે. સેલવાસના કલા કેન્દ્ર ખાતે યોજાયેલા ભવ્ય સમારોહમાં ટ્રસ્ટના મુખ્ય કાર્યકર પ્રદીપ મિશ્રા તેમજ અમદાવાદના ચીફ GST કમિશનર અને સુરતના ડેપ્યુટી કમિશનર સહિતના મહાનુભાવોની ઉપસ્થિતિમાં તેમનું વિશેષ બહુમાન




કરવામાં આવ્યું હતું.

ગણદેવી રનર્સ એન્ડ રાઈડર્સ ગ્રુપના સક્રિય સભ્ય નિખિલ પટેલે શારીરિક દિવ્યાંગતાને માત આપીને છેલ્લા ત્રણ વર્ષમાં ૩૨૮ દિવસમાં કુલ ૨૧,૭૧૩ કિલોમીટર સાયકલિંગ કરવાનો રેકોર્ડ બનાવ્યો છે. તેમણે Audax India Randonneurs હેઠળ માત્ર એક જ મહિનામાં ૨૦૦, ૩૦૦, ૪૦૦ અને ૬૦૦ કિ.મી.ની અતિ કઠિન રાઈડ્સ નિર્ધારિત સમયમાં સફળતાપૂર્વક પૂર્ણ કરી 'સુપર રેન્ડોનર' (SR) ટાઈટલ હાંસલ કર્યું હતું. આ ઉપરાંત, તેમણે ગણદેવીથી અંબાજી (૫૦૦ કિ.મી.) અને ગણદેવીથી સાળંગપુર (૪૨૫ કિ.મી.) જેવી લાંબા અંતરની યાત્રાઓ એકધારી સાયકલ ચલાવીને પૂર્ણ કરી છે. મુંબઈ, દિલ્હી, ચેન્નાઈ, સુરત અને નોઈડા ખાતે યોજાયેલી રાષ્ટ્રીય કક્ષાની સ્પર્ધાઓમાં ઉત્કૃષ્ટ દેખાવ કરનાર નિખિલ પટેલની આ અડગ ઈચ્છાશક્તિ અને સાહસિકતા આજે યુવા પેઢી માટે અનોખો પ્રેરણાસ્રોત બની છે.


## સાપુતારા પોલીસે પ્રોહિબિશનના ગુનાનો નાસતો-ફરતો વોન્ટેડ આરોપી કચ્છથી ઝડપ્યો

**સાપુતારા, તા.૧૮ :** ડાંગ જિલ્લાના સાપુતારા પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેક્ટર જે.કે. બારીયાના માર્ગદર્શન હેઠળ પોલીસે પ્રોહિબિશનના ગુનામાં છેલ્લા સાત મહિનાથી નાસતા-ફરતા વોન્ટેડ આરોપીને કચ્છ જિલ્લામાંથી પકડી પાડ્યો છે. ગત તા.૧૦/૦૨/૨૦૨૬ના રોજ સાપુતારા પોલીસ સ્ટેશનમાં પ્રોહિબિશન એક્ટ હેઠળ ગુનો દાખલ કરવામાં આવ્યો હતો. આ કામગીરી દરમિયાન અગાઉ પકડાયેલા આરોપીના કબજામાંથી અશોક લેલેન્ડ બડા દોસ્ત ટેમ્પો (નં. ગ્જ-૦૧-ન્વ-૫૮૮૦) માં બનાવેલા ચોર ખાનામાંથી ભારતીય બનાવટનો વિદેશી દારૂ બોટલ નંગ-૩૪૩૨ (કિંમત રૂા. ૫,૪૭,૬૮૦/-), ટેમ્પો (કિંમત રૂા. ૩,૫૦,૦૦૦/-), મોબાઈલ અને રોકડ રકમ મળી કુલ રૂ. ૯,૧૭,૬૮૦/- નો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો હતો. આ ગુનામાં છેલ્લા સાત માસથી નાસતો-ફરતો આરોપી ખરમશી પૂજા વાવીયા (ઉ.વ.૪૨, રહે. પ્રાગપર-અંબાજીવાસ, તા. રાપર, જી. કચ્છ) ને સાપુતારા પોલીસે ટેકનિકલ એનાલિસિસ અને હ્યુમન સોર્સના આધારે કચ્છ જિલ્લાના રાપર તાલુકાના પ્રાગપર ગામ ખાતેથી ઝડપી પાડ્યો છે.પકડાયેલા આરોપીનો ગુનાહિત ઈતિહાસ તપાસતા તેની સામે વલસાડ જિલ્લાના પારડી પોલીસ સ્ટેશનમાં પણ પ્રોહિબિશન એક્ટ હેઠળ ગુનો નોંધાયેલો હોવાનું સામે આવ્યું છે.

# સહ્યાદ્રિ પર્વતમાળા અને તેના સૌંદર્યને માણવું હોય તો ડાંગના ડુંગરા ખૂંદવા પડે

### મેં હુ ડોન આ કોઈ બિગ બી કે કિંગ ખાનની ફિલ્મ ડોનની વાત નથી. આ તો ડાંગ જિલ્લાની સરહદે આવેલા ખૂબસૂરત સ્થળ 'ડોન' ની વાત માંડી છે





**(અહેવાલ : મનોજ ખેંગાર)**

દ્રોણાચાર્યના નામ ઉપરથી પડેલા નામને લીધે ડોન તરીકે ઓળખાતા ડાંગ જિલ્લાના આ ગામની પછવાડે, મહારાષ્ટ્ર રાજ્યની સરહદ આવેલી છે. અરબ સાગરથી હજારેક મીટરની ઊંચાઈએ આવેલા આ સ્થળની ખૂબસૂરતી ચોમાસામા પૂરબહારમા ખીલી ઉઠે છે. ત્યારે અહીં પર્યટકોનો મેળાવડો જામે છે.

ગુજરાત અને મહારાષ્ટ્રની સરહદે ડોનની તળેટીમા સ્થાનિક વન વિભાગ દ્વારા લુપ્ત થઈ રહેલા સફેદ ડોક ધરાવતા વિશાળકાય ગીધનુ સંવનન અને સંવર્ધન કેન્દ્ર પણ કાર્યરત કરાયુ છે, અને ડોન હિલ ઉપર ગીધરાજની વિશાળકાય પ્રતિમા/સ્ટેચ્યૂ પણ, પ્રવાસીઓને વનિલ -ાણી, પક્ષીઓના જતન સંવર્ધનનો મુક સંદેશ આપે છે.

ડાંગ જિલ્લાના ડોન ગામને આજે ગુજરાતના સૌથી ઊંચાઈ ધરાવતા અને મનોહર પર્વતીય વિસ્તારોમાંનું એક માનવામાં આવે છે. તે સાપુતારા પછી ગુજરાતના બીજા હિલ સ્ટેશન તરીકે પણ ઓળખાય છે. આ ગામ સહ્યાદ્રિ (પ?િમ ઘાટ) ની હરિયાળી વચ્ચે લગભગ ૧,૦૦૦ મીટરની ઊંચાઈ પર આવેલું છે. અહીંથી આસપાસના જંગલો, ખીણો અને મહારાષ્ટ્રના પર્વતીય વિસ્તારના અદભુત દૃશ્યો જોવા મળે છે.

ઐતિહાસિક મહત્વની વાત કરીએ તો, ડોન વિસ્તાર -ાચીન દંડકારણ્ય -દેશનો એક ભાગ માનવામાં આવે છે. જેનો ઉલ્લેખ રામાયણમાં મળે છે. સમગ્ર ડાંગ વિસ્તારની જેમ અહીં પણ અનેક લોકકથાઓ અને આદિવાસી પરંપરાઓ પેઢીઓથી જીવંત છે. ડોન નજીક આવેલા દ્રોણાચાર્ય ડુંગર સાથે મહાભારતકાળની લોકમાન્યતાઓ પણ જોડાયેલી છે. આ ઐતિહાસિક પુરાવા કરતાં લોકપરંપરાઓ તરીકે વધુ જાણીતી છે.

સાંસ્કૃતિક વારસાની દ્રષ્ટિએ અહીં મુખ્યત્વે ડાંગી આદિવાસી સમાજ વસે છે. જેમાં ભીલ, કુકણા, કુનબી, વારલી અને અન્ય જનજાતિઓનો સમાવેશ થાય છે. પ્રકૃતિપૂજા, વાઘદેવ, ડુંગરદેવ અને ગ્રામદેવતાઓની આરાધના અહીંના જીવનનો અભિન્ન અંગ છે. પાવરી નૃત્ય અને કહાડિયા નૃત્ય ડોન સહિત સમગ્ર ડાંગની આગવી સાંસ્કૃતિક ઓળખ છે. ખાસ કરીને ડુંગરદેવ ઉત્સવ અને ડાંગ દરબારમાં આ નૃત્યોનું વિશેષ મહત્વ છે. વાંસ, લાકડું અને કુદરતી સામગ્રીથી બનતી વિવિધ હસ્તકલાની ચીજવસ્તુઓના ઉત્પાદન, વેચાણ સાથે મોટેભાગે વરસાદી ખેતી અને વનઉપજ ઉપર જ અહીંનું જનજીવન આધારીત છે.

વર્ષ દરમિયાન ઠંડું અને સુખદ હવામાન એ અહીંની કુદરતી વિશેષતાઓ છે. ચોમાસામાં ધોધ, ધુમ્મસ અને હરિયાળીનું અદ્ભુત સૌંદર્ય ખીલી ઊઠે છે. દુર્લભ અને લુપ્ત થવાને આરે આવેલા પક્ષીઓ અને ગીધ જોવા માટેનું Vulture Point પણ અહીં પ્રખ્યાત છે. ડોન અને તેની આસપાસ નાના નાના ધોધ, કુદરતી જળાશયો અને ગુફાઓ આવેલાં છે. સમગ્ર દક્ષિણ પૂર્વીય સરહદે આવેલા ડુંગરોની હારમાળા ચીનની દિવાલની યાદ અપાવી જાય છે.

ડોનમાં મુલાકાત લેવા માટેના મુખ્ય આકર્ષણો જોઈએ તો ડોન હિલ, સૂર્યોદય અને સૂર્યાસ્ત વ્યૂ પોઈન્ટ, વલ્ચર પોઈન્ટ, કુદરતી ધોધ, અને ચોમાસામાં હરિયાળા જંગલોના ટ્રેકિંગ રૂટ્સ પ્રકૃતિપ્રેમીઓને આકર્ષી રહ્યા છે. ડોન વિસ્તાર જૈવ વિવિધતાથી પણ સમૃદ્ધ છે. ડોન અને તેની તળેટીમાં કુદરતી રીતે જ ઊગી નીકળેલા હજારો આમ્રવૃક્ષ અને ઉનાળામાં અહીં થતી પ્રાકૃતિક કેરી ગ્રામીણજનો તથા પર્યટકોને પ્રકૃતિની અનમોલ ભેટ સમાન છે. આ ગૌણ વન પેદાશ દ્વારા સ્થાનિકો સિઝનલ રોજી પણ રળી લે છે.

ડોન આહવાથી અંદાજે ૩૩ કિમી, અને સાપુતારાથી લગભગ ૫૫ કિમી ના અંતરે આવેલું છે. અહીં પહોંચવાના નવા માર્ગોના નિર્માણ પછી અહીં પહોંચવું વધુ સરળ અને સુગમ બન્યું છે. રાજ્ય સરકાર દ્વારા ડોનને ઈકો ટુરિઝમ અને પ્રાકૃતિક પ્રવાસન માટે વિકસાવવામાં આવી રહ્યું છે. સ્થાનિક વહિવટી તંત્રે અહીં પાયાકીય સુવિધાઓ ઉપલબ્ધ કરાવી, પર્યટકોને પ્રકૃતિ દર્શનનો લ્હાવો પૂરો પાડ્યો છે.

ડોન અને તેની આસપાસ ચિંચલી અને ગારખડીના ડુંગરો, સીતાવન-વાડયાવન, પાંડવ ગુફા, અંજની કુંડ, રજવાડી ગામ લીંગા, બિલમાળ, અને અર્ધ નરનારેશ્વર ધામ જેવા વિસ્તારો, કુદરતી ઝરણાં અને ધોધ, ગાઢ જંગલો અને સૂર્યોદય-સૂર્યાસ્તના અદભુત દશ્યો તમને પ્રકૃતિમાં ઓળઘોળ કરી દેશે. તો મહારાષ્ટ્રની હદમાં આવેલા સાલહેર અને મુલ્હેરના કિલ્લાઓ અને માંગી તુંગી જૈન તીર્થધામ પણ પ્રવાસીઓની પસંદ બની રહ્યા છે.

ડોન માત્ર એક સુંદર પ્રવાસન સ્થળ નથી. તે ડાંગના ઈતિહાસ, આદિવાસી સંસ્કૃતિ અને સહ્યાદ્રિની પ્રાકૃતિક સંપદાનો જીવંત દસ્તાવેજ છે. યોગ્ય આયોજન, પર્યાવરણ સંરક્ષણ અને સ્થાનિક સમુદાયની ભાગીદારી દ્વારા ડોનને ભારતના શ્રેષ્ઠ ઈકો-હેરિટેજ ગંતવ્યોમાં સ્થાન અપાવી શકે તેમ છે.

ત્યારે ભીના ભીના ચોમાસાની મદમસ્ત મોસમમાં ધુમ્મસથી ઢંકાયેલા પહાડો, ચારેકોર પથરાયેલી હરિયાળી, વાદળોની અવરજવર અને શાંત વાતાવરણ સાથે પ્રવાસીઓને પ્રકૃતિમય થવાનો અવસર અને અનોખો અનુભવ પ્રદાન કરતુ સહ્યાદ્રિ પર્વતમાળાનું આ નાનકડું ગામ, પ્રકૃતિપ્રેમી પ્રવાસીઓને સાદ દઈને કહી રહ્યું છે કે મેં હું ડોન.

# સુપ્રભાતમ્

## આજનું પંચાગ

**તા.** ૧૯-૦૮-૨૦૨૬, **વાર :** બુધવાર **તિથિ :** શ્રાવણ, સાતમ, **સૂર્યોદય :** ૦૬ : ૨૧ **સૂર્યાસ્ત** ૦૭ :૦૫, **ચંદ્રોદય** - ૧૨:૨૦ **ચંદ્રાસ્ત** - ૧૧:૧૯ **ચંદ્ર રાશિ :** તુલા, **નક્ષત્ર** - વિશાખા

## આજનું રાશિભવિષ્ય

**મેષ(અ.લ.ઈ) :** કાર્યક્ષેત્રે પ્રગતિ થશે અને અટકેલા કામો પૂરા થશે. આત્મવિશ્વાસમાં વધારો થશે અને વેપારમાં અણધાર્યા આર્થિક લાભની તકો મળશે.

**વૃષભ(બ.વ.ઉ) :** પરિવારનો સહયોગ મળશે. આર્થિક સ્થિતિ મજબૂત બનશે પરંતુ વ્યવસાયમાં નાણાકીય લેવડ-દેવડમાં સાવધાની રાખવી.

**મિથુન(ક.છ.ઘ) :** આજે ચંદ્ર તમારી જ રાશિમાં છે, જે તમારા કાર્યક્ષેત્રમાં નવી ઊર્જા અને ક્ષમતામાં વધારો કરશે. રચનાત્મક કાર્યોમાં સફળતા મળશે.

**કર્ક(ડ.હ) :** ખર્ચ પર નિયંત્રણ રાખવું જરૂરી છે. માનસિક ચિંતા હળવી થશે અને કોઈ પ્રવાસનું આયોજન થઈ શકે છે.

**સિંહ(મ.ટ.) :** ભાગ્ય તમારો સાથ આપશે. લાંબા સમયથી અટકેલા કાર્યો પૂર્ણ થશે. સામાજિક માન-સન્માન વધશે.

**કન્યા(પ.ઠ.ણ.) :** કાર્યભાર વધી શકે છે. ધીરજ રાખવી. વ્યવસાયિક ક્ષેત્રે ધીમી પ્રગતિ થશે અને વિરોધીઓથી સાવચેત રહેવું.

**તુલા (ર.ત.) :** આજના દિવસે અણધારી સફળતા અને ધનલાભના યોગ છે. પારિવારિક જીવનમાં ખુશીઓ રહેશે અને નવા સંબંધો લાભદાયક બનશે.

**વૃશ્ચિક(ન.ય.) :** કાર્યસ્થળ પર મુશ્કેલીઓનો સામનો કરવો પડી શકે છે, પરંતુ સ્નેહીજનોની મદદથી ઉકેલ આવશે. સ્વાસ્થ્યનું ધ્યાન રાખવું.

**ધન(ભ.ધ.ફ.ઢ.) :** આજના પ્રયત્નોનું સકારાત્મક ફળ મળશે. વિદ્યાર્થીઓ માટે ઉત્તમ દિવસ છે. વિવાહિત જીવનમાં સુમેળ રહેશે.

**મકર(જ.ખ) :** મહત્વપૂર્ણ નિર્ણયો લેવા માટે સારો દિવસ છે. સ્વજનોની મદદથી આર્થિક સમસ્યાઓનો ઉકેલ આવશે.

**કુંભ(ગ.શ.સ.) :** મુશ્કેલીઓનો અંત આવશે અને લાભની નવી દિશાઓ ખુલશે. વેપારમાં પ્રગતિ અને રોકાણથી ફાયદો થશે.

**મીન(દ.ચ.ઝ.થ) :** મહત્વની કામગીરીને આગળ ધપાવી શકશો. ફળ વિલંબથી મળશે પણ સફળતા નિશ્ચિત છે.

## દમણ રેડિયો

**102.3 FM**

આકાશવાણી

બુધવાર

**સવારની પ્રથમ સભા :** ૫.૫૫ સભાનો આરંભ, ૬.૦૦ હિન્દી સમાચાર (દિલ્હીથી), ૬.૧૦ અર્ચના (ગાંધી વંદના સાથે ભકિત ગીતો) અને ૬.૩૦ અમૃતધારા (અમદાવાદ-વડોદરાથી), ૦૬.૩૫ - હિન્દી ફિલ્મ સંગીત (દમણથી) ૬.૫૫ અર્ચના - ભકિત ગીતો ૬.૪૫ સંસ્કૃતમાં સમાચાર (દિલ્હીથી) અને ૭.૦૦ શ્રી રામ ચરીત માણસ ગાન (દમણથી) ૭.૧૦ પ્રાદેશિક સમાચાર (અમદાવાદ-વડોદરા પરથી), ૭.૨૦ સુગમ સંગીત (દમણથી) ૭.૪૫ ગુજરાતી સમાચાર, ૭.૫૫ સુગમ સંગીત (અમદાવાદથી) ૦૮.૦૦ - સમાચાર પ્રભાત (દિલ્હીથી), ૦૮.૧૫ સુગમ સંગીત (દમણથી), ૮.૩૦ -વિવિધ ભારતી પ્રસારણના મનોરંજક કાર્યક્રમો (૧૦ વાગ્યા સુધી), ૧૦.૦૦ - હિન્દી ફિલ્મ સંગીત (દમણથી), ૧૦.૩૦- શ્રવણ માધુરી (દમણથી), ૧૧.૦૦ વાગ્યાથી વિવિધ ભારતીના કાર્યક્રમ, ૧૨.૩૦ સહિયર નારી જગત, ૦૧.૦૦ હિન્દી/ અંગ્રેજી સમાચાર, ૧.૩૦ (જય જવાર હિન્દી ફિલ્મ સંગીત), ૨.૧૫ હિન્દી સમાચાર ૨.૩૦ વિવિધ ભારતીના કાર્યક્રમો (સાંજે ૫:૩૦ વાગ્યા સુધી),

**સાંજે :** ૫.૩૦ - હિન્દી ફિલ્મ સંગીત, ૫.૩૦ પ્રાયોજીત કાર્યક્રમ (NCERT-UMANG)), ૬.૦૦ - સુગમ સંગીત, ૬.૩૦ અમદાવાદના કાર્યક્રમ, ૭.૧૦ - પ્રાદેશિક સમાચાર, ૭.૨૦ - દમણથી ખેતી વિષયક કાર્યક્રમ, ૭.૫૦ - ગુજરાતી સમાચાર, ૮.૦૦ - વિવિધ ભારતીના કાર્યક્રમ, ૮.૪૫ હિન્દી સમાચાર, ૯.૦૦ અંગ્રેજી સમાચર (દિલ્હીથી), ૯.૧૫ વિવિધ ભારતીના કાર્યક્રમ, ૧૧.૦૦ વાગ્યે હિન્દી સમાચાર અંગ્રેજી સમાચાર, ૧૧.૨૦ સભા સમાપન.

## સુડોકુ નં.૬૫૫

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 8 | | | | 2 | | | | 6 |
| | | 6 | 3 | | 5 | 2 | | |
| 2 | 9 | | | | | | 4 | 3 |
| | | 5 | 2 | 8 | 4 | 1 | | |
| | | | | | | | | |
| | | 1 | 6 | 5 | 3 | 8 | | |
| 7 | 3 | | | | | | 5 | 2 |
| | | 4 | 7 | | 8 | 9 | | |
| 6 | | | | 3 | | | | 8 |

અહીં એક ચોકઠું આપ્યું છે જેમાં નવ બોક્સ છે. દરેક ખાનામાં નવ ખાનાં છે કરવાનું શું છે.

(૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવા જોઈએ. કોઈ આંક રહી ન જવો જોઈએ.

(૨) દરેક આડી અને ઊભી હરોળમાં પણ એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ.

(૩) પેન્સિલથી આંકડા ભરવાની શરૂઆત કરો

(૪) શરૂઆત એ ખાનાથી કરો જ્યાં આંકડો લખવા માટે સૌથી ઓછા વિકલ્પ હોય.

### સુડોકુ નં.૬૫૪નો ઉકેલ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 4 | 7 | 1 | 9 | 6 | 3 | 8 | 2 | 5 |
| 3 | 5 | 9 | 8 | 7 | 2 | 1 | 4 | 6 |
| 8 | 2 | 6 | 5 | 4 | 1 | 3 | 7 | 9 |
| 6 | 4 | 2 | 7 | 3 | 8 | 5 | 9 | 1 |
| 9 | 8 | 3 | 4 | 1 | 5 | 2 | 6 | 7 |
| 7 | 1 | 5 | 2 | 9 | 6 | 4 | 3 | 8 |
| 2 | 6 | 4 | 1 | 5 | 9 | 7 | 8 | 3 |
| 1 | 9 | 7 | 3 | 8 | 4 | 6 | 5 | 2 |
| 5 | 3 | 8 | 6 | 2 | 7 | 9 | 1 | 4 |

સ્થાનિક સમાચારો
● વલસાડ ● પારડી ● ધરમપુર ● કપરાડા ●વાપી ● ઉમરગામ ●દમણ ● સેલવાસ
Wednesday 19, August 2026
દમણગંગા ટાઈમ્સ
DAMANGANGA TIMES

ઉમિયા સોશિયલ ટ્રસ્ટ દ્વારા આયોજિત

# વલસાડમાં મહારક્તદાન શિબિરમાં ૧,૧૧૧થી વધુ યુનિટ રક્ત એકત્રિત થયું



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૧૮ :** વલસાડ ઉમિયા સોશિયલ ટ્રસ્ટ દ્વારા અતુલ રૂરલ ડેવલપમેન્ટ ફંડના સહકારથી વલસાડ ના મોંઘાભાઈ હોલમાં ૧૫મી ઓગસ્ટના રોજ મહારક્તદાન શિબિરનું સફળ આયોજન કરવામાં આવ્યું હતું. આ શિબિરમાં નાણામંત્રી કનુભાઈ દેસાઈ સહિત અન્ય મહેમાનો એ રક્તદાતાઓનો ઉત્સાહ વધારવા માટે મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. માનવસેવાના આ મહાયજ્ઞમાં નાગરિકોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો અને કુલ ૧,૧૧૧થી વધુ રક્તદાતાઓએ રક્તદાન કરી સામાજિક સેવાનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડ્યું હતું. ઉમિયા સોશિયલ ફૂ ટ્રસ્ટના કેપ્ટન અશોકભાઈ પટેલે સમાજમાં અંગદાન અને ચક્ષુદાન અંગે જાગૃતિ લાવવાનું માધ્યમ પણ બન્યો હતો. શિબિર દરમિયાન જે સ્વર્ગસ્થ નાગરિકોના પરિવારોએ ચક્ષુદાન તેમજ અંગદાનનો સંકલ્પ કરી અન્ય લોકોને નવજીવન આપ્યુંછે, તેવા દાતાઓના પરિવારજનોનું વિશેષ સન્માન કરવામાં આવ્યું હતું અને તેમના અમૂલ્ય યોગદાન બદલ આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો. આ મહા રક્તદાન કેમ્પ ને સફળ બનાવવા માટે ઉમિયા સોશિયલ ટ્રસ્ટ ની ટીમે ભારે જહેમત ઉઠાવી હતી.

ગુરુ રવિદાસ મહારાજની ૬૫૦મી જન્મજયંતિ નિમિત્તે

# વાપીમાં કળશ યાત્રાનું સ્વાગત કરાયું



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૧૮ :** વલસાડ જિલ્લામાં સમરસતા સંકલ્પ અભિયાન અંતર્ગત સંત શિરોમણી શ્રી ગુરુ રવિદાસ મહારાજની ૬૫૦મી જન્મજયંતિ નિમિત્તે યોજાયેલી કળશ યાત્રાનું આજે વાપીમાં ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું. વાપી શહેર ભાજપ પ્રમુખ મનીષભાઈ દેસાઈ અને ડેપ્યુટી મેયર મિતેશભાઈ દેસાઈની આગેવાની હેઠળ વોર્ડ નં. ૯ સ્થિત હનુમાન મંદિર ખાતેથી કળશ યાત્રાનો પ્રારંભ કરવામાં આવ્યો હતો. જે મોડી સાંજે વોર્ડ નંબર ૮ માં આવેલ નામધા ના શ્રી ગુપ્તેશ્વર મહાદેવ મંદિર ખાતે પહોંચી હતી જ્યાં સ્થાનિક મહાનગરપાલિકાના સભ્યો રણજીતભાઈ પટેલ તેમજ વિમલભાઈ શાહ સાથે મોટી સંખ્યામાં ભાજપના કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યા હતા.

વલસાડ જિલ્લા ભાજપ પ્રમુખ મમન કંસારા તથા જિલ્લા ભાજપ પ્રભારી વિનય શુક્લાની આગેવાની હેઠળ સમગ્ર વલસાડ જિલ્લામાં તાલુકા, મહાનગરપાલિકા તથા નગરપાલિકા વિસ્તારોમાં સમરસતા સંકલ્પ અભિયાન અંતર્ગત આ કળશ યાત્રાનું આયોજન કરવામાં આવી રહ્યું છે. વલસાડ ખાતે યાત્રાના સ્વાગત બાદ વિવિધ વિસ્તારોમાં કળશ યાત્રા યોજાઈ રહી છે.

વાપીમાં વોર્ડ નં. ૯ના કોર્પોરેટર વિપુલ પટેલ તથા રણજીતભાઈ પટેલની આગેવાનીમાં યોજાયેલી યાત્રામાં ભાજપના કાર્યકરો, હોદ્દેદારો તેમજ સંત શ્રી ગુરુ રવિદાસ મહારાજના અનુયાયીઓ મોટી સંખ્યામાં જોડાયા હતા. યાત્રા દરમિયાન ભક્તિભાવ અને સમરસતાનો માહોલ જોવા મળ્યો હતો. કાર્યક્રમમાં વાપી શહેર ભાજપ પ્રમુખ મનીષભાઈ દેસાઈ, મહામંત્રી વિરાજ દક્ષિણી, ડેપ્યુટી મેયર મિતેશભાઈ દેસાઈ સહિત વાપી મહાનગરપાલિકાના ચૂંટાયેલા સભ્યો, ભાજપના હોદ્દેદારો અને મોટી સંખ્યામાં કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા. યાત્રા દ્વારા સામાજિક સમરસતા, એકતા અને ભાઈચારાનો સંદેશ આપવામાં આવ્યો હતો.

પાંડે પરિવાર દ્વારા સ્વ. માતૃશ્રી મીનાબેન પાંડેની પુણ્યતિથિ નિમિત્તે

# વલસાડ મ્યુનિસિપલ હોસ્પિ.માં જીવન રક્ષક દવા અને સર્જીકલ સાધનોની ભેટ અપાઈ

**એમપી ફંડમાંથી પાલિકા સંચાલિત હોસ્પિટલ માટે સોલાર આર.ઓ. પ્લાન્ટ ફાળવાયો : માત્ર ૨૦ રૂપિયામાં અહીં લોકોને સારવાર મળી રહી છે, જે ગરીબ અને મધ્યમ વર્ગના લોકો માટે આશીર્વાદરૂપ છે**





(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૧૭ :** વલસાડ-ડાંગના સાંસદ શ્રી અને લોકસભાના દંડક ધવલભાઈ પટેલના અધ્યક્ષ સ્થાને વલસાડના પાંડે પરિવાર દ્વારા સ્વ. માતૃશ્રી મીનાબેન પાંડેની પુણ્યતિથિ નિમિત્તે સ્વ. પિતાશ્રી કૈલાશનાથ પાંડે દ્વારા શરૂ કરવામાં આવેલા સેવા યજ્ઞ અંતર્ગત સતત ૧૭માં વર્ષે વલસાડ નગરપાલિકા સંચાલિત મ્યુનિસિપલ હોસ્પિટલ ખાતે સારવાર અર્થે આવતા જરૂરીયાતમંદ લોકોને સહાયરૂપ થવાના શુભ આશય સાથે જીવનરક્ષક દવાઓ,વિવિધ પ્રકારની ગ્લુકોઝની બોટલો અને વિવિધ સર્જીકલ સાધનો મળી કુલ રૂ. ૨૧ લાખની દવા અને સાધનોનું નિઃશુલ્ક વિતરણ કરવામાં આવ્યુ હતું.

આ પ્રસંગે સાંસદ ધવલભાઈ પટેલે જણાવ્યું કે, પાંડે પરિવારે વલસાડને પોતાનું ઘર બનાવી સેવાકીય પ્રવૃતિની શરૂઆત કરી હતી. એમના પિતા સ્વ. કૈલાશનાથ પાંડેએ શરૂ કરેલી આ સેવા યાત્રાને દિવ્યેશભાઈ પાંડે અને એમનો પરિવાર આગળ વધારી રહ્યો છે. આજે એમના પરિવાર દ્વારા ગરીબ અને મધ્યમ વર્ગના પરિવાર માટે રૂ. ૨૧ લાખની દવા અને સાધનોનું વિતરણ કરાયું છે તે ખૂબ મોટી વાત છે. હાલમાં જ મારા એમપી ફંડમાંથી આ હોસ્પિટલ માટે સોલાર આર.ઓ. પ્લાન્ટ ફાળવ્યો છે. જિલ્લા પંચાયત પ્રમુખ શ્રીમતી હેતલબેન જે. પટેલે જણાવ્યું કે, માતાનું ઋણ જીવનમાં કદી ચૂકવાતું નથી. પરંતુ પાંડે પરિવારના પુત્રો માતૃ વંદના દ્વારા આ સેવાયજ્ઞ કરી રહ્યા છે, જે અન્યો માટે પ્રેરણાદાયી છે.

વલસાડ પાલિકાના પૂર્વ પ્રમુખ અને પ્રદેશ સંગઠનના મંત્રી સોનલબેન સોલંકીએ જણાવ્યું કે, વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં દેશની હેલ્થ સિસ્ટમ ટોચના સ્થાને પહોંચી છે.

આ પ્રસંગે જાણીતા કથાકાર પ્રફુલભાઈ શુક્લાએ આશીર્વચન આપ્યા હતાં. વલસાડના ધારાસભ્ય ભરતભાઈ પટેલ, ધરમપુરના ધારાસભ્ય અરવિંદભાઈ પટેલ, વલસાડ નગરપાલિકા પ્રમુખ માલતીબેન ટંડેલ અને હોસ્પિટલ કમિટીના ચેરમેન ઉર્વશી પટેલે પ્રાસંગિક પ્રવચન કર્યું હતું. હોસ્પિટલના ડો. રોહન પટેલે દાનમાં મળેલી દવા અને સાધનોની વિગત આપી હતી. સ્વાગત પ્રવચન પાંડે પરિવારના દિવ્યેશ પાંડે કર્યું હતું, જ્યારે આભારવિધિ પ્રજ્ઞેશ પાંડે એ કરી હતી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન મેઘા પાંડેએ કર્યું હતું.

આ પ્રસંગે વલસાડ તાલુકા પંચાયત પ્રમુખ કિશોર મહેવાલા, પારડી સાંઢપોરના સરપંચ ભોલાભાઈ પટેલ, આરટીઓ ઈન્સ્પેક્ટર રામભાઈ, જિલ્લા સંગઠન પ્રભારી વિનય શુક્લા, જિલ્લા સંગઠન મહામંત્રી નિખીલ ચોકસી અને કમલેશ પટેલ, પ્રદેશ સંગઠન યુવા મોરચા કોષાધ્યક્ષ ધ્રુવિન પટેલ, લઘુમતી મોરચા ઉપપ્રમુખ ઈલિયાસ મલેક, સંગઠન અગ્રણી શિલ્પેશ દેસાઈ, વલસાડ મુસ્લિમ સમાજના પ્રમુખ ઝાહિર દરિયાઈ, ડો. નિશિથ પટેલ, ડો. હેતલ પટેલ અને આગેવાનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

# પારડી તા.પં.માં સ્વાતંત્રતા પર્વ ઉજવાયું



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

પારડી, તા. ૧૮ : પારડી તાલુકા પંચાયતમાં સ્વાતંત્ર પર્વની ઉજવણી કરવામાં આવી હતી. ઉજવણી દરમિયાન સૌપ્રથમ પ્રમુખ કિન્નરીબેન હિતેશભાઈ પટેલ ના હસ્તે ધ્વજ વંદન કરવામાં આવ્યું હતું આ પ્રસંગે ટીડીઓ સંદીપભાઈ ભગોરા જિલ્લા પંચાયત કારોબારી અધ્યક્ષ પ્રજ્ઞેશભાઈ પટેલ તાલુકા પંચાયત કારોબારી હેમલતાબેન ટંડેલ ,તાલુકા પંચાયત ઉપપ્રમુખ હિરેન પટેલ તેમજ અન્ય ચૂંટાયેલ સભ્યો સ્ટાફ મિત્રો વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા આ પ્રસંગે તાલુકા પંચાયત પ્રમુખ કિન્નરીબેન પટેલે જણાવ્યું હતું કે દેશના વીર શહીદોને યાદ કર્યા હતા અને આગામી દિવસોમાં વિકાસના કામો ને વધુ વેગ આપવામાં આવશે અને જનતા વચ્ચે તમામ ઝડપી પ્રશ્નોને નિકાલ કરવામાં આવશે.

# વાપીની શ્રી એલ.જી. હરિયા મલ્ટી પર્પઝ સ્કુલનું ગૌરવ





(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૧૮ :** ૧૫ મી ઓગસ્ટ ૨૦૨૬ ના રોજ વાપી કનાડા સંઘ દ્વારા આયોજિત આંતરશાળા વકૃત્વ, ડિબેટ અને એક્સટમ પોર સ્પીચ સ્પર્ધા નું આયોજન કરવામાં આવ્યું હતું આ સ્પર્ધામાં લગભગ કુલ ૨૫ સ્કૂલોએ ભાગ લીધો હતો, જેમાં શ્રી એલ.જી. હરિયા મલ્ટી પર્પઝ સ્કૂલના વિદ્યાર્થીઓએ અદભુત પ્રતિભા, આત્મવિશ્વાસ અને વકૃત્વ કલામાં શાળાનું નામ રોશન કર્યું છે. શાળાના ગૌરવશાળી વિદ્યાર્થીઓ માસ્ટર સાઈ બાપુ સુરવડે - ધોરણ ૮, ડિબેટ કોમ્પિટિશન ( વાદવિવાદ સ્પર્ધા ) માં પ્રથમ સ્થાન ફોર ધ મોશનમાં પ્રાપ્ત કર્યું છે. કુમારી વિદુષી મિશ્રા ધોરણ ૧૧ એક્સટમપોર સ્પીચમાં તૃતીય સ્થાન પ્રાપ્ત કર્યું છે. આ બંને વિદ્યાર્થીઓએ શાળાનું નામ રોશન કર્યું છે. આ સફળતાથી ગર્વ અનુભવતા,સ્પર્ધાના બધા વિજેતા વિદ્યાર્થીઓને, શ્રી કૌશિક હરિયા એજ્યુકેશનલ ફાઉન્ડેશનના ચેરમેન એ. કે. શાહ અને મેનેજિંગ ટ્રસ્ટી બિમલ હરિયા અને શાળાના આચાર્ય બીન્ની પોલ તથા સ્ટાફ વતી અભિનંદન અને આશીર્વાદ પાઠવવામાં આવે છે.

# અંભેટીમાં વીલીંગ ફાર્મર્સ માટે તાલીમ કાર્યક્રમ યોજાયો



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ધરમપુર, તા. ૧૮ :** રાષ્ટ્રીય પ્રાકૃતિક ખેતી મિશન અંતર્ગત પ્રાકૃતિક ખેતીના પ્રચાર પ્રસાર માટે વલસાડ જીલ્લાના નાનાપોંઢા. ધરમપુર, કપરાડા, ઉમરગામ, પારડી અને વલસાડ તાલુકાના ગત વર્ષે કૃષિ વિજ્ઞાન કેન્દ્ર-અંભેટી દ્વારા તાલીમ આપીને તૈયાર થયેલ કૃષિ સખી અને કોમ્યુનીટી રિસોર્સ પર્સનસ દ્વારા પ્રાકૃતિક ખેતીનો વ્યાપ વધારવા માટે આ વર્ષે ૧૩૦૦ જેટલાં વીલીંગ ફાર્મર્સ પસંદ કરવામાં આવ્યા છે. પસંદગી પામેલા ૧૩૦૦ વીલીંગ ફાર્મર્સને ઓગષ્ટ, ૨૦૨૬ દરમ્યાન કેન્દ્રના નિષ્ણાંતો દ્વારા વીલીંગ ફાર્મર્સને પ્રાકૃતિક ખેતીમાં પાક ઉત્પાદન, પાક પોષણ વ્યવસ્થાપન, રોગ જીવાત નિયંત્રણ વગેરે વિષયો અંગે સૈધાંતિક અને પ્રાયોગિક તાલીમ આપવામાં આવી રહી છે.

જુથ ચર્ચા, વિડીયો શો વગેરે દ્વારા પ્રાકૃતિક ખેતીના આયામોને અપનાવવામાં પડતી મુશ્કેલીઓનુ નિવારણ કરવામાં આવે છે. કૃષિ વિજ્ઞાન કેન્દ્ર અંભેટી દ્વારા તાલીમ પામેલાં ૧૩૦૦ વીલીંગ ફાર્મર્સ પ્રાકૃતિક ખેતીમાં ઉદાહરણરૂપ બનીને અન્ય ખેડુતોને પ્રાકૃતિક ખેતી અપનાવવા પ્રોત્સાહીત કરશે.

# સરીગામની લક્ષ્મી વિદ્યાપીઠ દ્વારા સ્વતંત્રતા દિન ઉજવાયો



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ઉમરગામ, તા. ૧૮ :** સરીગામ ખાતે આવેલ શ્રીમતી. શાંતાબેન હરિભાઈ ગજેરા ટ્રસ્ટ સંચાલિત લક્ષ્મી વિદ્યાપીઠના તારીખ ૧૫મી, ઓગસ્ટ-૨૦૨૬ ના રોજ ૮૦ માં સ્વતંત્રતા દિવસ ની ઉજવણી કરવામાં આવી.

આ કાર્યક્રમમાં સંકુલના સ્ટાફગણ હાજર હતા.તેઓના હસ્તે રાષ્ટ્રધ્વજ ફરકાવવામાં આવ્યો અને સલામી આપવામાં આવી. આ કાર્યક્રમમાં વિદ્યાર્થીઓ દ્વારા દેશભક્તિ ગીત,સમૂહ નૃત્ય,વિવિધ કૃતિઓ રજૂ કરવામાં આવી તેમજ N.C.C. ના વિદ્યાર્થીઓ દ્વારા પરેડ કરવામાં આવી હતી. આ કાર્યક્રમમાં સંકુલના વિદ્યાર્થીઓ, શિક્ષકગણ તેમજ અન્ય કર્મચારીઓ ઉપસ્થિત રહી દેશભક્તિનો કાર્યક્રમ નિહાળ્યો હતો. આ કાર્યક્રમના આયોજન, માર્ગદર્શન અને પ્રોત્સાહન આપનાર ગજેરા ટ્રસ્ટના પ્રેસિડેન્ટ વસંતભાઈ ગજેરા તથા લક્ષ્મી વિદ્યાપીઠ સંકુલના ડિરેક્ટરઓ, આચાર્ય, ઉપચાર્યઓનો સ્નેહભર આભાર માનવામાં આવે છે.

# વાપીની આર. કે. દેસાઈ કોલેજમાં અન્ટી રેગિંગ પર સેમિનાર યોજાયો




(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૧૮ :** હાલના સમયમાં રેગિંગ નું પ્રમાણ ખૂબ વધી રહ્યું છે. જેના પરિણામ રૂપ રેગિંગ ના ભોગ બનનાર ક્યાંતો આપઘાત કરે છે યા માનસિક તાણ અનુભવે છે. તો આજના યુવા વર્ગ ને રેગિંગ શું છે બી .કોમ અને બી.બી.એ ના પ્રથમ વર્ષના વિધાર્થીઓને રેગિંગ અટકાવવા માટે કાયદાનું જ્ઞાન ખૂબ જ સરળતાથી પૂરું પાડ્યું. સેમિનાર માં "Say no to ragging" નો સંદેશો પણ આપવામાં આવ્યો. આ સેમિનારનું આયોજન કોમર્સ વિભાગના હેડ તેમજ એન્ટી રેગિંગ કમિટી ના કન્વેનર ચિત્રા શેઠ દેસાઈ દ્વારા કરવામાં આવ્યું હતું. રેગિંગ મુક્ત કેમ્પસનો હેતુ સફળતા પૂર્વક પૂરો પાડવા બદલ કોલેજના ચેરમેન મિલન દેસાઈ અને કેમ્પસ ડાયરેક્ટર ડૉ.મિતલ શાહ તેમજ કોમર્સ કોલેજ ના પ્રિન્સીપાલ ડૉ શિતલ ગાંધી તેમજ અધ્યાપક મિત્રોએ શુભેચ્છાઓ પાઠવી હતી.

# દાનહમાં એનલોગ પનીર પર એક માટે પ્રતિબંધ

**હોટલ-રેસ્ટોરાંમાં પણ ઉપયોગ પર રોક, ભંગ કરનાર સામે કાર્યવાહી**

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**સેલવાસ, તા. ૧૮ :** દાદરા અને નગર હવેલી તથા દમણ-દીવ પ્રશાસનના ફૂડ સેફટી વિભાગે આરોગ્ય અને ગ્રાહકોના હિતને ધ્યાનમાં રાખીને એનાલોગ અથવા નોન-ડેરી પનીરના ઉત્પાદન, સંગ્રહ, પરિવહન અને વેચાણ પર એક વર્ષ માટે પ્રતિબંધ મૂક્યો છે. ૧૭ ઓગસ્ટે જારી કરાયેલા આ આદેશનો અમલ સમગ્ર કેન્દ્રશાસિત પ્રદેશમાં થશે.

આદેશ મુજબ એનાલોગ પનીર એટલે એવું ઉત્પાદન જેમાં દૂધની ચરબી અથવા દૂધમાંથી મળતા ઘટકોની જગ્યાએ સંપૂર્ણ અથવા આંશિક રીતે વનસ્પતિ તેલ, વનસ્પતિ ચરબી અથવા અન્ય બિન-દૂધ આધારિત સામગ્રીનો ઉપયોગ કરવામાં આવે છે. આવા પનીરનું ઉત્પાદન, સંગ્રહ, પરિવહન, જથ્થાબંધ કે છૂટક વેચાણ હવે પ્રતિબંધિત રહેશે. હોટલ, રેસ્ટોરાં, કેટરર્સ, ઈટરી અને અન્ય ફૂડ બિઝનેસ પણ આવા પનીરનો ઉપયોગ કરીને વાનગી બનાવી શકશે નહીં કે ગ્રાહકોને પીરસી શકશે નહીં. ફૂડ સેફટી વિભાગની કાર્યવાહી દરમિયાન સ્થાનિક બજારમાં આવા પનીરના ઉપયોગના કિસ્સા સામે આવ્યા હોવાનું આદેશમાં જણાવાયું છે.

જોકે, સામાન્ય દૂધમાંથી તૈયાર થતા અસલી પનીર પર કોઈ પ્રતિબંધ મૂકવામાં આવ્યો નથી. ફૂડ સેફટીના નિર્ધારિત ધોરણો મુજબ રેગ્યુલર, મિડિયમ ફેટ અને લો ફેટ પનીરનું વેચાણ કરી શકાશે. આદેશનો ભંગ કરનાર સામે ફૂડ સેફટી એન્ડ સ્ટાન્ડર્ડ્સ એક્ટ હેઠળ કાર્યવાહી કરવામાં આવશે. પ્રતિબંધિત પનીર જપ્ત કરીને નષ્ટ પણ કરવામાં આવી શકે છે.

આસારામ બાપુના સાધકો દ્વારા

# દમણથી ડુંગરા આશ્રમ સુધી સંસ્કૃતિ રક્ષા અને તિરંગા યાત્રા નીકળી





(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૧૮ :** ભારતના ૮૦મા સ્વાતંત્ર્ય પર્વની ઉજવણીના ભાગરૂપે આસારામ બાપુની પ્રેરણાથી દેશભક્તિ અને ભારતીય સંસ્કૃતિના જતનનો સંદેશો આપતી સંસ્કૃતિ રક્ષા અને તિરંગા યાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું. દમણથી શરૂ થયેલી આ યાત્રા સેલવાસ થઈ વાપીના ડુંગરા ખાતે આવેલા આસારામ બાપુના આશ્રમ સુધી પહોંચી હતી. યાત્રામાં મોટી સંખ્યામાં સાધકો કાર અને બાઈક સાથે જોડાયા હતા. સંઘ પ્રદેશ દમણના મરવડથી શરૂ થયેલી યાત્રા મોટી દમણ, જમપોર, બ્રાહ્મણપૂજા સહિતના વિસ્તારોમાંથી પસાર થઈ ભીલાડ અને નરોલી થઈ સેલવાસ શહેરમાં પ્રવેશી હતી.

ત્યારબાદ સેલવાસથી વાપીના ડુંગરા ખાતે આવેલા આશ્રમ પરિસરમાં યાત્રાનું આગમન થયું હતું.યાત્રા દરમિયાન સમગ્ર માર્ગ પર દેશભક્તિનો માહોલ જોવા મળ્યો હતો. તિરંગા સાથે નીકળેલી યાત્રાનું દમણથી સેલવાસ અને વાપી સુધીના માર્ગમાં વિવિધ સ્થળોએ સ્થાનિકો દ્વારા ઠેરઠેર ફૂલોની વર્ષા કરી ઉષ્માભેર સ્વાગત કરવામાં આવ્યું હતું. ડુંગરા આશ્રમ ખાતે યાત્રાનું સમાપન એક સભાના આયોજન સાથે કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે ભારતીય સંસ્કૃતિ, રાષ્ટ્રપ્રેમ અને સંસ્કૃતિના સંરક્ષણનો સંદેશો આપવામાં આવ્યો હતો. મોટી સંખ્યામાં સાધકોની ઉપસ્થિતિને કારણે સમગ્ર કાર્યક્રમ દેશભક્તિના રંગે રંગાયો હતો.

# સેલવાસ શેલ્ટી EMRS માં સ્વાતંત્ર્ય દિન ઉજવાયો



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**સેલવાસ, તા. ૧૮ :** તિરંગાની શાન અને રાષ્ટ્રભક્તિના રંગે રંગાયું શાળાનું પરિસર, વિદ્યાર્થીઓએ રજૂ કર્યા દેશભક્તિમય સાંસ્કૃતિક કાર્યક્રમો શેલ્ટી. પીએમ શ્રી એકલવ્ય મોડેલ રેસિડેન્શિયલ સ્કૂલ (EMRS), શેલ્ટીમાં સ્વાતંત્ર્ય દિવસની ઉજવણી દેશભક્તિ, ઉત્સાહ અને આદિવાસી ગૌરવના વાતાવરણમાં ભવ્ય અને ગૌરવપૂર્ણ રીતે કરવામાં આવી હતી. સમગ્ર શાળા પરિસરમાં રાષ્ટ્રપ્રેમ, એકતા અને રાષ્ટ્રીય ગૌરવની લાગણી જોવા મળી હતી.

સમારોહમાં મુખ્ય અતિથિ તરીકે સીડીપીઓ નમ્રતા પરમાર ઉપસ્થિત રહ્યા હતા. સમાજ કલ્યાણ વિભાગના પ્રિયંકા, ગૌરવ દમાનિયા સહિત અન્ય અધિકારીઓ અને મહાનુભાવો પણ ઉપસ્થિત રહ્યા હતા. શાળાના આચાર્ય રાકેશ કુમારે તમામ મહેમાનોનું સ્વાગત કર્યું હતું. ધ્વજવંદન અને રાષ્ટ્રગાન બાદ વિદ્યાર્થીઓએ દેશભક્તિ ગીતો, નૃત્ય અને વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમોની મનમોહક રજૂઆત કરી હતી.

કાર્યક્રમ દરમિયાન શાળા પરિસર 'ભારત માતા કી જય', 'વંદે માતરમ્' અને 'જય હિંદ'ના નારાઓથી ગુંજી ઊઠ્યું હતું. સમાપન પ્રસંગે શાળા પરિવાર દ્વારા સ્વાતંત્ર્ય સેનાનીઓના ત્યાગ અને બલિદાનને યાદ રાખીને જ્ઞાન, શિસ્ત, સંસ્કાર અને રાષ્ટ્રસેવાના માધ્યમથી વિકસિત અને સશક્ત ભારતના નિર્માણમાં યોગદાન આપવાનો સંકલ્પ લેવામાં આવ્યો હતો.

શેલ્ટી ઇપ્લ્નો આ સ્વાતંત્ર્ય દિવસ સમારોહ માત્ર ઉજવણી પૂરતો સીમિત ન રહેતા રાષ્ટ્રપ્રેમ, આદિવાસી ગૌરવ અને નવી પેઢીના ઉજ્જવળ ભારતના સંકલ્પનો જીવંત સંદેશ બની રહ્યો હતો.

# ધરમપુરની પહેલ ચેરીટેબલ ટ્રસ્ટનું સન્માન કરાયું



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ચીવલ તા.૧૬ :** પહેલ ચેરીટેબલ ટ્રસ્ટ, ધરમપુરના ઋષિતકુમાર મસરાણી અને પૂર્વાજાબેન ભટ્ટ દ્વારા જરૂરિયાતમંદોની સેવા માટે વિવિધ સેવાકીય પ્રવૃત્તિઓ સતત કરવામાં આવી રહી છે.

ધરમપુર ખાતે બહેનોને આત્મનિર્ભર બનાવવા માટે નિઃશુલ્ક સિવણ અને કોમ્પ્યુટર તાલીમ વર્ગો પણ ચલાવવામાં આવે છે.

તાજેતરમાં પૂરગ્રસ્ત વિસ્તારોમાં સર્જાયેલી વિકટ પરિસ્થિતિ દરમિયાન ટ્રસ્ટ દ્વારા વલસાડ ખાતે વિશાળ રાહત કામગીરી હાથ ધરવામાં આવી હતી. પૂરગ્રસ્તોને ૧૦,૦૦૦ ફૂડ પેકેટ, ૨,૦૦૦ નાઈટી, ૧,૦૦૦ આંતરવસ્ત્રો, સેનેટરી પેડ્સ તથા ૧,૦૦૦ ટૂથબ્રશ અને ટૂથપેસ્ટનું વિતરણ કરવામાં આવ્યું હતું. વિદ્યાર્થીઓ માટે ૧,૦૦૦ સ્કૂલબેગ, ૬,૦૦૦ નોટબુક અને ૨,૦૦૦ વોટર બોટલ આપવામાં આવી હતી. આ ઉપરાંત ૩૫થી વધુ સ્વયંસેવકોએ શ્રમદાન કરી સફાઈ અભિયાનમાં પણ સહભાગી બની માનવતાની ઉત્તમ સેવા આપી હતી.

આ પ્રસંશનીય સેવાકીય કામગીરીની નોંધ લઈ આદિજાતિ વિકાસ, ખાદી-ગ્રામોદ્યોગ રાજ્યમંત્રી નરેશભાઈ પટેલના હસ્તે પહેલ ચેરીટેબલ ટ્રસ્ટને પ્રસંશનીય કામગીરીનું પ્રમાણપત્ર આપી સન્માનિત કરવામાં આવ્યું હતું.

# વાપીમાં ભગવાન નેમિનાથનો જન્મ કલ્યાણક મહોત્સવ ઉજવાયો



**વાપી, તા. ૧૮ :** સમકિત ગ્રુપ, વાપી દ્વારા વાપીમાં ભગવાન નેમિનાથનો જન્મ કલ્યાણક મહોત્સવ અત્યંત ભવ્ય અને ધાર્મિક ઉત્સાહ સાથે ઉજવવામાં આવ્યો. આ પાવન અવસરે સમગ્ર વાતાવરણ ભક્તિમય અને આધ્યાત્મિક બની ગયું હતું. કાર્યક્રમમાં મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ ઉપસ્થિત રહીને ભગવાન નેમિનાથના દર્શન અને પૂજનનો લાભ લીધો. આ મહોત્સવના મુખ્ય લાભાર્થી સરલાબેન જયંતિલાલજી નહાર પરિવાર અને કેતનભાઈ, જિનેશ ભાઈ, અભયભાઈ નહાર પરિવાર રહ્યા. આયોજકોએ જણાવ્યું કે ભગવાન નેમિનાથનું જીવન, તેમનો ત્યાગ, અહિંસા અને કરુણાનો સંદેશ આજના સમાજ માટે પ્રેરણાદાયી છે. ઉપસ્થિત ભક્તોએ ભગવાન નેમિનાથ પાસે સુખ, શાંતિ અને સમૃદ્ધિની મંગળકામના કરી.આ કાર્યક્રમને સફળ બનાવવામાં સમકિત ગ્રુપ વાપીના અધ્યક્ષ જૈનમ પરમાર અને તેમની સમગ્ર ટીમનો મહત્વનો ફાળો રહ્યો હતો.

# વાપી મહાનગરપાલિકાની ચૂંટાયેલી બોડી નગરના ભાવિ વિકાસ માટે ટટ્ટાર થઈ રહેલ છે !

**વાપીને આદર્શનગર બનાવવા સ્થાયી સમિતીના અધ્યક્ષ સતિષભાઈ પટેલની પહેલ : વરસાદી પાણીના નિકાલ માટેનું આયોજન : વાપી મનપાને વિકાસ માટે બીજા રૂા. ૫૫ કરોડ મળ્યા : વાપીને સ્માર્ટ સીટી બનાવવા તમામ સાંકડા માર્ગોનું વિસ્તૃતિકરણ આવશ્યક : વાપીની આજની અરાજકતા સાડા ત્રણ દાયકા સુધી પુનરાવર્તિત વિકાસ નકશાના અભાવના કારણે : ગાંધીનગરની રાજકીય ટોપીની બ્રેક ? : વાપીમાં બધી જ વોટર બોડીઓ સાથે ખીલવાડ : નહેર વિભાગ અને પ્રદુષણ નિયંત્રણ બોર્ડ નિદ્રાધીન : વાપી ટ્રાફીક પોલીસ ચલા રોડની બિનજરુરી એન્ટ્રીઓ બંધ કરશે ? : વાપી મનપા દબાણકર્તાઓને ઠેકાણે પાડવા ડ્રોન સર્વે કરશે : વાપીનો આયોજિત વિકાસ મનપા અને વાપી અર્બન ડેવલપમેન્ટ ઓથોરિટીના શિરે**

## દમણગંગાના તીરેથી



**- પ્રવિણસિંહ પરમાર**
(વરિષ્ઠ પત્રકાર, વાપી)
મો. નં. ૯૮૨૫૧ ૫૦૯૯૯

વાપી મહાનગરપાલિકાની ચૂંટાયેલી બોડી હવે વાપીના સર્વાંગી વિકાસ માટે ટટ્ટાર થઈ રહેલ હોવાનું હવે લાગી રહ્યું છે. હાલમાં જ વાપી મહાનગરપાલિકાની સ્થાયી સમિતીની બેઠક ચેરમેન સતિષભાઈ પટેલના અધ્યક્ષસ્થાને મળી હતી અને તેમાં વાપીને આદર્શનનગર બનાવે એવી માળખાકીય સુવિધાઓ ઉભી કરવા અંગે નિર્ણય લેવામાં આવ્યો હતો.

આ વખતના વરસાદે વાપી સહિત આખા ગુજરાતના નાના મોટા શહેરો અને ગામડાઓને ડુબાડયા. કલ્પના બહારની ખાનાખરાબી અને જાનમાલને નુકશાન થયુ. પશુધન નજર સામે તણાયું. નિવાસસ્થાનો ડૂબ્યા. ખાયકીવાળી યોજનાઓનો અસલી ચહેરો પણ તોફાની વરસાદે બતાવી દીધો. આયોજિત વિકાસની વાતોનો પણ છેદ ઉડી ગયો.

વાપી મહાનગરપાલિકાની સ્થાયી સમિતીની બેઠકમાં વાપીમાં વરસાદી પાણીના ભરાવાનો ઈલાજ કરવાની વાતે પણ મગજની કસરત કરવામાં આવી. વાપી નજીકના નેશનલ હાઈવે નં. ૪૮ ઉપર પાણીના નિકાલ માટે પાઈપ લાઈન નાંખવાના કામ પર મતુ મરાયું. એ જ રીતે શ્રદ્ધા હોસ્પિટલ રોડ ઉપર પણ પાણીના નિકાલની વાત ઓ. કે. કરાઈ.

વાપી મહાનગરપાલિકા બનતાં નગરના વિકાસ માટે તગડું બજેટ ફાળવવામાં આવેલ છે. લગભગ રૂા. ૭૫૦ કરોડ રૂપિયાનું.

આ ઉપરાંત ગુજરાત સરકારે ૧૭ મહાનગરપાલિકાઓ અને ૧૫૨ નગર પાલિકાઓને વિકાસ માટે રૂા. ૩,૮૫૦ કરોડ ફાળવ્યા છે. આમાથી રૂા. ૨,૯૯૨ કરોડ ૧૭ મહાનગરપાલિકાઓને મળનાર છે.

વાપી મહાનગરપાલિકાને આ માટે રૂા. ૫૫ કરોડ આપી દેવામાં આવ્યા છે. થતી વાત પ્રમાણે વાપી મહાનગરપાલિકામાં સમાવિષ્ઠ ૧૧ ગામોના વિકાસ માટે આ રકમ ખર્ચવાનું વિચારાયુ છે.

વાપી મહાનગરપાલિકાએ વાપીને સ્માર્ટ સીટીના માર્ગે લઈ જવું હોય તો બાવા આદમના સમયના સાંકડાં રસ્તાઓને યોગ્ય પહોળાઈના બનાવવા પડશે. વાપીના કુદકેને ભુસકે વધી રહેલા તમામ પ્રકારના વાહનો સળતાથી પસાર થાય એ માટે સાંકડા માર્ગોનું વિસ્તૃતિકરણ અનિવાર્ય બની રહેશે. આ માટે કેટલાંક માર્ગ ઉપરની મિલકતોને પણ ધરાશાયી કરવી પડશે.

વાપીની આજની અવદશા અમે અનેકવાર જણાવેલ છે તે મુજબ દર દસ વર્ષે કરવા જોઈતા નવા પુનરાવર્તિત વિકાસ નકશાના સંપૂર્ણ અભાવના કારણે વાપીનો પુનરાવર્તિત વિકાસ નકશો વર્ષ ૧૯૮૫માં બન્યો હતો. એ પછી વાપીના વિકાસ સાથે પાંચથી ૬ જેટલાં વિકાસ નકશા બનવા જોઈતા હતાં. પરંતુ ૩૫ વર્ષ સુધી પુનરાવર્તિત વિકાસ નકશાનું કામ ટલ્લે ચઢાવા ગયેલું અને છેક વષ ૨૦ ૨૦ માં નવો વિકાસ નકશો મંજુર થયેલો અને ત્યાં સુધીમાં તો વાપીની કદરૂપી કાયાની વાત પુરી કરી દેવામાં આવેલી !

આ માટેનું અનુમાન લગાવીએ તો એક કારણ એ પણ હોઈ શકે કે ગાંધીનગરની કોઈ મોટી ટોપીને વાપીના કન્સ્ટ્રકશનના બિઝનેસમાં હિત હોય જેથી શહેરી વિકાસ ખાતાના પેટારામાં વિકાસ નકશાને ધરબી રાખે. યા તો વાપી નગરપાલિકાના વર્ષ ૧૯૯૦થી ૨૦૨૦ સુધીના ૩૦ વર્ષના શાસકોને પણ પુનરાવર્તિત વિકાસ નકશા લાવવામાં કોઈ રસ નહીં હોય!

જે હોય એ પણ વાપી જે રીતે વિકાસ નકશાના અભાવના કારણે અરાજક બનેલું છે તેમાંથી તેને બઠુ કરવા મનપાના શાસકોએ યુદ્ધના ધોરણે કામ કરવા પડશે.

વાપીમાં દમણગંગા, કોલક, બિલખાડી, ચલા સહિતની ખનકીઓ સાથે જે નિર્લજ છેતી થતી રહી છે તે પણ બંધ કરવી પડશે. હમણાના જ સમાચાર છે કે દમણગંગા નદીને દુષિત કરવા માટે દોષિત વાપીના ઉદ્યોગો છે. જેને આપણે લોકમાતા તરીકે પુજીએ છીએ તેની કુંખમાં ઔદ્યોગિક પ્રદુષણ ધકેલવું એ કયાં સુધી યોગ્ય ગણાય ?

આમ તો તમામ પ્રકારની વોટર બોડીઓની કાળજી જે તે વિભાગના જળાશય વિભાગની હોય છે. વાપીના જળાશયો પ્રદુષિત ન થાય કે તેની ઉપર કોઈ અતિક્રમણ ન થાય તે જોવાની જવાબદારી અનુક્રમે, ગુજરાત પ્રદુષણ નિયંત્રણ બોર્ડ અને દમણગંગાજળાશય વર્તુળની છે. આમ છતાં આ બંને વિભાગો કદી અસરકારક સાબિત થયાનું જણાયુ નથી.

ફરીથી વાપી નગરના ટ્રાફિક પર આવીએ તો સમગ્ર શહેરના માર્ગો ગેરકાયદે પાર્કિંગથી ફાટફાટ થાય છે. નગરનો એક પણ માર્ગ એવો નહી હોય જયા આડેધડ પાર્કિંગ ન થયુ હોય. ચલા મેઈન રોડ ઉપર અનેક રહેણાંક સોસાયટીઓ આવેલી છે. આ સોસાયટીઓમાં બહારની કારો પાર્ક કરવાની મનાઈ હોય છે. એટેલા ચલા મેઈન રોડ ઉપર જ કારોનું બેફામ પાર્કિંગ થતુ રહે છે.

વાપી મહાનગરપાલિકાના ચલા મેઈન રોડ (ડાભેલ સુધી) પર ધણી બધી બિનજરુરી એન્ટ્રીઓ આવેલી છે

ટ્રાફીક બ્રાન્ચે આ એટ્રીઓ અંગે સ્ટડી કરી બિનજરુરી એન્ટ્રીઓ બંધ કરી દેવી જોઈએ. સંખ્યાબંધ એન્ટ્રીઓ ટ્રાફિક જામનું કારણ બને છે.

વાપીની એ કમનસીબી છે કે અહી એસટી ડેપો પશ્ચિમ એટલે કે વાપી ટાઉનમાં છે. મોટા ભાગે એસટી ડેપો પૂર્વમાં જ હોય છે. પરંતુ વાપીનો કોઈ અવાજ ન હોઈ વાપી જીઆઈડીસીએ વાપીના ડેપો માટે જમીન ફાળવેલી નથી. વાપી ડેપોમાં દરરરોજ ૩૫૦ જેટલી બસોની ટ્રીપો સર્વિસક રોડઉપરથી આવ જા કરશે એટલે ટ્રાફીકની મોકાણ તો રહેવાની જ.

ખરેખર તો વાપી ડેપોની હાલની જગ્યા ખાલી કરી ડેપો પુર્વમાં લઈ જવાયો હોત તો આડેપોવાળી જગ્યા વાપી મહાનગરપાલિકાની કચેરી માટે ખુબ સુવિધાજનક બની રહી હોત. પરંતુ વાપીમાં હવે એસટી ડેપોએ પોતાનું નવુ મકાન પણ બનાવી દીધુ છે એટલે વાપીના પેટમાં કાયમી શૂળ ભોકાતું રહેવાનુ !

થોડા દિવસ ઉપર દમણગંગા ટાઈમ્સ માં સમાચાર હતાં કે વાપી મહાનગરપાલિકા પોતાના કાર્યક્ષેત્રમાં ભરાયેલા વરસાદી પાણીના સંદર્ભમાં ડ્રોન સર્વે કરનાર છે.

સારી વાત છે આ માટે કોઈ મુર્હત જોવાની પણ જરુર ન હોય. આખા રાજયમાં આવી દંડ બેઠક થનાર છે.

વરસાદી પાણીના કુદરતી વહેણ સાથે છિનાળુ કરનારાઓને આ સર્વેમાં સકંજામાં લેવામાં આવશે. અને તેઓ સામે પગલા લેવામાં કોઈ કચાશ નહી રખાય. અતિક્રમણકારીઓએ તો તમામ જળસ્રોતતો ઉપર સામુહિત બળાત્કાર કરેલો છે તેમાં નદી, નાળા, તળાવો, ખનકીઓ અપવાદ રહેલ નથી. વગ વશીલાના બળે તમામ વોટર બોડીઓ ઉપર બાંધકામો થઈ ગયેલા છે.

અને ભવિષ્યમાં દુર્ઘટનાઓ ટાળવા સરકારે કશીય દયા બતાવ્યા સિવાય તમામ દબાણો પર જેસીબી ફેરવવું પડશે.

આશા રાખીએ આમા આરંભે શુરા જેવું નહી થાય!

વાપીના આયોજિત વિકાસના ભાગ તરીકે હાલમાં જ ડેવલપમેન્ટ પ્લાન ડીપી. અને ટાઉન પ્લાનિંગ સ્કીમ ટીપી સંદર્ભમાં મિલકત ધારકો અને બિલ્ડરો અને ડેવલપરો સાથે એક બેઠક મળી હતી. જીલ્લા કલેકટર નીતિન સાંગવાન અને મનપા મેયર દક્ષાબેન પટેલના અધ્યક્ષસ્થાને મળેલ આ બેઠકમાં વાપી મનપાના સમગ્ર કાર્યક્ષેત્રના આયોજિત વિકાસ બાબત ચર્ચા વિચારણા કરાઈ હતી.

બેઠકમાં મિલકતધારકો અને ડેવલપરોએ પોતપોતાનો અવાજ રજુ કર્યો હતો. ખાસ તો આ સ્કીમમાં ૪૦ ટકા જમીનની ફાળવણી સાનમે ખાસ વિરોધ કરાયો હતો. રજુઆતકર્તાઓએ જણાવ્યું કે ૩૦ ટકા જેટલી જમીન તો જાહેર સુવિધાઓ માટે લેવામાં આવી જ છે ત્યારે બીજી ૪૦ ટકા લેવાની વાત સમસ્યાઓ પેદા કરે એમ છે. રજુઆતકર્તાઓએ વાપી નગરને રહેણાંક, ઔદ્યોગિક અને વાણિજય એમ ત્રણ ઝોનમાં વહેચવા સુચન કર્યુ હતું.

બેઠકમાં ખનકી, કાનસ અને નહેર પરના અતિક્રમણો દુર કરવાનું સુચન પણ થયુ હતું.

વાપીના સાંકડા માર્ગોને ભવિષ્યની જરુરિતયાતને લક્ષમાં રાખી પહોળાં કરવાનુ પણ બેઠકમાં જણાવાયું હતું. વાપીના લગભગ ૭૨ ચો.કી.મી. વિસ્તારના વિકાસ માટે હવે મનપા અને વાપી અર્બન ડેવલપમેન્ટ ઓથોરીટી એમ બે વિભાગે વિકાસ બાબતે કમર કસવી પડશે.

# કેટલાંક દર્શનો એવું સમજાવે છે કે સંસાર એક ડ્રામા છે

## વાસ્તવિકતા



**સ્વામી સચ્ચિદાનંદ**

(ગતાંકથી શરુ)

થૂંકથી મોઢું લીલું રહે છે. થૂંક ન હોય તો મોઢું ગળું સુકાઈ જાય, માણસ મરી જાય. થૂંક મહાઔષધિ છે. એન્ટિસેપ્ટિક છે. કૂતરું વગેરે થૂંકના દ્વારા ઘાને રુઝવી નાખે છે. થૂંક–લાળ ખોરાક પચાવે છે. રસો ઉત્પન્ન કરે છે. સ્વાદ આપે છે. એટલે તે અમૃત પણ છે.

રક્ત જ જીવન છે. રક્ત ન હોય તો જીવન જ ન રહે. આવી રીતે માંસ-મજ્જા-હાડકાં વગેરે યથાયોગ્ય ઉત્તમ જ છે. તેનાથી જીવન છે. તેના પ્રત્યે ઘૃણા કરનારા જીવન પ્રત્યે ઘૃણા કરે છે. આ બધાં યથાયોગ્ય હોય તો ઉત્તમ આરોગ્ય પ્રાપ્ત થાય. ઉત્તમ આરોગ્ય જ સ્વર્ગ છે. જેની પાસે તે નથી તે નરક ભોગવે છે.

જગત મિથ્યા છે. સ્વપ્નના પદાર્થોની માફક માત્ર દેખાય જ છે. તેની ખરેખર પોતાની સત્તા જ નથી. પ્રતિભાસિત માત્ર છે. જેમ રજ્જીમાં સર્પ દેખાય છે તેમ. આવા મિથ્યા જગત પાછળ ન પડાય. માયાનો પ્રપંચ હોવાથી તેનાથી દૂર રહેવું જ સારું. આવું કેટલાક કહે છે.

જગત મિથ્યા નથી. તે સ્વપ્નના પદાર્થો જેવું કે રઢુમાં સર્પ જેવું પણ નથી. તેની પોતાની સત્તા છે જ. તેથી તે વાસ્તવિક છે. તે સુખ-દુઃખનું કેન્દ્ર છે. તેથી ભાગવાની જરૂર નથી. ભાગવા માગે તોપણ ભગાતું નથી. એક જગતથી ભાગેલો માણસ ફરી પાછો બીજા જગતને વળગતો હોય છે. આ પલાયનવાદી દર્શન લોકોને જગતથી ભગાડે છે. જેથી જગતના પ્રશ્નોથી પણ ભગાડે છે.

સંસાર અસાર છે. કોઈ સાર જ નથી. કોઈ કોઈનું નથી. બધાં સ્વાર્થનાં જ સગાં છે. પાણી વલોવવાથી માખણ ન નીકળે, રેતમાંથી તેલ ન નીકળે. માટે પાણી વલોવવાનું બંધ કરો. સાર તો માત્ર હરિનામમાં જ છે. પ્રભુ ભજો. તૈલધારવત્ હરિસ્મરો અસાર સંસારને લાત મારો સંસાર અસાર છે તે વાત અડધી સાચી છે. સંસાર સારરૂપ પણ છે. આ સંસારમાં જભક્તિ થાય છે. દાન-પુણ્ય–પરમાર્થ થાય છે. લોકોને સુખી કરાય છે. એકબીજાથી પ્રેમ કરાય છે. એકબીજા માટે જીવન ન્યોછાવર કરી શકાય છે. રાષ્ટ્ર માટે, વિશ્વ માટે, જીવજંતુ માટે સમર્પણ કરી શકાય છે. આ લોક અને પરલોક બન્ને આ સંસારમાં જ સુધારી શકાય છે. સંસારમાં ઘણાં સુખો છે જે પામી શકાય છે. આ સંસાર અસાર જ છે તેવું માનીને સંસાર છોડીને અંતે તો સંસારમાં જ રહેવું પડે છે અને સંસારની ગુલામી સ્વીકારવી પડે છે. તૈલધારવત્ બધાભક્તિ ન કરી શકે. તેવીભક્તિ કરવા માટે પણ યોગક્ષેમ તો જોઈએ જ. તેટલું મેળવવા માટે પણ પુરુષાર્થ તો કરવો જ પડે. ન કરો તો પરાશ્રિત થઈ જાવ. આવી રીતે લોકોને અસારતાનો બોધ આપીને સાધુ બનાવવા લોકો લાગી જાય છે. પણ કર્મઠ બનો, પુરુષાર્થી બનો, બળવાન બનો, યોદ્ધા બનો, સેનાપતિ બનો, વૈજ્ઞાનિક બનો, સાહસિક બનો તેવો ઉપદેશ નથી અપાતો. તેથી દર્શનના દ્વારા લોકોને દુર્બળ બનાવાય છે.

કેટલાંક દર્શનો લોકોને સમજાવે છે કે જે થાય છે તે બધું નક્કી જ હોય છે. નિયતિ પ્રમાણે જ પૂરું બ્રહ્માંડ કાર્ય કરે છે. એક તણખલું પણ નિયતિ વિના આઘુંપાછું થતું નથી.

આવા નિયતિવાદી દર્શનથી પુરુષાર્થને ધક્કો વાગે છે. લોકો પુરુષાર્થ નથી કરતા. પરિણામે પછાત ગરીબ ગુલામ થઈ જાય છે. મારી દૃષ્ટિએ આવું કશું જ નિયત નથી હોતું. આયુષ્ય વધારી શકાય છે. ઘટાડી શકાય છે. આરોગ્ય સુધારી શકાય છે. બગાડી શકાય છે. પ્રજાને દરિદ્ર બનાવી શકાય છે અને સમૃદ્ધ પણ બનાવી શકાય છે. આવું ઘણુંબધું લોકો કરી શકે છે. જેમણે કર્યું તે આગળ વધ્યા, જેમણે ન કર્યું તે પછાત થયા.

કેટલાંક દર્શનો એવું સમજાવે છે કે સંસાર એક ડ્રામા છે. નાટક છે. પહેલેથી ગોઠવેલું છે. તે પ્રમાણે જ બધું ચાલ્યા કરે છે. તેમાં કશો ફેરફાર ન થઈ શકે. પાંચ હજાર વર્ષની આ ફિલ્મ પટ્ટી ફરી પાછી હતી તેવી ને તેવી પુનરાવૃર્તિત થયા કરે છે. બસ ડ્રામા છે, માત્ર ડ્રામા

૨૪. જો આ વાત સાચી હોય તો નવું કશું કરવાનું રહેતું નથી. તો તો પછી ફિલ્મની પટ્ટીને જોતા જ રહેવાનું થયું. આ રીતે પણ પુરુષાર્થ, સાહસ, મહત્ત્વાકાંક્ષા વગેરે મંદ પડી જાય છે. સમાપ્ત થઈ જાય છે. પ્રજા પછાત થઈને દરિદ્ર - ગુલામ થઈ જાય છે. તાત્ત્વિક રીતે જોઈએ તોપણ આ વાત સાચી નથી. જે જૂનાં ખોદકામ થયાં છે તેમાંથી ટી.વી વીડિયો, રેલવે, મોટર, કમ્પ્યુટર, વિમાન વગેરેના ટુકડા નીકળ્યા નથી. માત્ર માટીનાં સામાન્ય ઠીકરાં જ નીકળ્યાં છે. જે આજે છે તે બધું જો પાંચ હજાર વર્ષ પહેલાં પણ હોત તો તેના ટુકડા વગેરે નીકળ્યા હોત. આ બધું વિજ્ઞાનની નવીનવી શોધોથી થયું છે. જેણે આવી શોધો કરી છે. તે પ્રજા આગળ છે. ડ્રામાવાળી પછાત થઈ ગઈ છે. કારણ કે તેને તેવી પ્રેરણા જ નથી. જે પાંચ વર્ષની બાળકી સાથે બળાત્કાર થાય છે તે દર પાંચ હજાર વર્ષે પુનરાવૃર્તિત થવાનો હોય તો બાળકીનો કે બળાત્કારીઓનો શો દોષ? આ બધું તો નક્કી જ હતું. ડ્રામા હતો. આ રીતે પ્રજાને રાષ્ટ્રને સુખી - સમૃદ્ધ ન કરી શકાય.

આવાં અનેક નકારવાદી દર્શનોએ પ્રજાને પુરુષાર્થહીન, કર્મઠતાહીન, સાહસહીન, મહત્ત્વાકાંક્ષાહીન થવાની પ્રેરણા આપી છે. આપી રહ્યાં છે. તેથી પ્રજા નમાલી અને પછાત બની છે. દર્શન પ્રજાજીવનમાં મહત્ત્વનો ભાગ ભજવતાં હોય છે. તે જ જો ઊંધો માર્ગ બતાવે તો પ્રજાનું કલ્યાણ ન થઈ શકે.

હું આત્મા છું એવું બોલબોલ કરવાથી કોઈ પ્રશ્ન ઉકેલાતો નથી. આવું બોલવાની જરૂર જ નથી. હું આત્માનો બાપ છુ એવું

બોલવાથી કાંઈ બાપ થઈ જવાતું નથી. તેવી રીતે આત્મા છું તેમ કહેવાથી દેહ અને સંસારની અસરો મટી જતી નથી. કોરો આત્મવાદ વાંઝિયો છે. પ્રશ્નો ન ઉકેલે તેને વાંઝિયો કહેવાય.

આવાં અનેક દર્શનોથી ભારતીય પ્રજાના આચાર-વિચાર ઘડાયા છે. જેથી મહેચ્છા, મહત્ત્વાકાંક્ષા આક્રમણ કે પ્રત્યાક્રમણની પ્રેરણા થતી નથી. ખરો રોગ અહીં જ છે. જે જે ક્રિયાઓ ઈશ્વરની સમીપમાં લઈ જાય તે બધી ઉપાસના છે. શારીરિક, માનસિક, વાચિક, બૌદ્ધિક રીતે ઉપાસના કરી શકાય છે. ઉપાસના અવશ્ય કરવી જોઈએ. તેનાથી વધુ બીજું કોઈ કલ્યાણકારી કર્મ નથી. સાચી ઉપાસના લાંબો સમય કરવાથી ઘણી યોગ્ય ઈચ્છાઓ પૂરી થાય છે. ઉપાસના કલ્પતરુ છે. ઉપાસનાનો મૂલ આધાર શ્રદ્ધા છે. શ્રદ્ધા તૂટે તેવો સંગ ન કરવો. શ્રદ્ધા વધે તેવો સંગ કરવો. ઉપાસના ચમત્કારો માટે નથી, ચમત્કારદર્શીઓથી દૂર રહેવું ઉપાસનાથી જ્ઞાનપ્રાપ્તિ પણ થાય છે. ઉપાસનાથી સાચી શાંતિ પણ પ્રાપ્ત થાય છે. ઉપાસનાથી જીવન ધન્ય-ધન્ય થઈ જાય છે. ગરીબ-દુઃખી માણસે નિરાશ થયા વિના ઉપાસના જરૂર કરવી. આર્ત, અર્થી, જિજ્ઞાસુ અને જ્ઞાની એ ચાર ભેદથી ઉપાસકો બતાવાયા છે, જ્ઞાની (નિષ્કામી) ઉપાસક સર્વશ્રેષ્ઠ છે. ઉપાસના બને તેટલી એકાંતમાં કરવી. પણ નામજાપ તો જાહેરમાં પણ કરવા, હા, પ્રદર્શનની લાલસા વિના. ઓછામાં ઓછી સામગ્રીથી ઉપાસના કરવી. બને તો કશી જ સામગ્રી વિના ઉપાસના કરવી. મંત્ર કે દેવ બદલ બદલ ન કરવો. દેવ કે મંત્ર મહાન નથી શ્રદ્ધા મહાન છે.

**(વધુ આવતા અંકે)**

# અખિલ ભારતીય રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘ પર શિક્ષકોનો અતૂટ વિશ્વાસ



**નાનાપોંઢાનો પત્ર**
**ડો. બાબુ ચૌધરી, નાનાપોંઢા**

આજના સમયમાં શિક્ષક માત્ર વર્ગખંડમાં શિક્ષણ આપનાર વ્યક્તિ નથી, પરંતુ સમાજના ઘડતર અને રાષ્ટ્રના વિકાસમાં મહત્વની ભૂમિકા ભજવનાર સશક્ત વ્યક્તિ છે. શિક્ષકો પોતાની શૈક્ષણિક જવાબદારીઓ નિષ્ઠાપૂર્વક નિભાવવાની સાથે અનેક વહીવટી અને સરકારી કામગીરી પણ કરતા હોય છે.

આવી પરિસ્થિતિમાં શિક્ષકોના પ્રશ્નોને સમજતું, તેમના હક્કો માટે અવાજ ઉઠાવતું અને મુશ્કેલીના સમયે તેમની પડખે ઊભું રહેતું સંગઠન હોવું અત્યંત જરૂરી છે. આ સંદર્ભમાં અખિલ ભારતીય રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘ આજે શિક્ષકોમાં વિશ્વાસનું મજબૂત કેન્દ્ર બની રહ્યું છે.

શૈક્ષિક મહાસંઘે છેલ્લા કેટલાક સમયગાળામાં શિક્ષકોની અનેકવિધ સમસ્યાઓના નિરાકરણ માટે સતત પ્રયત્નો કર્યા છે. શિક્ષકોના નાના પ્રશ્નોથી લઈને મહત્વના સેવા સંબંધિત પ્રશ્નો સુધી સંગઠન દ્વારા રજૂઆતો, માર્ગદર્શન અને જરૂરી તબક્કે યોગ્ય સ્તરે અવાજ ઉઠાવવાની કામગીરી કરવામાં આવી રહી છે. પરિણામે શિક્ષકોમાં આ સંગઠન પ્રત્યેનો વિશ્વાસ દિવસેને દિવસે વધુ મજબૂત બનતો જોવા મળી રહ્યો છે.

### શિક્ષકોના પ્રશ્નોમાં સતત સક્રિય ભૂમિકા

શિક્ષકના જીવન સાથે જોડાયેલા અનેક પ્રશ્નો એવા હોય છે કે જે બહારથી સામાન્ય જણાય, પરંતુ શિક્ષક માટે તે ખૂબ જ મહત્વના હોય છે. રજાના પ્રશ્નો હોય, ચૂંટણીલક્ષી કામગીરી હોય, વસ્તીગણતરી જેવી વધારાની કામગીરી હોય, સેવાપોથી સંબંધિત પ્રશ્નો હોય કે ઉચ્ચતર પગાર ધોરણ અને વહીવટી કામગીરી સંબંધિત સમસ્યાઓ હોય–આ તમામ મુદ્દાઓમાં શિક્ષકોને યોગ્ય માર્ગદર્શન અને સહકાર મળે તે માટે શૈક્ષિક મહાસંઘ સતત કાર્યરત છે.

શિક્ષકોની વ્યક્તિગત સમસ્યાઓને પણ સંગઠન ગંભીરતાથી લે છે. દરેક શિક્ષકની સમસ્યા એકસરખી હોતી નથી. કોઈ શિક્ષકને સેવા સંબંધિત માર્ગદર્શનની જરૂર હોય છે, તો કોઈને વહીવટી પ્રક્રિયા અંગે મદદની જરૂર હોય છે. આવા સમયે સંગઠનના જવાબદાર કાર્યકરો શિક્ષકો સાથે રહીને તેમની સમસ્યાને સમજવાનો અને યોગ્ય રીતે રજૂ કરવાનો પ્રયાસ કરે છે. આ કારણે શિક્ષકોમાં એવી લાગણી વિકસિત થઈ છે કે મુશ્કેલીના સમયમાં તેમની સાથે ઊભું રહેતું કોઈ સંગઠન છે. આ વિશ્વાસ જ કોઈપણ સંગઠનની સૌથી મોટી શક્તિ છે.

### શિક્ષણ, સમાજ અને રાષ્ટ્રહિતને કેન્દ્રમાં રાખી કાર્ય

અખિલ ભારતીય રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘની કામગીરી માત્ર શિક્ષકોના સેવા સંબંધિત પ્રશ્નો પૂરતી મર્યાદિત નથી. શિક્ષણની ગુણવત્તા, સમાજનું નિર્માણ અને રાષ્ટ્રહિત જેવા વ્યાપક મુદ્દાઓને પણ સંગઠન મહત્વ આપે છે.

શિક્ષક સમાજનો માર્ગદર્શક છે. શિક્ષક દ્વારા આપવામાં આવતું શિક્ષણ માત્ર પાઠ્યપુસ્તક પૂરતું નથી, પરંતુ વિદ્યાર્થીઓમાં સંસ્કાર, જવાબદારી, રાષ્ટ્રભાવના અને સામાજિક જાગૃતિનું નિર્માણ પણ કરે છે. તેથી શિક્ષકોની સમસ્યાઓનું નિરાકરણ અને તેમના કાર્યને અનુકૂળ વાતાવરણનું નિર્માણ એ સમગ્ર સમાજના હિત સાથે જોડાયેલું છે.

શૈક્ષિક મહાસંઘ શિક્ષણ અને શિક્ષકના હિતને સાથે રાખીને સમાજ અને રાષ્ટ્રના વિકાસ માટે કાર્ય કરવાની દિશામાં આગળ વધી રહ્યું છે. શિક્ષક મજબૂત બનશે તો શિક્ષણ મજબૂત બનશે અને શિક્ષણ મજબૂત બનશે તો સમાજ અને રાષ્ટ્ર વધુ સશક્ત બનશે–આ વિચારધારા સાથે સંગઠનની કામગીરી આગળ વધી રહી છે.

### વલસાડ જિલ્લામાં સંગઠનની સક્રિય કામગીરી

વલસાડ જિલ્લામાં અખિલ ભારતીય રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘના કાર્યકરો શિક્ષકોના પ્રશ્નોને વાચા આપવા માટે સક્રિય ભૂમિકા ભજવી રહ્યા છે. જિલ્લા કક્ષાએ અધ્યક્ષ અજિત ઠાકોર અને મહામંત્રી રામુભાઈ જે. પટેલ સંગઠનની કામગીરીને આગળ ધપાવી રહ્યા છે.

તે જ રીતે વિવિધ તાલુકાઓમાં પણ સંગઠનના જવાબદાર કાર્યકરો શિક્ષકોના પ્રશ્નો માટે સક્રિય છે. નાનાપોંઢા તાલુકામાં અધ્યક્ષ ડૉ. બાબુ ચૌધરી અને મહામંત્રી ગોવનભાઈ પટેલ, કપરાડા તાલુકામાં અધ્યક્ષ શીતલભાઈ પટેલ અને મહામંત્રી પ્રકાશભાઈ નિકુળિયા, ધરમપુર તાલુકામાં અધ્યક્ષ પાયલબેન પટેલ અને મહામંત્રી ઈશ્વરભાઈ ગવળી, પારડી તાલુકામાં અધ્યક્ષ કેશવભાઈ રોહિત અને મહામંત્રી ગીતાબેન પટેલ, ઉમરગામ તાલુકામાં અધ્યક્ષ કમલેશભાઈ ચૌહાણ અને મહામંત્રી ધર્મેશભાઈ પરમાર, વલસાડ તાલુકામાં અધ્યક્ષ શૈલેષભાઈ પટેલ અને મહામંત્રી કલ્પેશભાઈ પટેલ તથા વાપી મહાનગરપાલિકા વિસ્તારમાં અધ્યક્ષ હેતલભાઈ પટેલ અને મહામંત્રી તસ્વીરભાઈ પટેલ સક્રિય રહીને શિક્ષકોના પ્રશ્નોને વાચા આપી રહ્યા છે. આ તમામ કાર્યકરોનું સતત માર્ગદર્શન, સંપર્ક અને શિક્ષકો સાથેનું જોડાણ સંગઠનને ગ્રામ્ય વિસ્તારથી લઈને તાલુકા અને જિલ્લા સ્તર સુધી મજબૂત બનાવવામાં મહત્વપૂર્ણ બની રહ્યું છે.

### વિશ્વાસ જ સંગઠનની સૌથી મોટી મૂડી

કોઈપણ સંગઠનની સાચી તાકાત તેના સભ્યોનો વિશ્વાસ હોય છે. જ્યારે શિક્ષકને એવું લાગે કે પોતાની સમસ્યા રજૂ કરવા માટે કોઈ વિશ્વસનીય મંચ છે અને જરૂરિયાતના સમયે સંગઠન તેની પડખે ઊભું રહેશે, ત્યારે સંગઠન સાથેનું જોડાણ વધુ મજબૂત બને છે.આજે વલસાડ જિલ્લાના અનેક શિક્ષકોમાં પણ શૈક્ષિક મહાસંઘ પ્રત્યે આવો જ વિશ્વાસ જોવા મળી રહ્યો છે.

શિક્ષકોના પ્રશ્નોને યોગ્ય રીતે રજૂ કરવા, ન્યાયસંગત માંગણીઓ માટે પ્રયત્ન કરવા અને શિક્ષકોને માર્ગદર્શન આપવા સંગઠન સતત કાર્યરત રહે છે, જેના કારણે સંગઠનની સ્વીકાર્યતા વધી રહી છે.શિક્ષકોમાં એવી લાગણી પણ વ્યક્ત થઈ રહી છે કે સંગઠન મજબૂત રીતે અને સારું કામ કરી રહ્યું છે. જો શિક્ષણ, શિક્ષક, સમાજ અને રાષ્ટ્રના હિત માટે નિષ્ઠાપૂર્વક કામ કરવાનું હોય તો અખિલ ભારતીય રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘ જેવી વિચારધારા અને કાર્યશૈલી ધરાવતું સંગઠન મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી શકે છે.

### આવનારા સમયમાં વધુ મજબૂત બનવાની અપેક્ષા

શિક્ષણ ક્ષેત્ર સતત પરિવર્તનશીલ છે. નવી નીતિઓ, નવી વહીવટી વ્યવસ્થાઓ અને વધતી જવાબદારીઓ વચ્ચે શિક્ષકો સમક્ષ નવા પ્રશ્નો ઊભા થતા રહે છે. આવી સ્થિતિમાં શિક્ષકોના પ્રશ્નોને સમયસર સમજવા અને યોગ્ય મંચ સુધી પહોંચાડવા સંગઠનની ભૂમિકા વધુ મહત્વપૂર્ણ બનશે.

શૈક્ષિક મહાસંઘ દ્વારા અત્યાર સુધી કરવામાં આવેલા પ્રયત્નો શિક્ષકોમાં વિશ્વાસ જગાવવામાં સફળ રહ્યા છે. આવનારા સમયમાં પણ શિક્ષકોના હિતને કેન્દ્રમાં રાખીને વધુ સક્રિયતા, પારદર્શિતા અને સંગઠિત પ્રયાસો થાય તેવી શિક્ષકોની અપેક્ષા છે. અંતે કહી શકાય કે અખિલ ભારતીય રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘ આજે માત્ર એક સંગઠન તરીકે નહીં, પરંતુ શિક્ષકોના પ્રશ્નો માટેના વિશ્વસનીય મંચ તરીકે પોતાની ઓળખ મજબૂત કરી રહ્યું છે. શિક્ષકોના નાના-મોટા પ્રશ્નોથી લઈને શિક્ષણ, સમાજ અને રાષ્ટ્રના વ્યાપક હિત સુધી સતત કાર્ય કરવાની તેની પ્રતિબદ્ધતા શિક્ષકોમાં વિશ્વાસ વધારી રહી છે. શિક્ષકોનો આ વિશ્વાસ જ સંગઠનની સાચી શક્તિ છે. અને જ્યારે સંગઠન શિક્ષકોની સાથે, શિક્ષકોના હિત માટે અને શિક્ષણ તથા રાષ્ટ્રના હિતને કેન્દ્રમાં રાખીને અડીખમ ઊભું રહે છે, ત્યારે તેની યાત્રા વધુ મજબૂત અને વ્યાપક બનતી જાય છે.

VAPI PAGE - 5

# પારડી તાલુકા વિશેષ

Wednesday 19, August 2026

- પારડી
- ઉદવાડા
- વાઘછીપા
- પરીયા

પ્રેસનોટ, જાહેરખબર, અવસાન નોંધ વગેરે આપવા માટે સંપર્ક કરો : ૯૮૭૯૩૭૪૬૦૫

મુખ્ય કાર્યાલય સંપર્ક : મો. ૯૮૨૫૧ ૨૨૫૦૫ / ઈ-મેઈલ : edior.dgt@gmail.com - damangangatimes.com

## ડુમલાવમાં મંજુરી વિના જમીન બિનખેતી કરવાની પરવાનગીથી ગ્રામજનોમાં રોષ

### PESA Act ના નિયમોનું ઉલ્લંઘન થતુ હોવાના ગંભીર આક્ષેપો સાથે ગ્રામજનોનું કલેકટરને આવેદન આપ્યું



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**પારડી, તા. ૧૮ :** પારડી તાલુકાના અનુસૂચિ-૫ Schedule-5 હેઠળ આવતા ડુમલાવ ગામમાં પેસા એક્ટ PESA Act ના નિયમોનું ઉલ્લંઘન થતું હોવાના ગંભીર આક્ષેપો સાથે સરપંચ પ્રકાશભાઈ ગુલાબભાઈ પટેલની આગેવાની હેઠળ ગ્રામજનોએ વલસાડ કલેક્ટર અને પારડી પ્રાંત અધિકારી નિરવભાઈ પટેલને આવેદનપત્ર સોંપ્યું હતું. આ સાધારણ ગ્રામસભામાં પસાર કરાયેલા ૮ મહત્ત્વપૂર્ણ ઠરાવો સાથે કલેક્ટરને સંબોધીને રજૂઆત કરવામાં આવી છે.

જે આવેદનપત્રમાં જણાવ્યા મુજબ, ગામમાં ગ્રામસભાની મંજૂરી વિના જમીન બિનખેતી N.A. કરવા માટે અપાઈ રહેલી પરવાનગીઓ સામે ભારે રોષ વ્યક્ત કરાયો છે. ઔદ્યોગિક એક્મો, બહારના વ્યક્તિઓ માટે રેસિડેન્શિયલ સોસાયટી, કોમર્શિયલ ગોડાઉન, અન્ય બાંધકામોથી ગામની આદિવાસી સંસ્કૃતિ, શાંતિપર્યાવરણ જોખમાવાની ભીતિ દર્શાવાઈ છે. જેમાં ગામમાં પ્રાકૃતિક અને ઓર્ગેનિક ખેતીને પ્રોત્સાહન મળી રહ્યું છે. કોઈ પણ ઔદ્યોગિક કે કોમર્શિયલ પ્રોજેક્ટને મંજૂરી ન આપવા માગ કરાઈ છે. તેમજ ગ્રામસભાનો અભિપ્રાય લીધા વિના જમીન N.A. ન કરવા જણાવાયું છે. ભૂતકાળની જેમ ગેસ કે વીજ લાઈન માટે ગ્રામસભાની મંજૂરી વિના સંપાદન ન કરવા જણાવાયું છે. ઉપરાંત ૧૩૫-ડીની નોટિસો ગ્રામસભા સમક્ષ મૂકવા ઠરાવાયું છે. જમીન વેચાણમાં 73AA મુજબ આદિવાસીઓને જ પ્રાથમિકતા આપવા પણ ઠરાવાયું છે.

## પારડી પંથકના શિવાલયો શ્રાવણ માસમાં શિવમય થયા







(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

પારડી, તા. ૧૮ : પવિત્ર શ્રાવણ માસનો પ્રારંભ થતાં જ સમગ્ર પંથકમાં ભક્તિમય માહોલ જોવા મળી રહ્યો છે. શ્રાવણ માસના પ્રથમ સોમવારે પારડી સ્થિત વિવિધ શિવાલયો અને મંદિરોમાં વહેલી સવારથી જ શ્રદ્ધાળુઓની ભારે ભીડ જોવા મળી હતી શ્રદ્ધાળુઓએ ભગવાન શિવને બીલીપત્ર, પુષ્પ, જળ અને દૂધનો અભિષેક કરી ધન્યતા અનુભવી હતી. આ સાથે જ આજે નાગપંચમીનો પવિત્ર તહેવાર હોવાથી મંદિરોમાં વહેલી સવારથી જ વિશેષ પૂજા-અર્ચના યોજાઈ હતી પારડી તળાવ ની પાળ સ્થિત આવેલ પ્રાચીન વૈજનાથ મહાદેવ મંદિર, એકલિંગી મંદિર, અને આસપાસના વિસ્તારના શિવાલયોમાં વહેલી સવારે ૪ વાગ્યાથી જ ભક્તો દર્શનાર્થે લાઈન લગાવીને ઊભા રહી ગયા હતા. ઓમ નમઃ શિવાય અને હર હર મહાદેવ ના પવિત્ર નાદથી શિવાલયો ગુંજી ઉઠ્યા હતા. ભક્તોએ મહાદેવના ચરણોમાં શીશ નમાવી આશીર્વાદ પ્રાપ્ત કર્યા હતા શ્રાવણના પ્રથમ સોમવારની સાથે નાગપંચમીની તિથિનો પણ શુભ સંયોગ રચાયો છે. આ પ્રસંગે મહિલાઓ અને બહેનોએ નાગદેવતાની વિધિવત પૂજા-અર્ચના કરી હતી. બાળકો તથા પરિવાર પર સર્પ ભય ન રહે અને સૌનું કલ્યાણ થાય તે માટે વિશેષ પ્રાર્થના કરવામાં આવી હતી. આ ઉપરાંત, મહિલાઓએ સુયોગ્ય જીવનસાથી, સુખમય જીવન અને ઉત્તમ તંદુરસ્તીની કામના અર્થે ૧૬ સોમવારનું વ્રત રાખી મહાદેવના આશીર્વાદ મેળવ્યા હતા. મંદિરના પૂજારી એ જણવ્યું કે ભગવાનના પૂજા-પાઠ કરીને ભક્તો આશીર્વાદ મેળવી પ્રસન્નતા અનુભવે છે. શ્રાવણના પ્રથમ સોમવારે પારડીના તમામ મંદિરોમાં ભક્તિ, શ્રદ્ધા અને ઉલ્લાસનો ત્રિવેણી સંગમ જોવા મળ્યો હતો.

## પારડીના ૭ ગામોને કચરો ઉપાડવા માટે ટેમ્પાની ફાળવણી કરાઈ

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

પારડી, તા. ૧૮ : સ્વચ્છ ભારત મિશન હેઠળ આવતા પારડી તાલુકાના સાત જેટલા ગામોને ૧૫માં નાણાપંચમાંથી ટેમ્પાની ફાળવણી કરવામાં આવી હતી જેનો પારડીના લોકપ્રિય ધારાસભ્ય અને નાણામંત્રી કનુભાઈ દેસાઈ અને હસ્તે લીલી ચંડી બતાવી પ્રસ્થાન કરવામાં આવ્યું હતું આ ટેમ્પો હવે દરરોજ ગામમાં ભીનો અને સૂકો કચરો લેવા માટે જશે આપણા પ્રધાનમંત્રી મોદીજીનું સ્વપ્ન સ્વચ્છ ભારત મિશનનું હોય જેને ધ્યાનમાં રાખી પાડી તાલુકા પંચાયતમાં સાત જેટલી ગ્રામ પંચાયત જેમાં કોલક કલસર ડુંગરી મોતીવાડા તીઘરા ડુમલાવ સોઢલવાડા વગેરે ગામોને છોટા હાથી ટેમ્પો આપવામાં આવ્યો હતો આ પ્રસંગે ડેપ્યુટી કલેકટર નિરવભાઈ પટેલ ટીડીઓ સંદીપ ભગોરા તાલુકા પંચાયત પ્રમુખ કિન્નરી બેન પટેલ, ઉપપ્રમુખ હિરેન પટેલ, ગીતા રબારી કારોબારી અધ્યક્ષ હેમલતાબેન ટંડેલ સરપંચ રવિન્દ્રભાઈ પટેલ જયસુખભાઈ નાયકા અજયભાઈ પટેલ પ્રકાશભાઈ પટેલ સુનિતાબેન ચંદ્રકાંત પટેલ ધીરુભાઈ પટેલ હેમાબેન જીતેન્દ્રભાઈ પટેલ ગ્રેવિંનભાઈ ટંડેલ વગેરે આજુબાજુના સરપંચો તલાટી કમ મંત્રીઓ હાજર રહ્યા હતા.

આ ટેમ્પા મળતા હવે ગામમાં સ્વચ્છતા રહેશે અને ગ્રામજનોને ભીનો તથા સુકો કચરો નિકાલ કરવા માટેની ઉત્તમ સુવિધા મળી શકશે આધુનિક વાહન ગ્રામ પંચાયતોને મળ્યો છે એટલે હવે સ્વચ્છતા તરફ વેગ મળ્યું છે લોકો નિરોગી બનશે.

## ઉદવાડા સિનિયર સિટીઝન કલબની સામાન્ય મીટીંગ મળી



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

પારડી, તા. ૧૮ : પારડી ઉદવાડા સિનિયર સિટીઝન કલબ ઓફ ઉદવાડા ની સામાન્ય મીટિંગ યોજાઈ હતી સિનિયર સિટિઝન કલ્બ ઓફ ઉદવાડા ની અજરોજ મંડળ ના પ્રમુખ હસુભાઈ પટેલના અધ્યક્ષ પણા હેઠળ યોજાઇ હતી. આ અવસરે અથિતિ વિશેષ અને મુખ્ય વક્તા તરીકે વલસાડના ગિરીશભાઈ મિસ્ત્રી પધાર્યાહતા જેમણે પોતાના વક્તવ્યથી સૌને પ્રભાવિત કર્યા હતા

તો એમની સાથે ડૉક્ટર દેસાઇ પણ પધાર્યા હતા. પધારેલ બંને મહેમાનોનું સાલ ઓઢાડી અભિવાદન કરવામાં આવ્યું હતું. આજની આ બેઠકમાં ખૂબ મોટી સંખ્યામાં સિનિયર સિટિઝન ઉપસ્થિત રહ્યા હતા. અને મુખ્ય વક્તાના જ્ઞાન નો લાભ લીધો હતો.

ગિરીશભાઈ મિસ્ત્રીએ ઉપસ્થિત સૌ લોકોને જ્ઞાનવર્ધક પુસ્તક ભેટ સ્વરૂપે આપ્યું હતું જેનો આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો. અજની આ મીટિંગમાં હસુભાઈ વસંતભાઈ કિશોરભાઈ તેમજ ગિરીશભાઈ અને અન્ય હોદેદારો સહિત અનેક લોકો ઉપસ્થિત રહ્યા હતાં કાર્યક્રમનું સંચાલન ગિરીશભાઈ તેમજ વસંત ભાઈ દ્વારા કરવામાં આવ્યું હતું.

## પારડી ન.પા.માં સ્વાતંત્રતા પર્વની ઉજવણી થઈ

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**પારડી, તા. ૧૮ :** પારડી નગરપાલિકામાં ૮૦માં સ્વાતંત્ર પર્વની ઉજવણી કરવામાં આવી હતી પાલિકા પ્રમુખ ચેતનભાઈ નાયકા ના હસ્તે ધ્વજ વંદન કરવામાં આવ્યું હતું કાર્યક્રમની શરૂઆત માં પારડી કોલેજના એનસીસીના વિદ્યાર્થીઓએ પ્રમુખને દોરી લઈ ગયા હતા અને ધ્વજવંદનને સલામી આપી હતી ત્યારબાદ પ્રમુખએ ઉદબોધન કર્યું હતું ત્યારબાદ વરસ દરમિયાન વિવિધ વિસ્તારોમાં સારી કામગીરી કરેલ હોય તેવા અનેક લોકોને સર્ટિફિકેટ આપવામાં આવ્યા હતા. વિવિધ શાળાના બાળકોએ કૃતિઓ રજૂ કરી



હતી. વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે પારડી નગરપાલિકાના પ્રમુખ ચેતન નાયકા ઉપપ્રમુખ ફાલ્ગુનીબેન ભટ્ટ કારોબારી અધ્યક્ષ ચેતન ભંડારી બાંધકામ અધ્યક્ષ પ્રણવ દેસાઈ ટાઉન પ્લાનિંગ સિરીસ પટેલ, તેમજ પારડી શહેર પ્રમુખ વિપુલ પટેલ મહામંત્રી અશોકભાઈ પ્રજાપતિ તેમજ ચૂંટાયેલા સભ્યો સંગઠનના હોદ્દેદારો શાળાના વિદ્યાર્થીઓ ડોક્ટરો વકીલો તેમજ મોટી સંખ્યામાં લોકો હાજર રહ્યા હતા પાલિકા પ્રમુખે જણાવ્યું હતું કે પારડીના ધારાસભ્ય અને નાણામંત્રી કનુભાઈ દેસાઈના અધ્યક્ષસ્થાનમાં પારડીના વિકાસના કામો થઈ રહ્યા છે અને બાકીના કામો ટૂંક સમયમાં પૂર્ણ કરવામાં આવશે હોવાનું જણાવ્યું હતું.

## પારડી ન.પા.ના આરોગ્ય વિભાગના મુકાદમ પંકજભાઈનું મંત્રી કનુભાઈના હસ્તે સન્માન

દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

પારડી, તા. ૧૮ : પારડી નગરપાલિકાના આરોગ્ય વિભાગમાં કામ કરતા મુકાદમ પંકજભાઈ ગરાણીયા એ પૂરમાં ભૂતકાળ જ કામગીરી કરતા સુખેશ ગામમાં પારડી તાલુકા કક્ષાના સ્વતંત્રતા પર્વની ઉજવણી દરમિયાન પારડીના લોકપ્રિય ધારાસભ્ય કનુભાઈ દેસાઈના હસ્તે એમનો સન્માન પત્ર આપી સન્માન કરવામાં આવ્યો હતો આ પ્રસંગે પાલિકાના ચીફ ઓફિસર



કોમલબેન પારડી ભાજપના પ્રમુખ વિપુલભાઈ સાથે પાલિકાના કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા અને પંકજભાઈ ને સરકાર તરફથી પૂરમાં બચાવ કામગીરી કરવા માટે એવોર્ડ મળતા એમને અભિનંદન પઠાવ્યા હતા પંકજભાઈ પાલિકા માં આરોગ્ય વિભાગમાં સફાઈ વિભાગમાં મુકાદમ છે.

અને સંપૂર્ણ ગામમાં સફાઈનું કામ કરાવે છે અને વરસાદી માહોલમાં બચાવ કામગીરી કરે છે વહીવટી તંત્ર એમને એમની કામગીરી બદલ સન્માનિત કર્યા છે તેઓએ પારડી નગરપાલિકા નહીં પરંતુ પારડીનું ગૌરવ વધાર્યું છે.







પારડી શહેરના મુખ્ય બજારમાં આવેલ રામ ચોકમાં સ્વાતંત્ર પર્વની ઉજવણી કરવામાં આવી હતી જે પ્રસંગે પારડીના જાણીતા ડોક્ટર કેયુર પટેલ ના હસ્તે ધ્વજ વંદન કરવામાં આવ્યું હતું આ પ્રસંગે ડોક્ટર કેયુર પટેલ જણાવ્યું હતું કે સમાજના ઉપયોગી કાર્યોમાં યોગદાન આપવું જોઈએ સ્વતંત્રતા વિરો એ આપણને આઝાદી અપાવી હતી દરેક લોકોએ રોગમુક્ત થવું જોઈએ હોવાનું જણાવ્યું હતું આ પ્રસંગે ધર્મેશ માલી છગનભાઈ માલી પાલિકા કોર્પોરેટર સીરીઝ પટેલ જીતુ ઓઝા, પીન્ટુ મોદી મોટી સંખ્યામાં ભાઈ બહેનો ઉપસ્થિત રહ્યા હતા અને એસીમાં સ્વાતંત્ર પર્વની ઉજવણી કરવામાં આવી હતી.

## ઉદવાડાની શાંતાબા ઈંગ્લિશ મિડીયમ સ્કુલમાં ૮૦મો સ્વાતંત્ર દિવસ ઉજવાયો





(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

પારડી, તા. ૧૮ : પારડી તાલુકાના ઉદવાડા રેલવે સ્ટેશન પાસે આવેલ શાંતાબા ઈંગ્લીશ મીડીયમ સ્કુલ પરિવાર દ્વારા ૮૦માં સ્વતંત્ર દિવસની ભવ્ય ઉજવણીનું આયોજન કરવામાં આવ્યું હતું કાર્યક્રમની શરૂઆત ભારત માતાને વંદન કરતા સાથે રાષ્ટ્ર ધ્વજ ફરકાવી રાષ્ટ્રીય ગાન, ઝંડા ગીત સાથે સલામી આપી હતી. આ પ્રસંગે શાળાના બાળકો રેલીમાં ભાગ લઈ ઉદવાડા સ્ટેશન સુધી સાથે સ્વતંત્રતા નારા અને દેશભક્તિની લહેર લેહરાવતા પરત શાળાએ ફર્યા હતા સાથે બાળકોએ દેશભક્તિના ગીતો અને સાંસ્કૃતિક નૃત્ય દ્વારા દેશપ્રેમ, એકતા, સંસ્કાર અને રાષ્ટ્ર પ્રત્યેની જવાબદારીની ભાવના જગાવવાનો સુંદર પ્રયાસ કર્યો હતો આ ઉત્સવ નિમિત્તે મુખ્ય મહેમાન નરેન્દ્રભાઈ દેસાઈ અને પ્રતિમાબેન દેસાઈ પધાર્યા કે જેમને બાળકોને આશીર્વચન દ્વારા વિદ્યાર્થીઓને દેશપ્રેમ અને રાષ્ટ્ર પ્રત્યેની જવાબદારીની ભાવના જાગૃત કરી હતી.

શાળાના ટ્રસ્ટથી કિશોરભાઈ ગાંધીએ બાળકોને શિસ્ત સાથે, સારા અને જવાબદાર નાગરિક બનવા માટે પ્રેરણા આપી હતી શાળાના આચાર્ય આકાંક્ષા ગાંધીએ બાળકોને પોતાનું ભણતર પોતાનું પ્રતિમા દેશને અર્પણ કરી, સત્યના માર્ગ પર વિશ્વાસ અને સંસ્કારના સાથે હિંમતથી માન સન્માન સાથે જીવનમાં આગળ વધતા રહેવાની શીખ આપી.

આ પ્રસંગે વાલીઓ પણ પધાર્યા હતા જેમણે કાર્યક્રમની શોભા વધારી બાળકોને આત્મવિશ્વાસને પાંખો આપી હતી.

## લિટલ ફ્લાવર્સ સ્કુલમાં ૮૦મો સ્વાતંત્રતા દિવસ ઉજવાયો



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**પારડી, તા. ૧૮ :** લિટલ ફ્લાવર્સ સ્કૂલ કેમ્પસમાં ભારતનો ૮૦મો સ્વાતંત્ર્ય દિવસ અતિ ઉત્સાહ ઉમંગ અને દેશભક્તિની ભાવના સાથે ઉજવવામાં આવ્યો હતો આ વિશેષ કાર્યક્રમનો મુખ્ય હેતુ વિદ્યાર્થીઓમાં દેશપ્રેમ એકતા શિસ્ત અને રાષ્ટ્ર પ્રત્યેની જવાબદારીની ભાવના વિકસાવવાનો હતો કાર્યક્રમની શુભ શરૂઆત શાળાના કૅમ્પસ ડિરેક્ટર જોય સરદાર, આચાર્ય પુષ્કર ગોંડલિયા, શિક્ષકગણ અને વિદ્યાર્થીઓની સન્માનનીય ઉપસ્થિતિમાં થઈ હતી શાળા પરિસરમાં ગૌરવપૂર્વક રાષ્ટ્રધ્વજ ફરકાવવામાં આવ્યો અને ત્યારબાદ સૌએ સાથે મળીને રાષ્ટ્રગાન ગાયું હતું, જેનાથી સમગ્ર કૅમ્પસ દેશભક્તિના વાતાવરણથી ગુંજી ઉઠ્યું હતું. કૅમ્પસ ડિરેક્ટર જોય સરદાર અને આચાર્ય પુષ્કર ગોંડલિયાના માર્ગદર્શન હેઠળ યોજાયેલી આ ઉજવણી ખૂબ જ પ્રેરણાદાયી અને સફળ રહી હતી. આ કાર્યક્રમે બાળકોના મનમાં દેશપ્રેમ અને રાષ્ટ્ર પ્રત્યેના સન્માનની ભાવનાને વધુ દ્રઢ બનાવી હતી.

## પારડીના ખેડ સત્યાગ્રહની ગાથા આજે પણ અવિસ્મરણીય



વલસાડ જિલ્લા અને રાજ્યમાં તથા કેન્દ્રમાં પારડી તાલુકો ખેડ સત્યાગ્રહના લીધે જાણીતું બન્યું હતું. પારડીમાં પહેલી સપ્ટેમ્બરે ખેડ સત્યાગ્રહની ઉજવણી કરવામાં આવે છે સ્વર્ગસ્થ ઈશ્વરભાઈ દેસાઈ અને સ્વર્ગસ્થ ઉત્તમભાઈ પટેલ બંને જણા એ ભૂમિહીન ખેડૂતોને ખેતી કરવા માટે જમીન મળે અને ખેડૂતોને બે ટાણું ભોજન મળી રહે એવા હેતુથી ખેડ સત્યાગ્રહ કર્યો હતો અને અહિંસક લડત મહાત્મા ગાંધીજીના માર્ગે ઉત્તમભાઈ અને ઈશ્વરભાઈની આગેવાની હેઠળ પારડી તાલુકામાં શરૂ કરવામાં આવી હતી જે લડત એવી હતી કે લોકો જેલમાં પણ ગયા હતા પરંતુ લડત બંને આગેવાનોની સફળ થઈ હતી તે વખતની કેન્દ્ર સરકારે ખેડૂતોની લડત અને આંદોલન જોઈ ખેડૂતોના હિતમાં લોકોને જમીન આપવા માટે પરમિશન આપી હતી અને ખેડ સત્યાગ્રહ થકી વિશાળ સંખ્યામાં ભૂમિહીન લોકોને ખેતીની જમીન મળી શકીએ હતી અને લોકોનો સર્વાંગી વિકાસ થઈ શક્યો છે આ લડતમાં વિજય મળ્યા બાદ સતત પહેલી સપ્ટેમ્બર ના રોજ કિસાન પંચાયત પારડી દ્વારા ખેડ સત્યાગ્રહની યાદમાં ખેડ સત્યાગ્રહ ની રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું અને ત્યારબાદ થી હમણાં સુધી અવિરત પણે ખેડ સત્યાગ્રહ પારડીની રેલી યોજવામાં આવે છે સ્વર્ગસ્થ ઈશ્વરભાઈ ની યાદમાં શ્રદ્ધાંજલિ આપવા માટે સ્વર્ગસ્થ ઉત્તમભાઈ રેલી યોજતા હતા અને વિશાળ સંખ્યામાં ખેડૂતો ઉમટી પડતા હતા રેલી જોવા માટે એક ઉમરકો રહેતો હતો લોકોએ માનતા હતા કે ઉત્તમભાઈ આઈ ખા તો ભગવાન આઈ ખા એવો ભગવાનની જેમ ઉત્તમ ભાઈને લોકો માનતા હતા. ઉત્તમભાઈએ પોતાના જીવનમાં જ્યારે કોંગ્રેસ પારડીમાં કેન્દ્રીય મિનિસ્ટર હતા ત્યારે તેઓએ સિવિલ હોસ્પિટલનો વલસાડમાં નિર્માણ કરાવ્યું હતું પારડી તાલુકામાં સ્વર્ગસ્થ ઈશ્વરભાઈ દેસાઈ ના નામથી પારડી પાટ નદી પાસે આઈ.ટી.આઈ નું નિર્માણ કરાવ્યું હતું જેમાં જમીન કિસાન પંચાયતે આપી હતી રોહિણામાં સ્વર્ગસ્થ ઈશ્વરભાઈના નામથી હાઈસ્કુલ બનાવવામાં આવી છે આશ્રમશાળા બનાવવામાં આવી છે. ડુમલાવઓમાં ઈશ્વરભાઈના નામથી સ્કૂલ બનાવવામાં આવી છે અને ઈશ્વરભાઈ નો સ્મારક બનાવવામાં આવ્યો છે ઈશ્વરભાઈ અને કિસાન પંચાયત દ્વારા લોકોનો ઉપયોગી જમીન દાન અને શિક્ષણ માટે સંસ્થાઓનો બાંધકામ કરવામાં વધુ તેઓએ ભાર મૂક્યો હતો એમના સમયમાં એમણે લોકોને ઉપયોગી એવા કામો કર્યા હતા કે લોકો એમને ભગવાનની જેમ માનતા હતા હવે જ્યારે એવો રહ્યા નથી ત્યારે એમની યાદમાં કિસાન પંચાયત દ્વારા દર વર્ષે રેલી યોજવામાં આવે છે. કિસાન પંચાયતના મંત્રી નટુભાઈ પટેલ કે જેવો સ્વર્ગસ્થ ઈશ્વરભાઈ પટેલ અને ઉત્તમભાઈ પટેલ ના નામથી ચાલતી આશ્રમશાળામાં વિશાળ સંખ્યામાં બાળકોનો અભ્યાસ કરાવી બાળકોને જીવનમાં પ્રગતિશીલ થવા માટે પ્રયત્ન કરી રહ્યા છે અને ઉત્તમભાઈ તથા ઈશ્વરભાઈ બંને જણા ના સ્વપ્નને સાકાર કરી રહ્યા છે તેઓએ કહ્યું હતું કે પહેલી સપ્ટેમ્બર ના રોજ રાબેતા મુજબ કિસાન પંચાયત દ્વારા ખેડ સત્યાગ્રહ કિસાન રેલી નું આયોજન કરવામાં આવશે અને સ્વર્ગસ્થ ઉત્તમભાઈ તથા પૂજ્ય ઈશ્વરભાઈને શ્રદ્ધાંજલિ આપવામાં આવશે કપરાડાના ધારાસભ્ય જીતુભાઈ ચૌધરીને દર વર્ષે કિસાન પંચાયત રેલી યોજવા માટે ની જવાબદારી ઉત્તમભાઈએ આપી હોય જેથી જીતુભાઈ ને સાથે રાખી કિસાન પંચાયત પારડી દર વર્ષે ખેડ સત્યાગ્રહ પારડીની રેલી યોજે છે ઉત્તમભાઈ જ્યારે જેવી થતા ત્યારે તેઓ વાપીમાં દેશના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીને મળ્યા હતા ત્યારબાદ પારડીના ધારાસભ્ય કનુભાઈ દેસાઈ ને તેઓએ ખેડ સત્યાગ્રહની રેલીમાં બોલાવ્યા હતા અને જીતુભાઈ ચૌધરી જે ભાજપના હાલના ધારાસભ્ય છે દર વખતે એમના આયોજન થકી કિસાન પંચાયતની રેલીમાં વિશાળ સંખ્યામાં ભાજપના હોદ્દેદારો અને નેતાઓ આવે છે સાંસદ ધવલભાઈ પટેલ અને એમની ટીમ પણ આવી ચૂકી છે એટલે ભારતીય જનતા પાર્ટી દ્વારા કિસાન પંચાયતના સથવારે ભવ્ય કિસાન પંચાયત રેલીનો આયોજન કરવામાં આવે છે હાલમાં ઉત્તમભાઈના વહુ અને માજી તાલુકા પંચાયત પ્રમુખ તારાબેન કિર્તીભાઈ પટેલ અને એમનો દીકરો જીતેન્દ્રભાઈ પટેલ બંને જણા ભારતીય જનતા પાર્ટીમાં છે જીતેન્દ્રભાઈ પટેલ કે જેવો માજી તાલુકા પંચાયતના ભાજપના સદસ્ય છે અને ભારતીય જનતા પાર્ટીમાં સક્રિય છે ઉત્તમભાઈના આદર્શ અને પરંપરા ને આગળ વધારવામાં આવી રહી છે તો બીજી તરફ વલસાડ જિલ્લા કોંગ્રેસ સમિતિ દ્વારા પારડી ખેડ સત્યાગ્રહ રેલી યોજવામાં આવે છે જેમાં સ્વર્ગસ્થ ઈશ્વરભાઈ અને ઉત્તમભાઈ ને શ્રદ્ધાંજલિ આપવામાં આવે છે અને ખેડૂતોને વિવિધ સાધનો એમના યાદમાં વિતરણ કરવામાં આવે છે આ રેલીમાં કોંગ્રેસના નેતાઓ હાજર રહે છે આમ હવે પારડી તાલુકાની ખેડૂત સત્યાગ્રહની રેલી બે જગ્યાએ થાય છે જેમાં કોંગ્રેસ અલગ રેલીનું આયોજન કરે છે અને કિસાન પંચાયત પારડી અને ધારાસભ્ય જીતુભાઈ ચૌધરી ભારતીય જનતા પાર્ટીના નેતાઓ સાથે મળી રેલીનું ભવ્ય આયોજન કરે છે અને સ્વર્ગસ્થ ઉત્તમભાઈ તથા ઈશ્વરભાઈ ને શ્રદ્ધાંજલિ આપવામાં આવે છે એમને લોકો માટે કરેલા કાર્યોને યાદ કરવામાં આવે છે તથા ખેડૂતલક્ષી ભારતીય જનતા પાર્ટીની તમામ યોજનાઓ ખેડૂતો સુધી પહોંચાડવામાં આવે છે જેનાથી ખેડૂતોને લાભ મળતો હોય છે હવે જ્યારે પહેલી સપ્ટેમ્બર નજીક આવી રહી છે ત્યારે આ માટેની તૈયારીઓ પણ શરૂ કરી દેવામાં આવી છે કોંગ્રેસની આરનારામાં બેઠક થઈ ચૂકી છે ત્યારે ભાજપની પણ તૈયારીઓ થઈ રહી છે કિસાન પંચાયત પારડીદ્વારા વિદ્યાર્થીઓના ઘડતર માટે ખરેખર ચોક્કસ દિશા આપવામાં આવી છે. જેને દરેક સમાજ એ જીવનમાં ઉતારવા જોઈએ પારડી આઈટીઆઈ થકી ગરીબ વર્ગના વિદ્યાર્થીઓ કારખાનાઓમાં ચોક્કસ પગાર લઈને પોતાનો જીવન વ્યતીત કરી રહ્યા છે એ જ રીતે દરેક શૈક્ષણિક વિભાગમાં વિદ્યાર્થીઓ અભ્યાસ કરી પોતાના જીવનને પ્રગતિશીલ બનાવી રહ્યા છે.



**પારડીનો પત્ર**

કુલદિપસિંહ રાજપુત, પારડી

## સોંઢલવાડા અશ્વમેઘ શાળામાં સ્વતંત્રતા દિન ઉજવાયો



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

પારડી, તા. ૧૮ : પારડી તાલુકાના સોનઢલવાડા ગામમાં આવેલ અશ્વમેઘ વિદ્યાલયના પ્રાંગણમાં સ્વતંત્રતા પર્વની ભવ્ય અને દેશભક્તિમય ઉજવણી કરવામાં આવી હતી સમગ્ર કાર્યક્રમ ઉત્સાહ, આનંદ અને રાષ્ટ્રપ્રેમના વાતાવરણમાં યોજાયો હતો. આ પ્રસંગે શાળાના મુખ્ય મહેમાન તરીકે કેમ્પસ ડાયરેક્ટર મનોજભાઈ પટેલ ઉપસ્થિત રહ્યા હતા. તેમની સાથે શાળાના ટ્રસ્ટી હર્ષદભાઈ પટેલ આચાર્ય જનકભાઈ પટેલ, પ્રાથમિક વિભાગના આચાર્ય સુરેખાબેન, શાળાના શિક્ષકગણ, વાલીમિત્રો, ગ્રામજનો તથા મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમ દરમિયાન શાળાના વિદ્યાર્થીઓ દ્વારા સુંદર દેશભક્તિ ગીતો અને સાંસ્કૃતિક રજૂઆતો કરવામાં આવી હતી. વિદ્યાર્થીઓ દ્વારા શિસ્તબદ્ધ અને આકર્ષક પરેડનું પણ આયોજન કરવામાં આવ્યું હતું, આમ અશ્વમેઘ વિદ્યાલયમાં સ્વતંત્રતા પર્વની ઉજવણી દેશભક્તિના માહોલમાં સફળતાપૂર્વક સંપન્ન થઈ હતી.

દમણગંગા ટાઇમ્સ
EDITORIAL: DAMANGANGA TIMES
Wednesday 19, August 2026

## ટેરિફ ટ્રબલ અને તેલનો ખેલ

રશિયા પાસેથી તેલ-ગેસ ખરીદતા પાંચ દેશ ચીન, સ્લોવાકિયા, અઝરબૈજાન, હંગેરી તથા ભારત પર ૧૦૦ ટકા ટ્રમ્પ ટેરિફ લાગુ કરવાનો ખરડો અમેરિકાની સેનેટમાં ૮૬ વિરુદ્ધ ૧૧ મતોથી પસાર થતાં ફરી એકવાર ભારત-અમેરિકા વેપારી અને રાજદ્વારી સંબંધોમાં ફરી તાણ સર્જાઈ છે. જો કે, આ ખરડો યુએસ હાઉસ ઓફ રિપ્રેઝન્ટેટિવ્સમાં પસાર થાય અને એ પછી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ તેના પર હસ્તાક્ષર કરે ત્યારે તે કાયદો બનશે. એવું થાય એ પછી ટ્રમ્પના હાથમાં રશિયા પાસેથી તેલ ખરીદનારા દેશો પર વધારાનો ટેરિફ નાખવાની સત્તા આવશે. ભારતને રશિયા પાસેથી સસ્તું ક્રૂડ મળે છે એનાથી અમેરિકાના પેટમાં કડકડતું તેલ રેડાય છે. આ પહેલાં પણ ટ્રમ્પે ટેરિફનું શસ્ત્ર ઉગામ્યું હતું અને ચાલુ વર્ષે માર્ચમાં ૩૦ દિવસ માટે રશિયન ઓઈલ પર ભારતને ટેરિફમાં રાહત આપી હતી અને બે એક્સ્ટેન્શન આપી ડેડલાઈન સત્તરમી જૂન સુધી વધારી હતી. જૂન મહિનામાં ભારતની કુલ ક્રૂડતેલ આયાતમાંથી ૪૮ ટકા હિસ્સો રશિયન તેલનો હતો. આ પગલું ભારત પર વ્યૂહાત્મક દબાણ લાવવા માટે હોવા છતાં નિષ્ણાતોનું માનવું છે કે, રશિયન ક્રૂડ પર ભારતનો મદાર દેખાય છે એટલો એકતરફી નથી. વળી, વિશ્વમાં ક્રૂડતેલની તંગી નથી અને ભારતે આ પહેલાં પણ અન્ય દેશો પાસેથી ક્રૂડની ખરીદી કરી ટ્રમ્પ ટેરિફને ચકમો આપ્યો હતો. જો કે, ૧૦૦ ટકા ટેરિફની અસર કાપડ, એન્જિનીયારિંગ ગૂડ્સ, દવાઓ અને હીરા-દાગીનાં જેવાં ક્ષેત્રો પર પડી શકે છે. જો કે, આનાં કારણે અમેરિકન નાગરિકો માટે પણ આ વસ્તુઓ મોંઘી થશે. રશિયા-યુક્રેન યુદ્ધ પહેલાં ભારત રશિયા પાસેથી ક્રૂડ ઓઈલ ખરીદતું નહોતું. રશિયા પાસેથી ખરીદી કરવાનું સૌથી મોટું કારણ ઓછો ભાવ અને વધુ ઉપલબ્ધિ હતી. આપણી પાસે સપ્લાયરોની કમી નથી અને બજારમાં ક્રૂડની તંગી પણ નથી. હા, રશિયાને બદલે અન્યત્રથી ખરીદી કરવામાં વધારે ભાવ આપવા ઉપરાંત ક્રૂડ લાવવાનું નૂર ભાડું વધી શકે છે અને ક્રૂડના બ્લેન્ડિંગમાં ફરકને કારણે રિફાઈનરીઓના નફાના ગાળા પર અસર પડી શકે છે. જો કે, સારી વાત એ છે કે, આપણી રિફાઈનરીઓ વિશ્વના વિવિધ ક્રૂડ ગ્રેડ્સ પર પ્રક્રિયા કરવા માટે સજ્જ છે. અમેરિકાની નજર ભારતના કૃષિ અને ડેરી ઉદ્યોગમાં પગપેસારો કરવા પર છે, જેમાં અમેરિકન કંપનીઓને પૂર્ણ પ્રવેશની છૂટ નવી દિલ્હી આપી રહી નથી, આથી ટ્રમ્પ વારંવાર ભુરાટા થાય છે. ભારત અને ચીન રશિયન ક્રૂડ ખરીદવાનું બંધ કરે તો એની અસર યુરોપિયન માર્કેટ પર થઈ શકે છે, જે રશિયન ક્રૂડમાંથી આ બે દેશોની રિફાઈનરીઝમાં બનેલાં પેટ્રોલિયમ ઉત્પાદનો પર મદાર રાખે છે. શક્યતા એવી છે કે, શિયાળામાં યુરોપને ડીઝલની તંગીનો સામનો કરવાનો આવી શકે છે. ટૂંકમાં, અમેરિકાનો દાવ ભારતનું નાક દબાવવાનો છે, પણ એમાં યુરોપનો શ્વાસ અદ્ધર થઈ શકે છે અને એની અમેરિકન ગ્રાહકોને પણ પેટ્રોલિયમ પેદાશોની વધતી કિંમતોની ઝાળ લાગી શકે છે.

## ગુજરાત ગેસે CNGના ભાવમાં રુ.૩.૭૫નો વધારો કર્યો




(સંપૂર્ણ સમાચાર સેવા)
અમદાવાદ, તા.૧૮ : મોંઘવારીનો સામનો કરી રહેલા ગુજરાતના સામાન્ય નાગરિકોને વધુ એક આંચકો લાગ્યો છે. ગુજરાત ગેસ કંપની લિમિટેડે CNGના ભાવમાં પ્રતિ કિલો ૩.૭૫નો વધારો કર્યો છે. ભાવવધારા બાદ હવે ગુજરાત ગેસના CNG માટે ગ્રાહકોએ પ્રતિ કિલો ૮૮.૭૬ ચૂકવવા પડશે. અગાઉ CNGનો ભાવ પ્રતિ કિલો ૮૫.૦૧ હતો. કંપની દ્વારા વધારવામાં આવેલા નવા ભાવ સોમવારની મધરાત બાદથી લાગુ કરવામાં આવ્યા છે.

CNGના ભાવમાં થયેલા આ વધારાની સીધી અસર રોજિંદા વાહનનો ઉપયોગ કરતા લાખો લોકોના બજેટ પર પડી શકે છે. ખાસ કરીને પેટ્રોલ અને ડીઝલની સરખામણીમાં ઓછા ખર્ચના વિકલ્પ તરીકે CNG વાહનોનો ઉપયોગ કરતા લોકો માટે હવે દર મહિને ઈંધણ પાછળ વધુ રકમ ખર્ચવી પડશે. ગુજરાત ગેસના સત્તાવાર પોર્ટલ પર ગ્રાહકો CNGના નવા ભાવની માહિતી મેળવી શકે છે.

એક મહિનામાં બીજી વખત ભાવવધારો:CNGના ભાવમાં ટૂંકા ગાળામાં આ બીજો વધારો હોવાનું સામે આવ્યું છે. વારંવારના ભાવવધારાને કારણે CNG વાહનચાલકોમાં ચિંતા વધી શકે છે. પેટ્રોલ-ડીઝલના વધતા ખર્ચથી બચવા માટે અનેક લોકો વર્ષોથી CNG વાહનો તરફ વળ્યા છે. જોકે, હવે CNGના ભાવમાં સતત વધારો થતાં આવા વાહનો ચલાવવાથી થતી બચતનું ગણિત ફરી બદલાઈ રહ્યું છે.

આ ભાવવધારાની સૌથી વધુ અસર ઓટો-રિક્ષા ચાલકો, ટેક્સી ડ્રાઈવરો અને CNG આધારિત નાના કોમર્શિયલ વાહનો પર થવાની શક્યતા છે. આ લોકો દરરોજ મોટી માત્રામાં CNGનો ઉપયોગ કરતા હોવાથી પ્રતિ કિલો ૩.૭૫નો વધારો તેમના દૈનિક તેમજ માસિક ખર્ચમાં નોંધપાત્ર વધારો કરી શકે છે.

CNGના અંતિમ ભાવ પર કુદરતી ગેસની કિંમત ઉપરાંત ગેસના પુરવઠા, પરિવહન, વિતરણ અને અન્ય સંબંધિત ખર્ચ જેવા વિવિધ પરિબળોની અસર રહે છે. કંપનીના ખર્ચમાં ફેરફાર થાય ત્યારે તેની અસર ગ્રાહકોને ચૂકવવા પડતા અંતિમ ભાવ પર પડી શકે છે. CNGના ભાવવધારાની અસર માત્ર વાહનચાલકો પૂરતી મર્યાદિત રહેતી નથી. માલસામાનના પરિવહન માટે CNG આધારિત વાહનોનો ઉપયોગ કરતા વેપારીઓના ખર્ચમાં વધારો થઈ શકે છે.

ખાસ કરીને શાકભાજી, દૂધ, ફળો અને અન્ય આવશ્યક ચીજવસ્તુઓના સ્થાનિક પરિવહન ખર્ચમાં વધારો થાય તો તેની અસર અંતે ગ્રાહકો સુધી પહોંચી શકે છે.

પહેલેથી જ જીવનજરૂરિયાતની ચીજવસ્તુઓ, ઘરગથ્થુ ખર્ચ અને પરિવહનના વધતા ખર્ચ વચ્ચે CNGના ભાવમાં આ વધારો સામાન્ય અને મધ્યમ વર્ગના માસિક બજેટ પર વધારાનો બોજ મૂકી શકે છે. નિયમિત ઓફિસ, વ્યવસાય અથવા અન્ય કામ માટે વાહનનો ઉપયોગ કરતા લોકો હવે ઈંધણના ખર્ચનું વધુ સાવચેતીપૂર્વક આયોજન કરવા મજબૂર બનશે.

આ રીતે CNGના નવા ભાવ ૮૮.૭૬ પ્રતિ કિલો થતાં ગુજરાતના વાહનચાલકો માટે ઈંધણ ખર્ચમાં વધુ એક વધારો થયો છે. આગામી દિવસોમાં CNGના ભાવમાં સ્થિરતા આવે છે કે ફરી વધારો થાય છે, તેના પર વાહનચાલકો અને પરિવહન ક્ષેત્રની નજર રહેશે.

## E20ના વિરોધમાં પૂનાવાલાએ ધરણાની કરી જાહેરાત

(સંપૂર્ણ સમાચાર સેવા)
નવી દિલ્હી, તા.૧૮ : દિલ્હી જંતર મંતર ખાતે પહેલા નીટ પેપર લીક અને હવે E20પેટ્રોલના વિરોધમાં આંદોલન થવાની જાહેરાત કરી છે. E20નો વિરોધ કરી રહેલા તહસીન પૂનાવાલાએ દિલ્હીના જંતર-મંતર પર બે દિવસના વિરોધ અને ભૂખ હડતાળની જાહેરાત કરી છે.

તેઓએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ X પર આ માહિતી શેર કરતા તેમણે જણાવ્યું હતું કે 'ટીમ ભારત' ૨૨ અને ૨૩ ઓગસ્ટના રોજ જંતર-મંતર પર 'જનતા દરબારનું આયોજન કરશે. આ વિરોધમાં મોટી સંખ્યામાં લોકોને ભાગલેવા અપીલ કરવામાં આવી છે. તહસીન પૂનાવાલાના જણાવ્યા અનુસાર, ૨૨ ઓગસ્ટના રોજ સવારે ૧૧:૦૦ વાગ્યે જંતર-મંતર પર ધરણા વિરોધ પ્રદર્શન શરૂ થશે અને ત્યારબાદ ચાલુ રહેશે. ત્યારબાદ, ૨૩ ઓગસ્ટના રોજ સવારે ૧૧:૦૦ વાગ્યે વિરોધ પ્રદર્શન અને ભૂખ હડતાળ પણ યોજાશે. તેમનો દાવો છે કે દરરોજ ૫,૦૦૦ થી વધુ લોકો વિરોધ પ્રદર્શનમાં જોડાઈ શકે છે, જેમાં વિરોધીઓની કુલ સંખ્યા ૧૦,૦૦૦ સુધી પહોંચી શકે છે. આ વિરોધપ્રદર્શન દ્વારા સરકાર સમક્ષ E20 સંબંધિત અનેક માંગણીઓ મૂકવામાં આવી છે. પૂનાવાલાની પહેલી માંગ એ છે કે E10 પેટ્રોલ એવા જૂના વાહનો માટે ઉપલબ્ધ કરાવવું જોઈએ જે E10 ઈંધણનું પાલન કરે છે. તેમનો દલીલ છે કે જૂના વાહનો જે E20 ઈંધણ માટે ડિઝાઈન કરવામાં આવ્યા નથી તેના માલિકો પાસે E10 પેટ્રોલનો ઉપયોગ કરવાનો વિકલ્પ હોવો જોઈએ, કારણ કે E20 ઈંધણ આ વાહનો પર પ્રતિકૂળ અસર કરી રહ્યું છે. તે માત્ર માઈલેજમાં ઘટાડો જ નહીં પરંતુ વાહનના ઘટકોને પણ નુકસાન પહોંચાડી રહ્યું છે. બીજી માંગ E20 પેટ્રોલની કિંમત ઘટાડવાની છે. વધુમાં, E20 સંબંધિત તમામ દસ્તાવેજો જાહેર કરવાની માંગ છે. પૂનાવાલાએ ભારપૂર્વક જણાવ્યું છે કે E20 સંબંધિત આવશ્યક દસ્તાવેજો અને માહિતી સામાન્ય લોકો સમક્ષ જાહેર કરવી જોઈએ જેથી આ ઈંધણ નીતિ અંગે સંપૂર્ણ ચિત્ર સ્પષ્ટ થાય. E20 વિરોધી વિરોધ પ્રદર્શનની મુખ્ય માંગણીઓમાંની એક કેન્દ્રીય માર્ગ પરિવહન અને રાજમાર્ગ મંત્રી નીતિન ગડકરીને તેમના પદ પરથી હટાવવાની છે. પૂનાવાલાએ જાહેર કરેલી માંગણીઓમાં સ્પષ્ટપણે જણાવાયું છે કે નીતિન ગડકરીએ તેમના પદ પરથી રાજીનામું આપવું જોઈએ. તેહસીન પૂનાવાલાએ "નો ચોઈસ, નો વોટ" નારા પણ લગાવ્યા હતા.

### ભારતની ચૂંટણીનું આપ્યું ઉદાહરણ

## ટ્રમ્પે અમેરિકામાં Voter ID ફરજિયાત કરવાની કરી હિમાયત

(સંપૂર્ણ સમાચાર સેવા)
નવી દિલ્હી, તા.૧૮
અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે દેશમાં ચૂંટણી પ્રક્રિયા અંગે મોટું નિવેદન આપ્યું છે. ટ્રમ્પે અમેરિકામાં દરેક મતદાર માટે માન્ય ફોટો ઓળખપત્ર (Voter ID) ફરજિયાત બનાવવાની ફરી હિમાયત કરી છે. આ દરમિયાન તેમણે ભારતની ચૂંટણી પ્રક્રિયાનું ઉદાહરણ આપતાં કહ્યું કે ભારતમાં મોટી સંખ્યામાં લોકો મતદાન કરે છે અને મતદાન માટે માન્ય ફોટો ઓળખપત્ર જરૂરી છે. ટ્રમ્પે પોતાના સોશિયલ મીડિયા પ્લેટફોર્મ 'Truth Social' પરની પોસ્ટમાં આ મુદ્દો ઉઠાવ્યો હતો અને 'SAVE America Act' પસાર કરવાની જરૂરિયાત પર ભાર મૂક્યો હતો. ટ્રમ્પના જણાવ્યા મુજબ, ભારતની તાજેતરની સામાન્ય ચૂંટણીમાં 646 મિલિયન જેટલા મતદારોએ મતદાન કર્યું હતું અને એક ટકાથી પણ ઓછા લોકોએ પોસ્ટલ બેલેટનો ઉપયોગ કર્યો હતો.



તેમણે દાવો કર્યો કે ભારતમાં દરેક મતદાર માટે માન્ય ફોટો ઓળખપત્ર જરૂરી છે. ટ્રમ્પે એવો પણ દાવો કર્યો કે ભારતના મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમારે તાજેતરમાં તેમના વહીવટને સવાલ કર્યો હતો કે માન્ય ફોટો ઓળખપત્ર વિના અમેરિકામાં ચૂંટણી કેવી રીતે યોજી શકાય. જોકે, ટ્રમ્પ દ્વારા કરવામાં આવેલા આ દાવાઓના તમામ પાસાઓ અંગે અલગથી સત્તાવાર પુષ્ટિ જરૂરી છે.

ટ્રમ્પના સમર્થનમાં સતત દબાણ કરી રહ્યા છે. આ પ્રસ્તાવિત કાયદા હેઠળ મતદાર તરીકે નોંધણી કરાવવા માટે નાગરિકતાનો પુરાવો રજૂ કરવાની અને દેશભરમાં મતદાર ઓળખપત્રની વ્યવસ્થા કરવાની જોગવાઈઓનો સમાવેશ થાય છે. ટ્રમ્પનું કહેવું છે કે આવા પગલાંથી ચૂંટણીમાં છેતરપિંડી રોકવામાં મદદ મળશે. તેઓ અમેરિકાની ચૂંટણી વ્યવસ્થામાં મતદાર ઓળખ અને નાગરિકતાની ચકાસણીને વધુ કડક બનાવવાની માંગ કરી રહ્યા છે. જોકે, SAVE America Act અંગે અમેરિકામાં રાજકીય મતભેદો પણ જોવા મળી રહ્યા છે.

ડેમોક્રેટ્સ અને રિપબ્લિકન બંને પક્ષોમાં આ મુદ્દે સંપૂર્ણ એકમત નથી. ટ્રમ્પે કાયદો પસાર કરવા માટે ફરીથી અપીલ કરી છે, પરંતુ સેનેટમાં તેને લઈને હજુ સુધી કોઈ અંતિમ પગલું લેવામાં આવ્યું નથી. ભારતની ચૂંટણી વ્યવસ્થાનો ઉલ્લેખ કરીને ટ્રમ્પે અમેરિકામાં પણ મતદાર ઓળખપત્રને ફરજિયાત બનાવવાની પોતાની માંગને વધુ વેગ આપ્યો છે. હવે આ મુદ્દે અમેરિકન રાજકારણમાં આગળ શું નિર્ણય લેવાય છે તેના પર સૌની નજર રહેશે.

### દમણગંગા ટાઇમ્સ

### CORPORATE NEWS

## કેર હેલ્થ ઈન્શ્યોરન્સે મચ્છરજન્ય રોગો પર જાહેર સ્વાસ્થ્ય સલાહ ઈશ્યૂ કરી

**સુરત, તા.૧૮ :** ચોમાસાની સાથે મચ્છરજન્ય રોગો જેમ કે ડેન્ગ્યુ, મેલેરિયા અને ચિકનગુનિયાનું જોખમ વધવાની સાથે કેર હેલ્થકેર ઈન્શ્યોરન્સે જાહેર જનતા માટે સ્વાસ્થ્ય માટે સલાહ જાહેર કરીને નાગરિકોને સતર્ક રહેવાની, મચ્છરનો ઉપદ્રવ રોકવા વિવિધ પગલાં લેવા અને સમયસર સ્વાસ્થ્ય પર ધ્યાન દેવાની સલાહ આપી છે. કેર હેલ્થ ઈન્શ્યોરન્સ નિવારણાત્મક હેલ્થકેર અને સમયસર કામગીરીને પ્રોત્સાહન આપવા કટિબદ્ધ રહેશે. હાલ મોટા ભાગની પોલિસીઓ 'ડોક્ટર ઓન કોલ' જેવી વર્ચ્યુઅલ કન્સલ્ટેશન સર્વિસ પ્રદાન કરે છે, તેમાંથી ઘણી બીમારીઓની સારવાર ડૉક્ટરની સલાહ, દવા અને સારવારની સલાહનું ઉચિત પાલન કરવાથી ઘરે થઈ શકે છે. કેર હેલ્થ ઈન્શ્યોરન્સ નીચેના પ્રીવેન્ટિવ પગલાં લેવા વ્યક્તિઓને સલાહ આપે છે.

તમારા ઘર અને આસપાસ કૂલર, બકેટ, ફ્લાવરપોટ, ટાયર, ઓવરહેડ ટાંકો તથા મચ્છરનો ઉપદ્રવ થઈ શકે એવા અન્ય પાત્રોમાં લાંબો સમય રહેલાં પાણીને દૂર કરો. મોસ્કિટો રિપેલ્લન્ટનો ઉપયોગ કરો, ફૂલ-સ્લીવ વસ્ત્રો પહેરો, જો સતત તાવ રહે, માથું અતિશય દુઃખે, શરીર તૂટે, થાક લાગે કે મચ્છરજન્ય રોગો સાથે સંબંધિત ચિહ્નો જોવા મળે, તો ડૉક્ટરની સલાહ લો. પુષ્કળ પાણી પીવો.

## વિદ્યાર્થીઓની માગ આગળ ઝૂકી હેમંત સોરેનની સરકાર

(સંપૂર્ણ સમાચાર સેવા)
રાંચી, તા.૧૮ : ઝારખંડમાં જેપીએસસી-જેએસએસસી આંદોલનમાં સામેલ છાત્રોની માગોને લઈ રાજ્યના મુખ્યમંત્રી હેમંત સોરેનની અધ્યક્ષતામાં ત્રણ કલાકથી વધારે બેઠક ચાલી. મંત્રાલયના મંત્રીઓ સાથે થયેલી આ બેઠક બાદ મોટો નિર્ણય લીધો છે. આ મોટા નિર્ણય અંતર્ગત સરકારે સીજીએલ-એસએસી પરીક્ષાને રદ કરવાનો નિર્ણય લીધો છે. ટીડીપીએલ દ્વારા લેવામાં આવેલી આ પરીક્ષા રદ કરી દેવામાં આવી છે. આ દરમ્યાન સીએમ હેમંત સોરેને પણ નિવેદન આપ્યું છે. મંત્રીઓ સાથે ત્રણ કલાકથી વધારે સમય સુધી ચાલેલી આ બેઠક બાદ સીએમ હેમંત સોરેને મીડિયા સામે કહ્યું કે, સરકાર કેટલાય મુદ્દાને લઈ ચિંતિત છે. સમસ્યાનું સમાધાન કરવાને લઈ ચિંતિત છે. છાત્રો આંદોલન કરી રહ્યા છે. તેમની માગને લઈ વાતચીત પણ થઈ છે. અમારી સામે કેટલીય વાતો સામે આવી છે.

હેમંત સોરેને કહ્યું કે, મજબૂત અને કડક કાયદો પણ અમે બનાવ્યો છે અને તેને લાગુ કરવાનો ઈરાદો પણ ધરાવીએ છીએ. જે કડક નિર્ણય સાથે આગળ વધીએ છીએ, તે વિશ્વાસમાં અમારા નૌજવાન પણ છે. જેપીએસસી અને જેએસએસસી દ્વારા નૌજવાનોની નિયુક્તિ પણ થાય છે. કેટલીય નિયુક્તિઓની તપાસ એજન્સીઓ પણ કરી રહી છે. તેમણે કહ્યું કે, તાજેતરના દિવસોમાં આપણા નવયુવાન જયપાલ સિંહ સ્ટેડિયમમાં પોતાની માગોને લઈ બેઠા છે. તમામ નૌજવાન એક સમાન છે. હેમંત સોરેને કહ્યું કે અમારા મંત્રીના વાર્તાથી કેટલીય માગોનું સમાધાન લાવ્યું હતું. રિફોર્મમાં સરકાર પારદર્શિતા સાથે કામ કરશે. પરીક્ષા કેવી રીતે થવી જોઈએ, પરીક્ષા કેવી હોવી જોઈએ.

એસઓપીના નિયમ અંતર્ગત પરીક્ષા થતી તો ગરબડ ન થાત. રિફોર્મ માટે પોર્ટલ બનાવ્યા છે. તેમાં વાલીઓને પણ જોડવામાં આવશે. રિફોર્મને લઈ આઈએએસ અધિકારી અમિતાભ કૌશલની અધ્યક્ષતામાં કમિટી બનાવી છે.

## ઈમરાન ખાનને જેલમાંથી હોસ્પિટલમાં ખસેડો :પાક. સુપ્રીમ કોર્ટ

(જી.એન.એસ) તા. ૧૮
ઈસ્લામાબાદ,
પાકિસ્તાનની સર્વોચ્ચ અદાલતે ભૂતપૂર્વ વડા પ્રધાન ઈમરાન ખાનના બગડતા સ્વાસ્થ્યની ચિંતા વચ્ચે તેમને ખાનગી હોસ્પિટલમાં ખસેડવાનો આદેશ આપ્યો છે. સુપ્રીમ કોર્ટે ખાનને ૪૮ કલાકની અંદર શિફા ઈન્ટરનેશનલ હોસ્પિટલમાં ખસેડવા અને ૧૬ સપ્ટેમ્બર સુધી ત્યાં રહેવાનો નિર્દેશ આપ્યો છે.

૭૩ વર્ષીય ભૂતપૂર્વ ક્રિકેટરથી રાજકારણી બનેલા આદિઆલા ૨૦૨૩ થી પાકિસ્તાનની અદિયાલા જેલમાં કેદ છે અને અનેક કેસોનો સામનો કરી રહ્યા છે.

તેમની પાર્ટી, પાકિસ્તાન તહરીક-એ-ઈન્સાફ (પીટીઆઈ) એ વારંવાર આરોપ લગાવ્યો છે કે અધિકારીઓએ તેમને પરિવારના સભ્યો અને પાર્ટીના સાથીદારોને મળવાથી રોક્યા છે અને આંખની બીમારી સહિત તેમની સ્વાસ્થ્ય સમસ્યાઓ માટે પૂરતી તબીબી સારવાર આપવામાં નિષ્ફળ રહ્યા છે. ખૈબર પખ્તુનખ્વાના મુખ્ય પ્રધાન સોહેલ આફ્રિદી, જેનો પ્રાંત ખાનની પાર્ટી દ્વારા શાસિત છે, તેમણે કહ્યું કે ભૂતપૂર્વ વડા પ્રધાનના સ્વાસ્થ્યને તે ગંભીરતાથી લેવું જોઈએ જે તે લાયક છે. "અમે ઈમરાન ખાનના સ્વાસ્થ્યનું રાજકારણ કરતા નથી, ન તો ઈમરાન ખાને ક્યારેય કોઈપણ પ્રકારની રાહત મેળવવા માટે તેમના સ્વાસ્થ્યનો મુદ્દો ઉઠાવ્યો છે," આફ્રિદીએ કહ્યું. તેમણે ખાનની સારવાર તેમના અંગત ડોકટરોની દેખરેખ હેઠળ અને તેમના પરિવારની હાજરીમાં કરાવવાની હાકલ કરી હતી.

## સ્કુલ ઠીક કરો અભિયાન :CJP

સ્વતંત્રતા દિવસ નિમિત્તે કોકરોચ જનતા પાર્ટી એ મહારાષ્ટ્રમાં સરકારી શાળાઓની જર્જરિત સ્થિતિ અંગે શાળાઓ સુધારો અભિયાન શરૂ કર્યું. પાર્ટીના કન્વીનર અભિજીત દીપકેએ શનિવારે (૧૫ ઓગસ્ટ) તેમના પૈતૃક ગામ, હિંગોલી જિલ્લાના સંતુક પિંપરીથી આ અભિયાન શરૂ કર્યું. તેમણે સરકારી શાળાઓમાં મૂળભૂત સુવિધાઓના અભાવ અંગે સરકારને પ્રશ્ન કર્યો, અને કહ્યું કે ગરીબ પરિવારોના બાળકો આ પરિસ્થિતિથી સૌથી વધુ પ્રભાવિત થાય છે. અભિજીત દીપકે સ્વતંત્રતા દિવસે તેમના પૈતૃક ગામની મુલાકાત લીધી અને ધ્વજવંદન સમારોહમાં ભાગ લીધો. ત્યારબાદ, તેમણે જિલ્લા પરિષદ શાળાની મુલાકાત લીધી, જ્યાં તેમણે વિદ્યાર્થીઓ માટે ઉપલબ્ધ મૂળભૂત સુવિધાઓનું નિરીક્ષણ કર્યું. દીપકેએ દાવો કર્યો કે શાળાના શૌચાલયોમાં પાણી પુરવઠો નથી. તેમણે એ પણ કહ્યું કે શાળાની બારીઓ તૂટેલી હતી અને વિદ્યાર્થીઓ માટે પૂરતી બેન્ચ પણ નથી. તેમણે કહ્યું કે ભારતને આઝાદી મળ્યાને ૮૦ વર્ષ થઈ ગયા છે; જો સરકારી શાળાઓમાં પાણી જેવી મૂળભૂત સુવિધાઓનો પણ અભાવ હોય, તો દેશ કેવી રીતે પ્રગતિ કરશે?

## રામ મંદિર દાન ચોરી કેસમાં ચંપત રાયને ક્લિનચીટ

(સંપૂર્ણ સમાચાર સેવા)
મુંબઈ, તા.૧૮
ઉત્તર પ્રદેશના ગૃહ વિભાગે અયોધ્યા સ્થિત રામ મંદિરના ચઢાવાની ચોરીના મામલે સ્પેશિયલ ઈન્વેસ્ટિગેશન ટીમ (SIT)નો અંતિમ રિપોર્ટ શ્રી રામ જન્મભૂમિ તીર્થ ક્ષેત્ર ટ્રસ્ટને આગળની કાર્યવાહી માટે સોંપી દીધી છે. સૂત્રોના જણાવ્યા અનુસાર, આ રિપોર્ટમાં ટ્રસ્ટના પૂર્વ મહાસચિવ ચંપત રાય અને પૂર્વ સભ્ય અનિલ મિશ્રાને ક્લીન ચિટ આપવામાં આવી છે. નોંધનીય છે કે જ્યારે આ દાન ચોરીનો મામલો પ્રકાશમાં આવ્યો ત્યારે આ બંનેની ભૂમિકા પર સતત સવાલો ઊઠી રહ્યા હતા. જેના કારણે વિવાદ વધતા તેમણે પોતાના પદ પરથી રાજીનામું આપી દીધું હતું. SIT દ્વારા રજૂ કરવામાં આવેલી આ અંતિમ રિપોર્ટમાં કુલ 8 લોકોના નામ સામેલ છે, જેમની પોલીસ દ્વારા અગાઉ જ ધરપકડ કરવામાં આવી ચૂકી છે. અત્રે ઉલ્લેખનીય છે કે, સુપ્રીમ કોર્ટે આ મામલે હસ્તક્ષેપ કર્યો તે પહેલાં જ, ઉત્તર પ્રદેશ સરકારે ટ્રસ્ટની વિનંતી પર 13 જૂનના રોજ આ ત્રણ સભ્યોની SIT ની રચના કરી હતી. જોકે, આ કેસની ગંભીરતાને જોતા હાલમાં સુપ્રીમ કોર્ટની દેખરેખ હેઠળ રચાયેલી બીજી SIT આ સમગ્ર મામલાની ઝીણવટભરી તપાસ કરી રહી છે. યોગી સરકાર દ્વારા રચાયેલી આ SIT નું નેતૃત્વ લખનઉના કમિશનર વિજય વિશ્વાસ પંતે કર્યુ હતું. તેમની સાથે આઈજી (રેન્જ) કિરણ એસ. અને વિશેષ સચિવ (નાણાં) નીલ રતન કુમાર સભ્ય તરીકે સામેલ હતા. SIT દ્વારા 23 જૂને રાજ્ય સરકારને પોતાનો પ્રાથમિક રિપોર્ટ સોંપવામાં આવ્યો હતો. આ રિપોર્ટમાં કરવામાં આવેલી ભલામણોના આધારે 25 જૂનના રોજ ટ્રસ્ટના સભ્ય કૃષ્ણમોહનની લેખિત ફરિયાદ પર 8 નામજોગ અને અન્ય અજ્ઞાત લોકો સામે FIR નોંધવામાં આવી હતી.

## આંતરિક સ્વતંત્રતા અને બ્રહ્મજ્ઞાનના સંદેશ સાથે મુક્તિ પર્વનું ભવ્ય આયોજન



(દમણગંગા ટાઈમ્સ)
**નવસારી, ૧૫ :** સમગ્ર દેશમાં સ્વતંત્રતા દિવસની ઉજવણી વચ્ચે સંત નિરંકારી મિશન દ્વારા બ્રહ્મજ્ઞાનથી પ્રાપ્ત આંતરિક સ્વતંત્રતાનો સંદેશ આપતા 'મુક્તિ પર્વ'નું આયોજન કરવામાં આવ્યું હતું. દિલ્હી ખાતે નિરંકારી સરોવર સમક્ષ સતગુરુ માતા સુદીક્ષા જી મહારાજ અને નિરંકારી રાજપિતા રમિત જીના પાવન સાન્નિધ્યમાં કાર્યક્રમ યોજાયો. સ્થાનિક સ્તરે દાંતી, ડુંગરી, બીલીમોરા, નવસારી તેમજ સુરત ઝોનની વિવિધ શાખાઓમાં વિશેષ સત્સંગ યોજાયો હતો.

જેમાં હજારો શ્રદ્ધાળુઓએ મહાન સંત વિભૂતિઓને શ્રદ્ધા-સુમન અર્પિત કર્યા. સતગુરુ માતા સુદીક્ષા જી મહારાજે જણાવ્યું કે સાચી મુક્તિ બાહ્ય બંધનોમાંથી નહીં, પરંતુ નફરત, અહંકાર, સંકુચિત વિચારધારા અને પૂર્વગ્રહોથી મુક્ત થવામાં છે. દરેક શ્વાસમાં નિરાકારનો અહેસાસ રાખીને પ્રેમ, ભક્તિ અને સ્વીકાર્યતા સાથે જીવવું એ જ જીવતાં-જીવત મુક્તિ છે. તેમણે માતા સવિંદર જીના જીવનમાંથી પ્રેરણા લેતા લાઈટ હાઉસનું ઉદાહરણ આપ્યું અને સંતોની શિક્ષાઓને જીવનમાં ઉતારવાનો સંદેશ આપ્યો.

વર્ષ ૨૦૧૮થી યુગનિર્માતા માતા સવિંદર જીને પણ આ અવસરે શ્રદ્ધાપૂર્વક નમન કરવામાં આવે છે.

મુક્તિ પર્વનો સંદેશ એ છે કે ભૌતિક સ્વતંત્રતા જેમ રાષ્ટ્રની પ્રગતિનો માર્ગ ખોલે છે, તેમ બ્રહ્મજ્ઞાન માનવને પોતાની વાસ્તવિક ઓળખનો બોધ કરાવી પ્રેમ અને સદ્ભાવનાના માર્ગે આગળ વધવાની પ્રેરણા આપે છે.

## દાઉદ ઈબ્રાહિમના નજીકના સાથીની દિલ્હી એરપોર્ટથી ધરપકડ!

(સંપૂર્ણ સમાચાર સેવા)
નવી દિલ્હી, તા.૧૮
દાઉદ ઈબ્રાહિમના કથિત નજીકના સાથી અને લાંબા સમયથી ફરાર અપ્નર કાસિમ અલી મર્ચન્ટને વિદેશથી ભારત ડિપોર્ટ કરવામાં આવ્યા બાદ દિલ્હી એરપોર્ટ પરથી ઝડપી લેવામાં આવ્યો છે. દિલ્હી સ્થિત ઈન્દિરા ગાંધી આંતરરાષ્ટ્રીય એરપોર્ટ પર પહોંચતા જ કેન્દ્રીય તપાસ એજન્સીઓ અને મહારાષ્ટ્ર પોલીસે સંયુક્ત કાર્યવાહી કરીને તેની અટકાયત કરી હતી. મર્ચન્ટ સામે મહારાષ્ટ્રમાં સંગઠિત ગુનાખોરી સહિતના ગંભીર કેસ નોંધાયેલા છે અને તાજેતરમાં જ ઈન્ટરપોલે તેની સામે રેડ કોર્નર નોટિસ પણ જારી કરી હતી. અપ્નર મર્ચન્ટ છેલ્લા ત્રણ વર્ષથી ફરાર હોવાનું જણાવાયું છે.

તેની વિરુદ્ધ મહારાષ્ટ્ર પોલીસની મીરા-ભાયંદર, વસઈ-વિરાર પોલીસ ક્રાઈમ બ્રાન્ચ દ્વારા કાર્યવાહી કરવામાં આવી રહી હતી. આ મહિનાની શરૂઆતમાં ઈન્ટરપોલ દ્વારા તેની સામે રેડ કોર્નર નોટિસ જારી કરવામાં આવી હતી. માહિતી અનુસાર, 17 ડિસેમ્બર 2025ના રોજ મહારાષ્ટ્ર પોલીસે રેડ કોર્નર નોટિસ માટે દરખાસ્ત મોકલી હતી,

જેને 1 ઓગસ્ટ 2026ના રોજ ઈન્ટરપોલ દ્વારા મંજૂરી આપવામાં આવી હતી. ત્યારબાદ વિદેશમાંથી તેને ભારત પરત લાવવાની પ્રક્રિયા આગળ વધારવામાં આવી હતી.

# અન્ય સમાચારો

## લવાછામાં જેટકોની ટાવર પ્લેટ ચોરીનો ભેદ ઉકેલાયો

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ધરમપુર, તા.૧૮ :** લવાછા ગામે દમણગંગા નદી કિનારે જેટકો કંપનીના ટાવર રિપેરીંગ માટે રાખવામાં આવેલી ગેલ્વેનાઈઝડ ધાતુની ૧૧૯ ટાવર જોઈન્ટ પ્લેટની ચોરીનો ભેદ નાનાપોંઢા પોલીસે ગણતરીના કલાકોમાં ઉકેલી એક આરોપીને ઝડપી પાડ્યો છે. તા. ૧૧ ઓગસ્ટની રાત્રે ૧૦થી તા. ૧૨ ઓગસ્ટના વહેલી સવારે ૩ વાગ્યા દરમિયાન રામેશ્વર મંદિર નજીક ટાવર લોકેશન નં. ૪૯ અને ૫૦ પરથી આશરે ૫૯૫ કિલો વજનની રૂા.૧.૯૦ લાખની પ્લેટો ચોરી થઈ હતી. ગુનો નોંધાયા બાદ પોલીસે ઘટનાસ્થળ અને આસપાસના સીસીટીવી ફૂટેજ તપાસી ટેકનિકલ એનાલિસિસ તથા હ્યુમન ઈન્ટેલિજન્સના આધારે તપાસ આગળ ધપાવી હતી. તપાસ દરમિયાન વાપી ડુંગરા વિસ્તારના સલાઉદ્દીન બરકતઅલી જલાલઉદ્દીન મનીયાર (ઉં.વ. ૧૯)ને ઝડપી પાડવામાં આવ્યો હતો. તેની પાસેથી ચોરીની ૨૫ ગેલ્વેનાઈઝડ ધાતુની પ્લેટો, કુલ વજન ૨૯ કિલો અને કિંમત રૂ.૩૯,૯૨૫નો મુદ્દામાલ કબજે કરવામાં આવ્યો છે. પૂછપરછમાં સલાઉદ્દીને સલમાન મુસ્તકીન મનીયાર સાથે મળી ચોરી કર્યાની હકીકત જણાવી હોવાનું પોલીસે જણાવ્યું છે. પોલીસે આરોપીને કપરાડા કોર્ટમાં રજૂ કરી રિમાન્ડ મેળવી વધુ તપાસ હાથ ધરી છે. સમગ્ર કાર્યવાહી ઉચ્ચ પોલીસ અધિકારીઓની સૂચના અને માર્ગદર્શન હેઠળ નાનાપોંઢા પીઆઈ એમ.એન. કાતરીયા તથા પોલીસ ટીમે હાથ ધરી હતી.

**CHANGE OF NAME**

I HAVE CHANGED MY NAME
OLD NAME - KIRAN ROOPCHANDRA BHATIA
NEW NAME - KIRAN ROOPCHAND BHATIA
ADDRESS - H.NO. 7/454-A, BHATIA HOUSE, MOTI DAMAN, 396220

**જન્મ દિન મુબારક**



**નામ : રાશિ**
માતાનું નામ : રિકી ભંડારી
પિતાનું નામ. નિતેશ ભંડારી
રહે. નામધા ચંડોર

**મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટની કચેરી ઉમરગામની કોર્ટમાં,**

જ.મ.પ.અ.નં.૧૮૩/૨૦૨૬

અરજદાર : કાંતિલાલ રામજીભાઈ કડુ
રહે. નવીનગરી, નારગોલ
તા.ઉમરગામ, જી.વલસાડ
વિરુધ્ધ
સામાવાળા : તલાટી કમ મંત્રીશ્રી, નારગોલ
ગ્રામ પંચાયત કચેરી, નારગોલ
તા.ઉમરગામ, જી.વલસાડ

**જન્મ-મરણ અધિનિયમ-૧૯૬૯ની કલમ-૧૩(૩) અન્વયે મરણની નોંધ કરાવવા માટેનો હુકમ મેળવવા માટેની અરજી અન્વયે નોટીસ**

આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, અરજદારે જન્મ-મરણ અધિનિયમ હેઠળ અરજી કરેલ છે કે, અરજદારશ્રી **કાંતિલાલ રામજીભાઈ કડુ** રહે. નવીનગરી, નારગોલ, તા.ઉમરગામ, જી.વલસાડનાએ તેમના પિતા નામે **રામજીભાઈ મોરાર કડુ**નું મરણ તા.૨૦-૧૦-૧૯૮૦ના રોજ મોજે - નારગોલ, નવાતળાવ-૨, તા. ઉમરગામ મુકામે થયેલ છે. તેમના મરણની નોંધણી જે તે વખતે કાયદાથી અજાણ હોઈ ભુલ અને શરતચુકથી કરવાની રહી ગયેલ છે. જેથી અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે. સદર મરણની નોંધણી બાબતે કોઈને વાંધો યા તક્કરાર હોય તો પોતે અથવા વકીલ મારફત સદર હું જાહેરાત પ્રસિધ્ધ થયા તારીખથી ૩૦ દિવસની અંદર મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટની કચેરી ઉમરગામની કચેરી જી.વલસાડ, કચેરીએ વાંધા રજુ કરવાના રહેશે. જો વાંધો નહી આવે તો વાંધો નથી તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે. જેની તમામ લાગતા વળગતા ઈસમોએ નોંધ લેવી.

આજ રોજ તા.૧૩/૦૭/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

નં.એમજી/મરણ/ર.જી.નં.૧૮૩/૨૦૨૬
કાર્યપાલક મેજીસ્ટ્રેટની કચેરી, ઉમરગામ,
તા.ઉમરગામ, જી.વલસાડ

કોર્ટનો સિક્કો

સહિ/-
મામલતદાર
અને
કાર્યપાલક મેજીસ્ટ્રેટ
ઉમરગામ

**મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટની કચેરી ઉમરગામની કોર્ટમાં,**

(એમ.એ.જી-૨)જ.મ.પ.અ.નં.૧૫૫/૨૦૨૪

અરજદાર : કુસુમબેન છગનભાઈ બરફ તે રઘુભાઈની પુત્રી
રહે. ધોડીપાડા, મરોલી
તા.ઉમરગામ, જી.વલસાડ
વિરુધ્ધ
સામાવાળા : તલાટી કમ મંત્રીશ્રી, ભીલાડ
ગ્રામ પંચાયત કચેરી, ભીલાડ
તા.ઉમરગામ, જી.વલસાડ

**જન્મ-મરણ અધિનિયમ-૧૯૬૯ની કલમ-૧૩(૩) અન્વયે મરણની નોંધ કરાવવા માટેનો હુકમ મેળવવા માટેની અરજી અન્વયે નોટીસ**

આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, અરજદારે જન્મ-મરણ અધિનિયમ હેઠળ અરજી કરેલ છે કે, અરજદારશ્રી **કુસુમબેન છગનભાઈ બરફ તે રઘુભાઈની પુત્રી** રહે. ધોડીપાડા, મરોલી, તા.ઉમરગામ, જી.વલસાડનાએ તેમના મામાદાદા નામે **રઘીયાભાઈ શીડવાભાઈ ઘાટાલનો** જન્મ/મરણ તા.૧૯-૧૧-૧૯૭૮ના રોજ મોજે - ભીલાડ, તા. ઉમરગામ મુકામે થયેલ છે. તેમના જન્મ/મરણની નોંધણી જે તે વખતે કાયદાથી અજાણ હોઈ ભુલ અને શરતચુકથી કરવાની રહી ગયેલ છે. જેથી અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે. સદર જન્મ/મરણની નોંધણી બાબતે કોઈને વાંધો યા તક્કરાર હોય તો પોતે અથવા વકીલ મારફત સદર હું જાહેરાત પ્રસિધ્ધ થયા તારીખથી ૩૦ દિવસની અંદર મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટની કચેરી ઉમરગામની કચેરી જી.વલસાડ, કચેરીએ વાંધા રજુ કરવાના રહેશે. જો વાંધો નહી આવે તો વાંધો નથી તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે. જેની તમામ લાગતા વળગતા ઈસમોએ નોંધ લેવી.

આજ રોજ તા.૦૮/૦૭/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

નં.એમજી-૨/જન્મ-મરણ/ર.જી.નં.૧૫૫/૨૦૨૪
કાર્યપાલક મેજીસ્ટ્રેટની કચેરી, ઉમરગામ,
તા.ઉમરગામ, જી.વલસાડ

કોર્ટનો સિક્કો

સહિ/-
મામલતદાર
અને
કાર્યપાલક મેજીસ્ટ્રેટ
ઉમરગામ







**મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટની કચેરી ઉમરગામની કોર્ટમાં,**

જ.મ.પ.અ.નં.૧૨૬/૨૦૨૬

અરજદાર : કાંતિલાલ રામજીભાઈ કડુ
રહે. નવીનગરી, નારગોલ
તા.ઉમરગામ, જી.વલસાડ
વિરુધ્ધ
સામાવાળા : તલાટી કમ મંત્રીશ્રી, નારગોલ
ગ્રામ પંચાયત કચેરી, નારગોલ
તા.ઉમરગામ, જી.વલસાડ

**જન્મ-મરણ અધિનિયમ-૧૯૬૯ની કલમ-૧૩(૩) અન્વયે મરણની નોંધ કરાવવા માટેનો હુકમ મેળવવા માટેની અરજી અન્વયે નોટીસ**

આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, અરજદારે જન્મ-મરણ અધિનિયમ હેઠળ અરજી કરેલ છે કે, અરજદારશ્રી **કાંતિલાલ રામજીભાઈ કડુ** રહે. નવીનગરી, નારગોલ, તા.ઉમરગામ, જી.વલસાડનાએ તેમના કાકા નામે **કાલીદાસ મોરાર કડુ**નું મરણ તા.૧૦-૦૭-૧૯૮૫ના રોજ મોજે - નારગોલ, નવાતળાવ-૨, તા. ઉમરગામ મુકામે થયેલ છે. તેમના મરણની નોંધણી જે તે વખતે કાયદાથી અજાણ હોઈ ભુલ અને શરતચુકથી કરવાની રહી ગયેલ છે. જેથી અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે. સદર મરણની નોંધણી બાબતે કોઈને વાંધો યા તક્કરાર હોય તો પોતે અથવા વકીલ મારફત સદર હું જાહેરાત પ્રસિધ્ધ થયા તારીખથી ૩૦ દિવસની અંદર મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટની કચેરી ઉમરગામની કચેરી જી.વલસાડ, કચેરીએ વાંધા રજુ કરવાના રહેશે. જો વાંધો નહી આવે તો વાંધો નથી તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે. જેની તમામ લાગતા વળગતા ઈસમોએ નોંધ લેવી.

આજ રોજ તા.૧૩/૦૭/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

નં.એમજી/મરણ/ર.જી.નં.૧૨૬/૨૦૨૬
કાર્યપાલક મેજીસ્ટ્રેટની કચેરી, ઉમરગામ,
તા.ઉમરગામ, જી.વલસાડ

કોર્ટનો સિક્કો

સહિ/-
મામલતદાર
અને
કાર્યપાલક મેજીસ્ટ્રેટ
ઉમરગામ

**મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટની કચેરી ઉમરગામની કોર્ટમાં,**

(એમ.એ.જી-૨)જ.મ.પ.અ.નં.૬૪/૨૦૨૬

અરજદાર : ગુલાબભાઈ રવિયાભાઈ નીમલા
ઉ.આ.વ. પુખ્તવયના, ધંધો-ખેતી, રહે. નંદીગામ, પટેલપાડા
(વ.શ્રી. ડી.સી. પટેલ)
વિરુધ્ધ
સામાવાળા : તલાટી કમ મંત્રીશ્રી,
ગ્રામ પંચાયત કચેરી, નંદીગામ
તા.ઉમરગામ, જી.વલસાડ

**જન્મ-મરણ અધિનિયમ-૧૯૬૯ની કલમ-૧૩(૩) અન્વયે મરણની નોંધ કરાવવા માટેનો હુકમ મેળવવા માટેની અરજી અન્વયે નોટીસ**

આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, અરજદારે જન્મ-મરણ અધિનિયમ હેઠળ અરજી કરેલ છે કે, અરજદારશ્રી **ગુલાબભાઈ રવિયાભાઈ નીમલા** રહે. નંદીગામ, પટેલપાડા તા.ઉમરગામ, જી.વલસાડનાએ તેમના દાદી **પાતલુબેન લખીયાભાઈ નીમલાનું** મરણ તા.૨૨-૧૦-૨૦૧૨ના રોજ મોજે - નંદીગામ, તા. ઉમરગામ મુકામે થયેલ છે. તેમના મરણની નોંધણી જે તે વખતે કાયદાથી અજાણ હોઈ ભુલ અને શરતચુકથી કરવાની રહી ગયેલ છે. જેથી અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે. સદર મરણની નોંધણી બાબતે કોઈને વાંધો યા તક્કરાર હોય તો પોતે અથવા વકીલ મારફત સદર હું જાહેરાત પ્રસિધ્ધ થયા તારીખથી ૩૦ દિવસની અંદર મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટની કચેરી ઉમરગામની કચેરી જી.વલસાડ, કચેરીએ વાંધા રજુ કરવાના રહેશે. જો વાંધો નહી આવે તો વાંધો નથી તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે. જેની તમામ લાગતા વળગતા ઈસમોએ નોંધ લેવી.

આજ રોજ તા.૧૩/૦૭/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

નં.એમજી-૨/જન્મ-મરણ/ર.જી.નં.૬૪/૨૦૨૬
કાર્યપાલક મેજીસ્ટ્રેટની કચેરી, ઉમરગામ,
તા.ઉમરગામ, જી.વલસાડ

કોર્ટનો સિક્કો

સહિ/-
મામલતદાર
અને
કાર્યપાલક મેજીસ્ટ્રેટ
ઉમરગામ

**મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટની કચેરી ઉમરગામની કોર્ટમાં,**

(એમ.એ.જી-૨)જ.મ.પ.અ.નં.૧૫૬/૨૦૨૪

અરજદાર : કુસુમબેન છગનભાઈ બરફ તે રઘુભાઈની પુત્રી
રહે. ધોડીપાડા, મરોલી
તા.ઉમરગામ, જી.વલસાડ
વિરુધ્ધ
સામાવાળા : તલાટી કમ મંત્રીશ્રી, ભીલાડ
ગ્રામ પંચાયત કચેરી, ભીલાડ
તા.ઉમરગામ, જી.વલસાડ

**જન્મ-મરણ અધિનિયમ-૧૯૬૯ની કલમ-૧૩(૩) અન્વયે મરણની નોંધ કરાવવા માટેનો હુકમ મેળવવા માટેની અરજી અન્વયે નોટીસ**

આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, અરજદારે જન્મ-મરણ અધિનિયમ હેઠળ અરજી કરેલ છે કે, અરજદારશ્રી **કુસુમબેન છગનભાઈ બરફ તે રઘુભાઈની પુત્રી** રહે. ધોડીપાડા, મરોલી, તા.ઉમરગામ, જી.વલસાડનાએ તેમના દાદી નામે **રુપાઈબેન હોલીયાભાઈ પાગીનો** જન્મ/મરણ તા.૦૫-૦૨-૧૯૭૯ના રોજ મોજે - ભીલાડ, તા. ઉમરગામ મુકામે થયેલ છે. તેમના જન્મ/મરણની નોંધણી જે તે વખતે કાયદાથી અજાણ હોઈ ભુલ અને શરતચુકથી કરવાની રહી ગયેલ છે. જેથી અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે. સદર જન્મ/મરણની નોંધણી બાબતે કોઈને વાંધો યા તક્કરાર હોય તો પોતે અથવા વકીલ મારફત સદર હું જાહેરાત પ્રસિધ્ધ થયા તારીખથી ૩૦ દિવસની અંદર મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટની કચેરી ઉમરગામની કચેરી જી.વલસાડ, કચેરીએ વાંધા રજુ કરવાના રહેશે. જો વાંધો નહી આવે તો વાંધો નથી તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે. જેની તમામ લાગતા વળગતા ઈસમોએ નોંધ લેવી.

આજ રોજ તા.૦૮/૦૭/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

નં.એમજી-૨/જન્મ-મરણ/ર.જી.નં.૧૫૬/૨૦૨૪
કાર્યપાલક મેજીસ્ટ્રેટની કચેરી, ઉમરગામ,
તા.ઉમરગામ, જી.વલસાડ

કોર્ટનો સિક્કો

સહિ/-
મામલતદાર
અને
કાર્યપાલક મેજીસ્ટ્રેટ
ઉમરગામ




## આજે ખેરગામમા દિવ્યાંગ-વરિષ્ઠોને મફત સાધન વિતરણ કરાશે

**ખેરગામ, તા.૧૮ :** તા.૧૯ ઓગ.૨૬ના રોજ ખેરગામ કુમાર શાળા પીએમના દિવાળી બા સભાખંડમાં સવારે ૯:૩૦થી સાંજના પાંચ સુધીમાં દિવ્યાંગ - વરિષ્ઠ નાગરિકોને જરૂરિયાત મુજબ વ્હીલચેર, ટ્રાઈસાઈકલ, કૃત્રિમ અંગ અને શ્રવણયંત્ર વૉકર, સ્ટિક-લાકડી, કાખઘોડી અને ઢીંચણ સહાયક સહિતના સાધનોનું વિનામૂલ્યે યોગ્યતા આધારે વિતરણ કરવાનુ હોય તેની યોગ્યતાની તપાસ ખરાઈ કરવામાં આવશે.

ભારત સરકાર સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રાલય દ્વારા વયોશ્રી યોજના-દિવ્યાંગજનો વરિષ્ઠો માટે સહાયક ઉપકરણ યોજના જે ભારતીય કૃત્રિમ અંગ નિર્માણ નિગમ તથા જિલ્લા વહિવટી તંત્ર, નવસારીના સંયુક્ત ઉપક્રમે જિલ્લાના દિવ્યાંગ અને વરિષ્ઠ નાગરિકો માટે નિઃશુલ્ક સહાયક ઉપકરણો આપવા માટે એસેસમેન્ટ કેમ્પ યોગ્યતા શોધ યજ્ઞનું આયોજન કરવામાં આવેલ છે.

એડીપીઆઈ યોજનાના લાવવાના જરૂરી દસ્તાવેજો જેવા કે દિવ્યાંગ પ્રમાણપત્ર / UDID કાર્ડ, વાર્ષિક આવક ૨,૭૦,૦૦૦/-થી વધુ ન હોવાનો આવકનો દાખલો, આધાર કાર્ડ મોબાઈલ નંબર યોગ્યતાના આધારે મંજુર થયેલાઓને સાધન વિતરણ માટે અલગથી તારીખની જાણ કરી ફરી બોલાવવામાં આવશે.

**મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટની કચેરી ઉમરગામની કોર્ટમાં,**

જ.મ.પ.અ.નં.૧૨૫/૨૦૨૬

અરજદાર : કાંતિલાલ રામજીભાઈ કડુ
રહે. નવીનગરી, નારગોલ
તા.ઉમરગામ, જી.વલસાડ
વિરુધ્ધ
સામાવાળા : તલાટી કમ મંત્રીશ્રી, નારગોલ
ગ્રામ પંચાયત કચેરી, નારગોલ
તા.ઉમરગામ, જી.વલસાડ

**જન્મ-મરણ અધિનિયમ-૧૯૬૯ની કલમ-૧૩(૩) અન્વયે મરણની નોંધ કરાવવા માટેનો હુકમ મેળવવા માટેની અરજી અન્વયે નોટીસ**

આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, અરજદારે જન્મ-મરણ અધિનિયમ હેઠળ અરજી કરેલ છે કે, અરજદારશ્રી **કાંતિલાલ રામજીભાઈ કડુ** રહે. નવીનગરી, નારગોલ, તા.ઉમરગામ, જી.વલસાડનાએ તેમના કાકા નામે **સ્વ. નાનજીભાઈ મોરાર કડુ**નું મરણ તા.૦૫-૦૬-૧૯૮૨ના રોજ મોજે - નારગોલ, નવાતળાવ-૨, તા. ઉમરગામ મુકામે થયેલ છે. તેમના મરણની નોંધણી જે તે વખતે કાયદાથી અજાણ હોઈ ભુલ અને શરતચુકથી કરવાની રહી ગયેલ છે. જેથી અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે. સદર મરણની નોંધણી બાબતે કોઈને વાંધો યા તક્કરાર હોય તો પોતે અથવા વકીલ મારફત સદર હું જાહેરાત પ્રસિધ્ધ થયા તારીખથી ૩૦ દિવસની અંદર મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટની કચેરી ઉમરગામની કચેરી જી.વલસાડ, કચેરીએ વાંધા રજુ કરવાના રહેશે. જો વાંધો નહી આવે તો વાંધો નથી તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે. જેની તમામ લાગતા વળગતા ઈસમોએ નોંધ લેવી.

આજ રોજ તા.૧૩/૦૭/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

નં.એમજી/મરણ/ર.જી.નં.૧૨૫/૨૦૨૬
કાર્યપાલક મેજીસ્ટ્રેટની કચેરી, ઉમરગામ,
તા.ઉમરગામ, જી.વલસાડ

કોર્ટનો સિક્કો

સહિ/-
મામલતદાર
અને
કાર્યપાલક મેજીસ્ટ્રેટ
ઉમરગામ

**મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટની કચેરી ઉમરગામની કોર્ટમાં,**

જ.મ.પ.અ.નં.૧૦૧/૨૦૨૬

અરજદાર : દત્તુભાઈ ભગીયાભાઈ દુબળા
રહે. ટાંકી ફળિયા, ગોવાડા
(વ.શ્રી. સી.આર. દુબળા)
વિરુધ્ધ
સામાવાળા : તલાટી કમ મંત્રીશ્રી, ગોવાડા
ગ્રામ પંચાયત કચેરી, ગોવાડા
તા.ઉમરગામ, જી.વલસાડ

**જન્મ-મરણ અધિનિયમ-૧૯૬૯ની કલમ-૧૩(૩) અન્વયે મરણની નોંધ કરાવવા માટેનો હુકમ મેળવવા માટેની અરજી અન્વયે નોટીસ**

આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, અરજદારે જન્મ-મરણ અધિનિયમ હેઠળ અરજી કરેલ છે કે, અરજદારશ્રી **દત્તુભાઈ ભગીયાભાઈ દુબળા** રહે. ટાંકી ફળિયા, ગોવાડા, તા.ઉમરગામ, જી.વલસાડનાએ તેમના માતાનું મરણ તા.૧૫-૦૮-૧૯૭૮ના રોજ મોજે - ગોવાડા, તા. ઉમરગામ મુકામે થયેલ છે. તેમના મરણની નોંધણી જે તે વખતે કાયદાથી અજાણ હોઈ ભુલ અને શરતચુકથી કરવાની રહી ગયેલ છે. જેથી અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે. સદર મરણની નોંધણી બાબતે કોઈને વાંધો યા તક્કરાર હોય તો પોતે અથવા વકીલ મારફત સદર હું જાહેરાત પ્રસિધ્ધ થયા તારીખથી ૩૦ દિવસની અંદર મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટની કચેરી ઉમરગામની કચેરી જી.વલસાડ, કચેરીએ વાંધા રજુ કરવાના રહેશે. જો વાંધો નહી આવે તો વાંધો નથી તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે. જેની તમામ લાગતા વળગતા ઈસમોએ નોંધ લેવી.

આજ રોજ તા.૧૩/૦૭/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

નં.એમજી-૨/જન્મ-મરણ/ર.જી.નં.૧૦૧/૨૦૨૬
કાર્યપાલક મેજીસ્ટ્રેટની કચેરી, ઉમરગામ,
તા.ઉમરગામ, જી.વલસાડ

કોર્ટનો સિક્કો

સહિ/-
મામલતદાર
અને
કાર્યપાલક મેજીસ્ટ્રેટ
ઉમરગામ

**મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટની કચેરી ઉમરગામની કોર્ટમાં,**

(એમ.એ.જી-૨)જ.મ.પ.અ.નં.૨૫૦/૨૦૨૬

અરજદાર : શ્રી હિમંત ચીમનભાઈ માછી
ઉ.આ.વ.૪૬, ધંધો - નોકરી, રહે. માછીવાડ, નવુ ફળિયું, ઉમરગામ ટાઉન
તા.ઉમરગામ, જી.વલસાડ (વ.શ્રી. બી.આર. ટંડેલ)
વિરુધ્ધ
સામાવાળા : તલાટી કમ મંત્રીશ્રી, ઉમરગામ
ગ્રામ પંચાયત કચેરી, ઉમરગામ
તા.ઉમરગામ, જી.વલસાડ

**જન્મ-મરણ અધિનિયમ-૧૯૬૯ની કલમ-૧૩(૩) અન્વયે મરણની નોંધ કરાવવા માટેનો હુકમ મેળવવા માટેની અરજી અન્વયે નોટીસ**

આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, અરજદારે જન્મ-મરણ અધિનિયમ હેઠળ અરજી કરેલ છે કે, અરજદારશ્રી **હિમંત ચીમનભાઈ માછી** રહે. માછીવાડ, નવુ ફળિયું, ઉમરગામ ટાઉન, તા.ઉમરગામ, જી.વલસાડનાએ તેમના દાદી **મણીબેન કાનજીભાઈ માછીનું** મરણ તા.૨૮-૦૫-૧૯૯૨ના રોજ મોજે - ઉમરગામ, તા. ઉમરગામ મુકામે થયેલ છે. તેમના મરણની નોંધણી જે તે વખતે કાયદાથી અજાણ હોઈ ભુલ અને શરતચુકથી કરવાની રહી ગયેલ છે. જેથી અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે. સદર મરણની નોંધણી બાબતે કોઈને વાંધો યા તક્કરાર હોય તો પોતે અથવા વકીલ મારફત સદર હું જાહેરાત પ્રસિધ્ધ થયા તારીખથી ૩૦ દિવસની અંદર મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટની કચેરી ઉમરગામની કચેરી જી.વલસાડ, કચેરીએ વાંધા રજુ કરવાના રહેશે. જો વાંધો નહી આવે તો વાંધો નથી તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે. જેની તમામ લાગતા વળગતા ઈસમોએ નોંધ લેવી.

આજ રોજ તા.૦૩/૦૮/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

નં.એમજી-૨/જન્મ-મરણ/ર.જી.નં.૨૫૦/૨૦૨૬
કાર્યપાલક મેજીસ્ટ્રેટની કચેરી, ઉમરગામ,
તા.ઉમરગામ, જી.વલસાડ

કોર્ટનો સિક્કો

સહિ/-
મામલતદાર
અને
કાર્યપાલક મેજીસ્ટ્રેટ
ઉમરગામ




## સાપુતારા-માલેગામ ઘાટમાર્ગ પર ટેમ્પો અકસ્માત



**સાપુતારા, તા.૧૮ :** પ્રાપ્ત વિગતો અનુસાર આજરોજ મહારાષ્ટ્રનાં નાસિક તરફથી માલસામાનનો જથ્થો ભરી સુરત તરફ જઈ રહેલ આઈસર ટેમ્પો જે સાપુતારાથી શામગહાનને જોડતા રાષ્ટ્રીય ધોરીમાર્ગનાં માલેગામ ફોરેસ્ટ રેસ્ટ હાઉસ પાસેનાં યુ ટર્ન વળાંકમાં ચાલક દ્વારા અચાનક સ્ટેયરીંગ પરથી કાબુ ગુમાવી દેતા આ આઈસર ટેમ્પો માર્ગની સાઈડમાં ઉતરી જઈ ખીણમાં ખાબકતા બચ્યો હતો.આ બનાવમાં ચાલક અને ક્લીનરનો ચમત્કારિક બચાવ થયેલ હોવાની વિગતો સાંપડેલ છે.

**UT ADMINISTRATION OF DADRA & NAGAR HAVELI AND DAMAN & DIU**

**Public Works Department**
**NOTICE INVITING TENDER**
**Procurement of Furnifure for Newly Constructed SP complex at Sayli (2nd Call)**

| | |
|---|---|
| On line downloading start of tender documents | 17.08.2026 @ 18.55 Hrs |
| * Pre-bid meeting | N.A. |
| Last date & Time for Receipt of Bid/Uploading Bid | 25.08.2026 @ 14.00 Hrs |
| Online Opening of Technical Bid | 25.08.2026 @ 16.00 Hrs |
| On line opening of Price Bid | 25.08.2026 @ 16.30 hrs. (if possible) |

For details please scan
dnhtenders.nic.in
ee-bldg-dnh@ddd.gov.in
0260 2642350

ID.No. 2026_UTDNH_8216_1

I/c. Executive Engineer, (PC) P.W.D., DNH, Silvassa
No.4-1(1)/WCD.I/E-Ten./2026-27/545 Dtd.17/08/2026

NO.: IP/DMN/2/5/2026-27/439 DATED :18/08/2026

**મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટની કચેરી ઉમરગામની કોર્ટમાં,**

(એમ.એ.જી-૨)જ.મ.પ.અ.નં.૧૧૪/૨૦૨૬

અરજદાર : શ્રી તારાબેન અમરતભાઈ દુબળા
ઉ.આ.ન.૫૦, ધંધો - ઘરકામ, રહે. ભાઠાફળિયું, ઉમરગામ
તા.ઉમરગામ, જી.વલસાડ (વ.શ્રી. સી.આર. દુબળા)
વિરુધ્ધ
સામાવાળા : ચીફ ઓફિસરશ્રી
ઉમરગામ નગરપાલિકા
તા.ઉમરગામ, જી.વલસાડ

**જન્મ-મરણ અધિનિયમ-૧૯૬૯ની કલમ-૧૩(૩) અન્વયે મરણની નોંધ કરાવવા માટેનો હુકમ મેળવવા માટેની અરજી અન્વયે નોટીસ**

આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, અરજદારે જન્મ-મરણ અધિનિયમ હેઠળ અરજી કરેલ છે કે, અરજદારશ્રી **તારાબેન અમરતભાઈ દુબળા** રહે. ભાઠાફળિયુ ઉમરગામ, તા.ઉમરગામ, જી.વલસાડનાએ તેમના માતાશ્રી **સ્વ. મંગલીબેન ઈશ્વરભાઈ દુબળાનું** મરણ તા.૧૫-૦૪-૨૦૦૦ના રોજ મોજે - ભાઠાફળિયુ ઉમરગામ, તા. ઉમરગામ મુકામે થયેલ છે. તેમના મરણની નોંધણી જે તે વખતે કાયદાથી અજાણ હોઈ ભુલ અને શરતચુકથી કરવાની રહી ગયેલ છે. જેથી અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે. સદર મરણની નોંધણી બાબતે કોઈને વાંધો યા તક્કરાર હોય તો પોતે અથવા વકીલ મારફત સદર હું જાહેરાત પ્રસિધ્ધ થયા તારીખથી ૩૦ દિવસની અંદર મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટની કચેરી ઉમરગામની કચેરી જી.વલસાડ, કચેરીએ વાંધા રજુ કરવાના રહેશે. જો વાંધો નહી આવે તો વાંધો નથી તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે. જેની તમામ લાગતા વળગતા ઈસમોએ નોંધ લેવી.

આજ રોજ તા.૧૩/૦૭/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

નં.એમજી-૨/જન્મ-મરણ/ર.જી.નં.૧૧૪/૨૦૨૬
કાર્યપાલક મેજીસ્ટ્રેટની કચેરી, ઉમરગામ,
તા.ઉમરગામ, જી.વલસાડ

કોર્ટનો સિક્કો

સહિ/-
મામલતદાર
અને
કાર્યપાલક મેજીસ્ટ્રેટ
ઉમરગામ

**મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટની કચેરી ઉમરગામની કોર્ટમાં,**

(એમ.એ.જી.-૨)જ.મ.પ.અ.નં.૪૬/૨૦૨૬

અરજદાર : શ્રી રણજીતભાઈ હરજીભાઈ પટેલ
ઉ.વ.આ.૬૨, ધંધો - ખેતી, રહે. કચીગામ, ઓવર ફળિયા
(વ.શ્રી. આર.આર. વારલી)
વિરુધ્ધ
સામાવાળા : તલાટી કમ મંત્રીશ્રી,
ગ્રામ પંચાયત કચેરી કચીગામ
તા.ઉમરગામ, જી.વલસાડ

**જન્મ-મરણ અધિનિયમ-૧૯૬૯ની કલમ-૧૩(૩) અન્વયે મરણની નોંધ કરાવવા માટેનો હુકમ મેળવવા માટેની અરજી અન્વયે નોટીસ**

આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, અરજદારે જન્મ-મરણ અધિનિયમ હેઠળ અરજી કરેલ છે કે, અરજદારશ્રી **રણજીત હરજીભાઈ પટેલ** રહે. કચીગામ, ઓવર ફળિયાનાએ તેમના પત્ની **સ્વ. ગીતાબેન રણજીતભાઈ પટેલનું** મરણ તા.૦૭-૧૨-૨૦૦૭ના રોજ મોજે - કચીગામ, ઓવર ફળિયા, તા. ઉમરગામ મુકામે થયેલ છે. તેમના મરણની નોંધણી જે તે વખતે કાયદાથી અજાણ હોઈ ભુલ અને શરતચુકથી કરવાની રહી ગયેલ છે. જેથી અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે. સદર મરણની નોંધણી બાબતે કોઈને વાંધો યા તક્કરાર હોય તો પોતે અથવા વકીલ મારફત સદર હું જાહેરાત પ્રસિધ્ધ થયા તારીખથી ૩૦ દિવસની અંદર મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટની કચેરી ઉમરગામની કચેરી જી.વલસાડ, કચેરીએ વાંધા રજુ કરવાના રહેશે. જો વાંધો નહી આવે તો વાંધો નથી તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે. જેની તમામ લાગતા વળગતા ઈસમોએ નોંધ લેવી.

આજ રોજ તા.૧૩/૦૭/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

નં.એમજી/જન્મ-મરણ/ર.જી.નં.૪૬/૨૦૨૬
કાર્યપાલક મેજીસ્ટ્રેટની કચેરી, ઉમરગામ,
તા.ઉમરગામ, જી.વલસાડ

કોર્ટનો સિક્કો

સહિ/-
મામલતદાર
અને
કાર્યપાલક મેજીસ્ટ્રેટ
ઉમરગામ

દમણગંગા ટાઇમ્સ

સામાજીક, શૈક્ષણિક, સાંસ્કૃતિક, સંસ્થાકિય, રાજકીય, વહીવટ વગેરેને લગતી પ્રેસનોટ અને તસ્વીરો નીચેના સરનામે મોકલાવો

મુખ્ય કાર્યાલય

દમણગંગા ટાઇમ્સ : ને.હા.નં.૮, આશાધામ સ્કૂલ પાછળ, વાપી.


ફોનઃ ૦૨૬૦- ૨૪૦૧૨૩૫, વોટસએપ નં. ૯૮૨૫૧ ૨૨૫૦૫

ઈમેલ- editor.dgt@gmail.com

Wednesday 19, August 2026

# દમણગંગા ટાઇમ્સ

## ટુકવાડા હાઈવે પર કારમાં આગ



**વાપી, તા.૧૮ :** ટુકવાડા હાઈવે પર ડોમસ કંપની સામે આજે ચાલતી કાર અચાનક ભડભડ સળગી ઊઠી હતી. સદ્દભાગ્યે કારચાલક સમયસર બહાર નીકળી જતાં કોઈ જાનહાનિ થઈ નહીં. ઘટનાને પગલે થોડા સમય માટે ટ્રાફિક પ્રભાવિત થયો હતો.

## દમણની ૨૦૦થી વધુ હોટલો-ગેસ્ટ હાઉસમાં પોલીસ તપાસ





**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**

**દમણ, તા.૧૮ :** જાહેર સુરક્ષાને મજબૂત બનાવવા અને ગુનાહિત પ્રવૃત્તિઓને રોકવા માટે, દમણ પોલીસે ૧૭ ઓગસ્ટની સાંજે અને રાત્રે જિલ્લાભરમાં હોટલ, ગેસ્ટ હાઉસ, હોમસ્ટે, ફાર્મહાઉસ, ધર્મશાળાઓ અને આવા અન્ય મથકો પર મોટા પાયે ચેકિંગ ઝુંબેશ હાથ ધરી હતી. આ ઝુંબેશ દરમિયાન, ૧૮ પોલીસ ટીમોએ આશરે ૨૦૦ મથકોનું નિરીક્ષણ કર્યું હતું.

દરેક ટીમમાં ત્રણથી ચાર હેડ કોન્સ્ટેબલ/કોન્સ્ટેબલનો સમાવેશ થતો હતો અને તેનું નેતૃત્વ સબ-ઈન્સ્પેક્ટર-સ્તરના અધિકારીઓ કરતા હતા. આ કામગીરી SDPO દમન આદર્શ પટેલ, IPS ના નેતૃત્વ અને પોલીસ અધિક્ષક કેતન બંસલ, IPS ના માર્ગદર્શન હેઠળ હાથ ધરવામાં આવી હતી. પોલીસ ટીમોએ મહેમાન રજિસ્ટરનું યોગ્ય જાળવણી, મહેમાનો અને મુલાકાતીઓની ઓળખની ચકાસણી, સીસીટીવી કેમેરાની ઉપલબ્ધતા અને કામગીરી અને કર્મચારીઓની પોલીસ ચકાસણી માટે સંસ્થાઓનું નિરીક્ષણ કર્યું. સંચાલકો અને મેનેજરોને સંસ્થાઓની અંદરની પ્રવૃત્તિઓ પર નજીકથી નજર રાખવાની પણ સૂચના આપવામાં આવી હતી.

પોલીસે દમણના સબ-ડિવિઝનલ મેજિસ્ટ્રેટ દ્વારા ૧૭ ઓગસ્ટ, ૨૦૨૬ ના રોજ જારી કરાયેલા આદેશની પણ સ્થાપના સંચાલકોને જાણ કરી. આ આદેશમાં મહેમાનોની ઓળખની યોગ્ય ચકાસણી, નિર્ધારિત વિગતો ધરાવતા રજિસ્ટરની જાળવણી, કર્મચારીઓની ચકાસણી અને પરિસરમાં સીસીટીવી કેમેરા કાર્યરત સ્થિતિમાં છે તેની ખાતરી કરવાનો સમાવેશ થાય છે. તપાસ દરમિયાન, કેટલીક સંસ્થાઓમાં અનિયમિતતાઓ અને નિયમોનું ઉલ્લંઘન પણ મળી આવ્યું હતું. પોલીસે કેસનો વિગતવાર અહેવાલ કાર્યવાહી માટે દમણના સબ-ડિવિઝનલ મેજિસ્ટ્રેટને મોકલ્યો છે. પોલીસના જણાવ્યા અનુસાર, નિયમોનું ઉલ્લંઘન કરનારા દોષિતો સામે સક્ષમ કોર્ટમાં કાર્યવાહી કરવામાં આવશે.

### ભાજપના વલસાડના ધારાસભ્ય ભરત પટેલના ગળામાં ગાળિયો આવશે ?

## વશિયરમાં નેતાની કરોડોની જમીનમાં જવા સરકારી ખર્ચે બ્રિજ બનાવાયો !





**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**

**વલસાડ તા. ૧૮ :** વલસાડના વશીયર ગામે ભાજપના નેતાની જમીન માં જવા માટે ૩.૮૦ કરોડનો ઓવર બ્રિજ અને વાકી નદી કિનારે ૮૦ લાખની પ્રોટેકશન મળી કુલ ૪.૬૦ કરોડ રૂપિયા સરકારી રકમ નો આર્થિક ફાયદો ભાજપી નેતાને કરાવ્યો હોવાની આક્ષેપ સાથે ચર્ચા ચાલી રહી છે. તેની બાજુમા જ કરોડોના ખર્ચે વશીયર માં રેલવે ફલાય ઓવરબ્રિજ બનાવવામાં આવ્યો છે.

વલસાડ નજીકના વશીયર ગામે થોડા વર્ષ અગાઉ વશીયર ગામે સરકાર દ્વારા કરોડો રૂપિયા ના ખર્ચે રેલવે ઓવર બ્રિજ બનાવવા માં આવ્યો છે. તો બીજી તરફ વશીયર ગામે સર્વે નં. ૩૭૮ આશરે ૬ વીઘા ઉપરાંત આસપાસના સર્વે નં. ૩૬૬, ૩૬૫, ૩૬૭, ૩૬૩, ૩૭૧ વાળી મળીને કુલ ૧૭.૫ વીઘા જમીન હર્ષદ કટારીયા અને પરિવારજનોના નામે જમીન ચાલી આવેલ છે.નનકવાડા ગામ ના આદિત્ય નગર થી વશીયર રેલવે તરફ જવા માટે વાંકી નદી આવેલી છે. ભાજપ નેતા હર્ષદભાઈ કટારીયાની જમીન માં જવા માટે નનકવાડા તેમજ વશીયર ગામ ના સરપંચે બ્રિજ બનાવવા માટે ઠરાવ કર્યો છે . તો વલસાડના ધારાસભ્યએ સરકારમાં ભલામણ કરી તો ઉંમરગામના ધારાસભ્ય એ ભાજપી નેતા હર્ષદ ભાઈ કટારીયા ને ફાયદો કરાવવા માટે વાંકી નદી કિનારે ૮૦ લાખ ની પ્રોટેક્શન વોલ બનાવવા માટે ગ્રાન્ટ અપાવી અને બ્રિજ બનાવવા માટે ૩.૮૦ કરોડ ની રકમ મંજૂર કરાવી હોવાની ચર્ચા એ જોર પકડ્યું છે. નનકવાડા ગામ ના આદિત્ય નગર થી વશીયર રેલવે તરફ જવા માટે વલસાડના ધારાસભ્ય એ સરકારમાં ભલામણ કરી ૩.૮૦ કરોડનું પુલ બનાવવા માટે ગ્રાન્ટ મંજુર કરાવી હતી. આમ ભાજપી નેતા હર્ષદ કટારીયાને સીધો આર્થિક ફાયદો કરાવવાનો મામલો સામે આવ્યો છે. જ્યાં એક તરફ વલસાડના ધારાસભ્ય એ આ કામ જનહિતમાં કરાયું હોવાનો દાવો કરવામાં આવ્યો હતો. ત્યારે વાસ્તવિકતામાં જનતાના ટેક્સના કરોડો રૂપિયા માત્ર એક ભાજપી નેતાના અંગત ફાયદા માટે વેડફાયા હોવાની ચર્ચાએ શહેર તથા ગ્રામ્ય વિસ્તારમાં જોર પકડ્યું છે. ભાજપના નેતા માટે બનાવવામાં આવેલા આ બ્રિજ નો કોંગ્રેસ દ્વારા ભારે વિરોધ કરી જિલ્લા કલેકટર ને આવેદનપત્ર પાઠવી ન્યાય ની માંગ કરી છે.

## ચીખલી હાઈવે પર પાર્કિંગ મુદ્દે ટ્રક ચાલકે ચપ્પુથી હુમલો કર્યો

**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**

**ચીખલી, તા.૧૮ :** ચીખલી ને.હા નંબર ૪૮ ઉપર આવેલ સૂંઠવાડ ગામની હદમાં એક હોટલ ના પાર્કિંગમાં જૂની અદાવતે બે ટ્રક ચાલકો બાખડતા એક ટ્રક ચાલકે બીજા ટ્રક ચાલકને ચપ્પુ મારી દેતા ઈજાગ્રસ્ત થયેલ ટ્રક ચાલકને વલસાડ સિવિલ હોસ્પિટલમાં સારવાર લેવાની નોબત આવી છે.

બનાવની પોલીસ સૂત્રો પાસેથી મળતી માહિતી અનુસાર ચીખલી ને.હા નંબર ૪૮ ઉપર આવેલ સુંથવાડ ગામે સોમવારના રોજ રાત્રિના સમયે એક ટ્રક ચાલક વિજયપ્રતાપ ઝૂરી યાદવ રહે. નીલકંઠ એપાર્ટમેન્ટ એ ૪૦૩ હનુમાન મંદિરની બાજુમાં વલ્લભ નગર છીરી વાપી જે પોતાની ટ્રક લઈને ઉભો હતો દરમિયાન પવન કુમાર બુધીરામ બિંડે રહે. ડીંડોલી સુરત જેણે આવીને જણાવેલ કે છ મહિના અગાઉ મારી સાગર સાથે બોલાચાલી ઝઘડો થયેલ ત્યારે તું કેમ વચ્ચે આવેલ તેમ કહી વિજય પ્રતાપ યાદવને ઢીકક મૂકીનો માર મારવા લાગેલ અને તેની પાસે રહેલ ચપ્પુ કાઢી વિજય પ્રતાપને છાતીના ભાગે જમણી તથા ડાબી સાઈડે તથા જમણા હાથના કાંડાના ભાગે મારી ગંભીર ઈજા પહોંચાડી જાનથી મારી નાખવાની ધમકી આપી પવન કુમાર બિંડે ત્યાંથી ભાગી છુટ્યો હતો જોકે વિજય પ્રતાપ યાદવને લોહી લુહાણ હાલતમાં સૌ-થમ ચીખલી રેફરલ હોસ્પિટલમાં સારવાર આપ્યા બાદ વધુ સારવાર અર્થે વલસાડ સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો છે બનાવની વધુ તપાસ ચીખલી પોલીસ મથકના પીએસઆઇ આર. એન. વાડલે કરી રહ્યા છે.

## ગણદેવીનાં વેગામમાં દીપડો પાંજરે પુરાયો



**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**

**ગણદેવી, તા.૧૮ :** ગણદેવી તાલુકાના વેગામ માં મંગળવાર સવારે પાંચ વર્ષ નો દીપડો પાંજરે પુરાયો હતો. બે દિવસ અગાઉ વાડીમાં ફણસ નાં વૃક્ષ ઉપર ભર બપોરે આરામ ફરમાવતો દેખાયો હતો. જે બાદ પાંજરું ગોઠવાયુ હતું.

ગણદેવી તાલુકામાં નદીઓ અને બાગાયતી વાડી ની ઠંડક વન્યપ્રાણીઓ માટે આશ્રય સ્થાન છે. ખોરાકની શોધમાં દીપડા રહેણાંક વિસ્તારો તરફ આવી રહ્યા છે. વેગામ ગામે પંચાયત ઓફિસ થી પૂર્વ વિસ્તારમાં જયેશ ધીરજલાલ નાયક (હાલ રહે. નવસારી) ની ચીકુ,આંબા વાડી આવેલી છે. અહીં ફણસ નાં વૃક્ષ ઉપર ભરબપોરે આરામ ફરમાતા દીપડા ને જોઈને શ્રમજીવીઓમાં ફફડાટ વ્યાપી ગયો હતો. જે અંગે સરપંચ ભુપેન્દ્ર પટેલ સહિત અગ્રણીઓએ વન વિભાગ ને જાણ કરતા પાંજરું ગોઠવી મરઘાંનું મારણ મુકાયું હતું.

જેની લાલચમાં કદાવર દીપડો પાંજરે પુરાયો હતો. જેને જોવા લોક ટોળા ઉમટી પડ્યા હતા. વન વિભાગે દીપડાનો કબ્જો લઈ એંધલ વનડેપો માં રાખ્યો હતો. દીપડાનાં મેડિકલ પરીક્ષણ બાદ મોડી રાત્રે જંગલ વિસ્તારમાં છોડવાની તજવીજ હાથ ધરાશે.

## દમણ ભાજપના કાઉન્સિલરો પાર્કિંગના નામે લોકોને હેરાન કરવાનું બંધ કરે : કેતન પટેલ



**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**

**દમણ, તા.૧૮ :** દમણ-દીવ કોંગ્રેસે નો-પાર્કિંગ પ્રતિબંધ અને વાહન ટોઈંગના મુદ્દા પર ભાજપના નગરસેવકો પર નિશાન સાધ્યું છે. કોંગ્રેસ પ્રમુખ કેતન પટેલે આરોપ લગાવ્યો છે કે કાઉન્સિલરો પાર્કિંગ અને વાહન ટોઈંગના નામે જનતાને હેરાન કરી રહ્યા છે.કેતન પટેલે જણાવ્યું હતું કે નો પાર્કિંગના નામે લોકો પાસેથી એક હજાર રૂપિયા સુધીનો દંડ વસૂલવામાં આવી રહ્યો છે.

તેમણે ઉમેર્યું હતું કે કેન્દ્રશાસિત પ્રદેશને ભારત સરકાર તરફથી મોટી ગ્રાન્ટ મળે છે, તેથી જનતાને નાની નાની બાબતોમાં હેરાન ન થવું જોઈએ. તેમણે કહ્યું કે ગામડાંઓમાંથી લોકો દિવસમાં એક કે બે વાર બજારમાં ખરીદી કરવા આવે છે. તેથી, જો યોગ્ય પાર્કિંગ વ્યવસ્થા કરવામાં નહીં આવે અને વાહનો સામે કાર્યવાહી કરવામાં નહીં આવે, તો તેની સીધી અસર જનતા પર પડશે. કોંગ્રેસ અધ્યક્ષે કહ્યું કે દમણમાં પર્યાપ્ત પાર્કિંગનો અભાવ છે. વહીવટીતંત્ર અને મ્યુનિસિપલ કોર્પોરેશને પહેલા પૂરતી પાર્કિંગ જગ્યાઓ પૂરી પાડવી જોઈએ જેથી લોકોને પાર્કિંગની સમસ્યાનો સામનો ન કરવો પડે. તેમણે ભાજપના કાઉન્સિલરોને જનતાને હેરાન કરવાને બદલે પાર્કિંગની સમસ્યાનો કાયમી ઉકેલ શોધવાની અપીલ કરી.

## ખેરગામ તા.પં.ની વોર્ડ નં.૧ પરથી કોંગ્રેસના ચૂંટાયેલા સભ્યનું રાજીનામું



**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**

**ચીખલી, તા.૧૮ :** ખેરગામ તાલુકા પંચાયતની તાજેતરમાં યોજાયેલી ચૂંટણીમાં કુલ ૧૬ બેઠકોમાંથી ૧૧ જેટલા સભ્યો ભાજપના ચૂંટાયા હતા જ્યારે પાંચ જેટલા સભ્યો કોંગ્રેસના ચૂંટાયા હતા દરમિયાન કોંગ્રેસના વાડ - ૧ બેઠક ઉપરથી ચૂંટાયેલા દિગેશ ધીરુભાઈ પટેલે તાલુકા પંચાયતના સભ્યપદેથી રાજીનામું આપી દેતા કોંગ્રેસની હાલત વધુ નબળી થવા પામી છે.

ખેરગામ તાલુકાના વાડ ૧ બેઠક ઉપરથી તાલુકા પંચાયતના સભ્ય પદે દિગેશ ધીરુભાઈ પટેલનો ભવ્ય વિજય થયો હતો દિગેશ પટેલે કયા કારણોસર રાજીનામું આપ્યું તે જાણવા મળ્યું નથી જોકે કોંગ્રેસમાં કેટલાક સભ્યોને તેમજ સંગઠનના નેતાઓને આ બાબતની જાણ થતા દિગેશ પટેલને મોડી રાત સુધી સમજાવવાના પ્રયત્નો થયા હતા પરંતુ તાલુકા પંચાયતના સભ્ય પદેથી દિગેશ પટેલ વાડ ૧ બેઠક ઉપરથી રાજીનામું આપી દેતા રાજકારણમાં અનેક તર્ક વીતર્કો ઉઠવા પામ્યા છે દિગેશ પટેલે આજરોજ તેમનું રાજીનામું તાલુકા પંચાયત પ્રમુખ હંસાબેન પટેલને સુપ્રત કરવામાં આવતા આવનારી સામાન્ય સભામાં રાજીનામાં બાબતે કેવો લટકો ફટકો થાય તે જોવાનું રહેશે.

## રોલા હાઈવે કારમાં રૂા.૩.૪૭ લાખનો દારૂ ઝડપાયો

**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**

**વલસાડ, તા.૧૮ :** ડુંગરી પોલીસ પેટ્રોલિંગ દરમિયાન મળેલી ચોક્કસ બાતમીના આધારે પોલીસે શંકાસ્પદ હ્યુન્ડાઇ વેન્યુ કારનો પીછો કરી તેને અટકાવી હતી. તપાસ દરમિયાન કાર પર લાગેલી નંબર પ્લેટ GJ-21-CF-7812 બોગસ હોવાનું બહાર આવ્યું હતું. આરોપીએ ગાડીનો અસલી નંબર GJ-15-CQ-0385 છુપાવવા માટે આ ખોટી નંબર પ્લેટ લગાવી હતી. પોલીસે આરોપી રોનકકુમાર મુકેશભાઈ પટેલ ઉં.વ.૨૫ રહે.ગોઈમા, પટેલ ફળીયા, તા. પારડી, જી. વલસાડ સામે આરોપી અગાઉ ચીખલી અને બીલીમોરા પોલીસ સ્ટેશનમાં પ્રોહિબિશનના ગુનાઓમાં સંડોવાયેલો છે.

પોલીસે દારૂ બિયરની બાટલી નંગ ૧,૧૯૨ કિંમત રૂપિયા ૩,૪૭૯૫૨ હ્યુન્ડાઇ કાર ની કિંમત ૫ લાખ , બે નંગ મોબાઈલ કિંમત રૂપિયા ૨૫,૦૦૦ મળી કુલ ૮,૭૨,૯૫૨ રૂપિયાના મુદ્દા માલ સાથે ઝડપી પાડ્યો છે.

## ઉદવાડાના જ્વેલર્સ સાથે ૧.૯૦ લાખની ઠગાઈ કરનાર નવસારીથી ઝડપાયો

**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**

**પારડી, તા.૧૮ :** પારડી તાલુકાના ઓરવાડ ગામમાં આવેલા ઉદવાડા આર.એસ. ખાતે જ્વેલર્સના વેપારી સાથે રૂ. ૧.૯૦ લાખની ઠગાઈ આચરનાર રીઢા આરોપીને વલસાડ એલ.સી.બી. પોલીસે નવસારીથી ઝડપી પાડ્યો હતો. ઓરવાડ ખાતે શ્રી સુંધા જ્વેલર્સ ધરાવતા મહેન્દ્રકુમાર પરીહાર પાસે આરોપી હુસૈન પારડીવાલા રહે. પારડી આવ્યો હતો. તેણે પોતાની પાસે રૂ. ૩.૪૫ લાખની કિંમતનું પોણા ત્રણ તોલાનું સોનાનું કડું વાપીની ફાઇનાન્સ કંપનીમાં ગીરવે મૂકેલું હોવાનું જણાવ્યું હતું. આ લોન ભરપાઈ કરવાના બહાને તેણે કડું સસ્તા ભાવે વેચવાની લાલચ આપી હતી. વેપારીએ વિશ્વાસમાં આવી ૧૯ ફેબ્રુઆરી ૨૦૨૬ના રોજ રૂ. ૧,૯૦,૦૦૦ રોકડા આપ્યા હતા. આરોપીએ એસ.બી.આઈ. બેંકમાં રોકડ રકમ ખાતામાં જમા કરાવીલોન ભરવાનું નાટક કરી મ્મીને લઈને આવું છું કહી બેંકમાંથી ચપટીમાં ગાયબ થઈ ગયો હતો. તપાસ કરતા જાણવા મળ્યું હતું કે આરોપીએ રકમ ઉપાડી લીધી હતી અને આપેલું સરનામું પણ ખોટું હતું તપાસ દરમિયાન સામે આવ્યું કે આરોપી હુસૈન પારડીવાલા સામે બિલીમોરા પોલીસ મથકમાં પણ આ જ મોડસ ઓપરેન્ડીથી ઠગાઈનો ગુનો નોંધાયો હતો. આરોપીને વલસાડ એલ.સી.બી. પોલીસે નવસારીથી ઝડપી પાડી પૂછપરછ હાથ ધરી હતી, જેમાં વિવિધ ગુનાઓના ભેદ ઉકેલાયા છે. પારડી પોલીસે આરોપીનો કબજો ટ્રાન્સફર વોરંટથી લઇ આવીકાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. પારડી બાદ આરોપીને ભિલાડ પોલીસ મથકે નોંધાયેલા ગુનાના કેસમાં પણ તપાસ અર્થે લઈ જવામાં આવશે. આ અંગે પારડી અને વલસાડ એલસીબી પોલીસે આગળની કાનૂની કાર્યવાહી હાથ ધરી છે.

## ધરમપુર પોલીસ મથકે ઈદે મિલાદને લઈ શાંતિ સમિતિની બેઠક

**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**

**ધરમપુર, તા.૧૮ :** ઈદે મિલાદ પર્વને અનુલક્ષીને ધરમપુર પોલીસ મથકે શાંતિ સમિતિની બેઠક યોજાઈ હતી. બેઠકમાં પર્વ દરમિયાન શાંતિ અને કાયદો-વ્યવસ્થા જળવાઈ રહે તે અંગે પોલીસ અને સમાજના આગેવાનો વચ્ચે ચર્ચા કરવામાં આવી હતી.

પીઆઈ નીખિલભાઈ ભોયાએ સોશિયલ મીડિયા પર આવતી અફવા કે ઉશ્કેરણીજનક માહિતીની ખરાઈ કર્યા વગર ફોરવર્ડ ન કરવા તથા આવી કોઈ માહિતી મળે તો તાત્કાલિક પોલીસને જાણ કરવા અપીલ કરી હતી. પર્વ દરમિયાન પોલીસ દ્વારા જરૂરી બંદોબસ્ત રાખવામાં આવશે અને આગેવાનોને પોલીસ સાથે સંકલન જાળવવા જણાવાયું હતું.

બેઠકમાં નગરપાલિકા -મુખ મયંકભાઈ મોદી, મુસ્લિમ સમાજના પ્રમુખ સબ્બીર બહાનાન સહિત વિવિધ સમાજના આગેવાનો, નગરપાલિકા સભ્યો અને મોટી સંખ્યામાં પ્રતિનિધિઓ ઉપસ્થિત રહ્યા હતા. આગેવાનોએ પર્વ દરમિયાન શાંતિ જળવાઈ રહે તે માટે પોલીસને સહકારની ખાતરી આપી હતી.




## નવનાથ ધામ ખાતે ઉજવાતી નોળી નોમનું સત્

**શ્રદ્ધા, સંકલ્પ અને પરંપરાનો અનોખો સંગમ: સંતાન પ્રાપ્તિ કરાવનાર અદભુત વ્રત**

શ્રાવણ સુદ નોમના પવિત્ર દિવસે ઉજવાતું નોળી નોમનું વ્રત સંતાન પ્રાપ્તિની ઈચ્છા રાખતી મહિલાઓ તેમજ પોતાના સંતાનના સુખ, સમૃદ્ધિ અને દીર્ઘાયુ માટે માતાઓ દ્વારા કરવામાં આવે છે. નોળિયાની પૂજા સાથે જોડાયેલા આ વ્રતનું ધાર્મિક અને લોકઆસ્થામાં વિશેષ સ્થાન છે.

નવનાથ ધામના વર્તમાન ગાદીપતિ **પ. પૂ. શ્રી છોટેદાદા** એમના ગુરુદેવ **બ્રહ્મલીન પ. પૂ. શ્રી સાનેદાદા** દ્વારા આરંભ કરાયેલી નોળી નોમની પૂજા સ્વયં કરાવે છે. વ્રતમાં દૂર દૂરથી ભક્તો ભાગ લેવા આવે છે જેમાં સંતાન પ્રાપ્તિ ની અભિલાષા સાથે સ્ત્રીઓ ખાસ અહીં આવે છે. અહીં ૧૫૦૦-૨૦૦૦ સ્ત્રીઓ દર વરસે આવી આખો દિવસ ઉપવાસ કરી, નોળિયાની પૂજામાં ભાગ લઇ, બાળક માટેની માનતા રાખે છે અને ભંડારાનો પ્રસાદ ગ્રહણ કરે છે. ભંડારામાં મિકસ કઠોળ(વૈઢું), રોટલા, કાકડીનું કચુંબર, તેલ, લીંબુ, પાણીચા મરચાંનો પ્રસાદ આપવામાં આવે છે. **નવનાથ ધામની નોળીનોમની પૂજાનું સત એટલુ છે કે અહીં આવેલી સ્ત્રીઓને સંતાન પ્રાપ્તિ થયાના ચમત્કારો પ્રચલિત છે.** બાળકોની માતા બનેલી સ્ત્રીઓ બીજા વરસે બાળકને લઈને નોળિયા પાસે માનતા ઉતારવા અને ગુરુદેવના દર્શન અને આભાર વ્યક્ત કરાવવા જરૂર આવે છે.




**તા. ૨૧/૦૮/૨૦૨૬, શુક્રવાર**

**નોળિયા પૂજન : સવારે ૧૦ : ૩૦ કલાકેથી**

**મહાભંડારો : બપોરે ૧૨:૩૦ કલાકેથી**

**સ્થળ : શ્રી નવનાથ ધામ, બીલીમોરા, ગુજરાત**

**રક્ષાબંધન નિમિત્તે નવનાથ ધામની પ્રખ્યાત કાજુ કતરી પ્રસાદ રાહતદરે મળશે.**

**OWNER :** Sheetal Publication, **PRINTER AND PUBLISHER : Mrs. Manjulaben N. Ukani**, **Printed at** Sheetal Publication, Plot No. 2505, 3rd Phase, GIDC, VAPI. - 396195 & **Published at** Sheetal Publication,1st Floor, Shiv Krupa, B/h. Ashadham High School, N.H.8, Vapi, Dist.: Valsad, Pin - 396 191, **Editor : Mrs. Manjulaben N. Ukani**